30th ANNIVERSARY

પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૬-૦૧-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# હાઈકોર્ટ સહિત રાજ્યની ૬ કોર્ટને RDXથી ઉડાવી દેવાની ધમકી

## અદાલત પરિસરમાં પ્રવેશબંધ, ક્રાઈમ બ્રાન્ચ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ ટીમ દ્વારા સઘન તપાસ : કોર્ટની કામગીરી ખોરંભે

**અમદાવાદ, તા. ૦૬**

આજે હાઈકોર્ટ તથા રાજ્યના વિવિધ શહેરોની લોઅર કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. જેમાં સુરત, આણંદ, રાજકોટ, અમદાવાદ અને ભરૂચની લોઅર કોર્ટને RDXથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ ધમકી LLTE(લિબરેશન ટાઈગર ઓફ તમિલ ઈલમ) દ્વારા આપવામાં આવી છે. તેમજ તમામને એક જ પેટર્નથી આ ધમકીઓ આપી છે.

સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટને મોડી રાતે ૨ વાગ્યે અંગ્રેજીમાં મેઈલ કરી RDXથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની વિગત એવી છે કે, કોર્ટના ઓફિશિયલ મેઈલ આઈડી પર વહેલી સવારે એક ધમકીભર્યો સંદેશો આવ્યો હતો. જ્યારે કોર્ટના કર્મચારીઓએ સવારે ફરજ પર આવીને આ મેઈલ તપાસ્યો, ત્યારે તેમાં કોર્ટ બિલ્ડિંગને વિસ્ફોટકોથી ઉડાવી દેવાની ગંભીર ચેતવણી લખેલી હતી, જેનાથી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.



અમદાવાદ ગ્રામ્ય કોર્ટ બાદ આજે એટલે કે ૨૪ કલાકની અંદર વધુ એક કોર્ટને ધમકી મળી છે. અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના રજિસ્ટ્રી વિભાગને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. આ ધમકીને પગલે કોર્ટ કાર્યવાહી કરાઈ સ્થગિત કરવામાં આવી છે. તેમજ બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ સહિતની ટીમો કોર્ટમાં તપાસ કરી છે.

મેઈલની ગંભીરતાને ધ્યાને રાખીને કોર્ટ સ્ટાફ દ્વારા તાત્કાલિક પ્રિન્સિપલ જજને જાણ કરવામાં આવી હતી. જજ સાહેબે આ બાબતને અત્યંત સંવેદનશીલ ગણીને સમયનો સહેજ પણ બગાડ કર્યા વિના તુરંત જ પોલીસ વિભાગને મેઈલ વિશે વાકેફ કરવા અને કડક સુરક્ષા તપાસ હાથ ધરવા માટે આદેશ આપ્યા હતા. જજ સાહેબના આદેશ બાદ કોર્ટ પરિસરમાં પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું.

પોલીસને જાણ થતા જ સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને એસોજી

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હી જેએનયુમાં મોદી, અમિત શાહ વિરુદ્ધ ભારે નારાબાજી

### સુપ્રિમ કોર્ટે ઉમર અને શરજીલની જામીન અરજી ફગાવી દેતા વિદ્યાર્થીઓનું પ્રદર્શન

નવી દિલ્હી, તા. ૦૬

દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં દિલ્હી રમખાણોના આરોપી ઉમર ખાલિદ અને શરજીલ ઈમામના સમર્થનમાં સૂત્રોચ્ચારનો વીડિયો મંગળવારે સામે આવ્યો. વીડિયો ૩૫ સેકન્ડનો છે. તેમાં વિદ્યાર્થીઓ 'મોદી-શાહની કબર ખોદાશે, JNUની ધરતી પર' નારા લગાવતા અને ગાતા જોવા મળ્યા.

એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વિદ્યાર્થીઓ ઉમર ખાલિદ અને શરજીલ ઈમામની જામીન નામંજૂર થવાનો વિરોધ કરી રહ્યા હતા. વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ છે. જોકે, JNU સ્ટુડન્ટ્સ યુનિયનના અધ્યક્ષ અદિતિ મિશ્રાએ જણાવ્યું કે દર વર્ષે વિદ્યાર્થીઓ ૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ કેમ્પસમાં થયેલી હિંસાની નિંદા કરવા માટે વિરોધ પ્રદર્શન કરે છે. મિશ્રાએ ન્યૂઝ એજન્સી ને જણાવ્યું કે



વિરોધ પ્રદર્શનમાં લગાવવામાં આવેલા તમામ નારા વૈચારિક હતા અને કોઈના પર વ્યક્તિગત હુમલો નહોતા. તેઓ કોઈના માટે નિર્દેશિત નહોતા. દિલ્હી પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ પણ જણાવ્યું છે કે સૂત્રોચ્ચારના સંબંધમાં અત્યાર સુધી કોઈ ફરિયાદ મળી નથી.

JNU કેમ્પસમમાં PM મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર પર કોંગ્રેસ નેતા ઉદિત રાજે કહ્યું કે આ ગુસ્સો વ્યક્ત કરવાની એક રીત છે. ૨૦૨૦ના દિલ્હી રમખાણોના ષડયંત્રના કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય વિરુદ્ધ JNUમાં ગુસ્સો છે. ઉમર

અનુસંધાન પાના ૭ પર

# રાજસ્થાન, એમપીમાં કાતિલ ઠંડી શાળાઓમાં રજા જાહેર કરાઈ

### કેદારનાથમાં માઈનસ ૨૩ ડીગ્રી તાપમાન

નવી દિલ્હી, તા. ૦૬

દેશભરમાં ઠંડી સતત વધી રહી છે. પહાડી રાજ્યોમાંથી આવતી બર્ફીલી હવાઓને કારણે મેદાની રાજ્યોમાં ગાઢ ધુમ્મસ અને કોલ્ડવેવની અસર છે. ઠંડીને કારણે મધ્યપ્રદેશના ૨૪, રાજસ્થાનના ૨૦ જિલ્લાઓની સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે.

મધ્યપ્રદેશના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે છે. સોમવારે નૌગાંવ સૌથી ઠંડું રહ્યું. અહીં પારો ૧ ડિગ્રી નોંધાયો હતો. રાજસ્થાનના ૭ શહેરોમાં રાત્રિનું તાપમાન ૫ ડિગ્રીથી નીચે આવી ગયું. હિલ સ્ટેશન માઉન્ટ આબુ (સિરોહી) માં સતત ત્રીજા દિવસે તાપમાન શૂન્ય પર નોંધાયું.

આ તરફ, ઉત્તરાખંડનું મુનસ્યારી સોમવારે સૌથી ઠંડો વિસ્તાર નોંધાયો, જ્યાં લઘુત્તમ તાપમાન માઈનસ ૨૫ ડિગ્રી સુધી પહોંચી ગયું. કેદારનાથમાં ભારે હિમવર્ષા વચ્ચે તાપમાન માઈનસ ૨૩ પહોંચી ગયું. ઉત્તરકાશી સ્થિત ગંગોત્રીમાં માઈનસ ૨૧ ડિગ્રી તાપમાન નોંધાયું. અહીં પાણીની પાઈપલાઈનમાં બરફ જામી ગયો.

હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતિ જિલ્લાના તાબો અને જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગમાં સોમવારે રાત્રે વર્ષની અત્યાર સુધીની સૌથી ઠંડી રાત રહી. બંને જગ્યાએ લઘુત્તમ

અનુસંધાન પાના ૭ પર

# વેનેઝુએલામાં રાષ્ટ્રપતિ ભવન પાસે રાત્રે અંધાધૂંધ ગોળીબાર કરાયો

### લોકો હથિયાર લઈને રસ્તા પર ઉતરતા હિંસા ફાટી નિકળી

નવી દિલ્હી, તા. ૦૬

વેનેઝુએલા પર અમેરિકાના સૈન્ય ઓપરેશન બાદ ફરી એકવાર હિંસા જોવા મળી છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું છે કે સોમવાર, ૫ જાન્યુઆરીની મોડી રાત્રે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ ભવન પાસે ભારે ગોળીબાર થયો છે. એએફપીના રિપોર્ટ અનુસાર, સરકારના એક નજીકના સૂત્રએ જણાવ્યું કે મિરાફ્લોરેસ મહેલ ઉપર અજાણ્યા ડ્રોન ઉડી રહ્યા હતા અને આવી સ્થિતિમાં સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહીમાં રાત્રે ૮:૦૦ વાગ્યાની આસપાસ ગોળીબાર કર્યો. ખાસ વાત એ છે કે આ ગોળીબારની સ્થિતિ તે સમયે સર્જાઈ છે જ્યારે પદ પરથી હટાવવામાં આવેલા રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ડેપ્યુટી ડેલ્સી રોડ્રિગ્ઝે કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધાને થોડા કલાકો જ વીત્યા હતા.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલી ઘણી વીડિયો ક્લિપ્સમાં ભારે ગોળીબારનો અવાજ સંભળાઈ રહ્યો છે. આ સાથે આકાશમાં ટ્રેસર ફાયરની તસવીરો કેદ થતી જોવા મળી હતી. ટ્રેસર ફાયરની મદદથી વેનેઝુએલાની સેના તે અજાણ્યા ડ્રોનને તોડી પાડવાનો પ્રયાસ કરી રહી છે. ધ ગાર્ડિયનના રિપોર્ટ અનુસાર, હન્ટરબ્રુક મીડિયાના એક ઓપન-સોર્સ ઈન્વેસ્ટિગેટરે જણાવ્યું કે ગોળીબારની આ ઘટના

રાષ્ટ્રપતિ ભવનની બરાબર ઉત્તરમાં આવેલા એક વિસ્તારમાં બની હતી.

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને સોમવારે રાત્રે ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા. તેમણે કોર્ટમાં પોતાની વિરુદ્ધ લાગેલા ડ્રગ્સ અને હથિયારોની તસ્કરી સંબંધિત તમામ આરોપોનો ઈનકાર કર્યો.

CNN અનુસાર માદુરોએ અદાલતમાં પોતાની ધરપકડને ગેરકાનૂની ગણાવી અને કહ્યું કે મને અપહરણ કરવામાં આવ્યો છે. પ્રથમ સુનાવણીમાં માદુરોએ પોતાને નિર્દોષ ગણાવતા કહ્યું,

# પેટ્રોલ-ડીઝલના ભાવોમાં મોટો ઘટાડો થવાના સંકેત

### ભારમતાં પેટ્રોલ-ડિઝલ સસ્તા થશે તો મોંઘવારી ઘટશે

નવી દિલ્હી, તા. ૦૬

ખાદ્યચીજોથી માંડીને વિવિધ ચીજોમાં મોંઘવારીથી પિડાતી પ્રજાને મોટી રાહત મળી શકે છે. ક્રૂડતેલનો વૈશ્વિક ભાવ ઘટીને ૫૦ ડોલર થવાની અને તેના આધારે ભારતમાં પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડા સાથે મોંઘવારીમાં રાહત મળવાનું સ્ટેટ બેંકના રિસર્ચ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે.

હાલમાં આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રન્ટ ક્રૂડ ૧.૦૧ ડોલર વધીને ૬૧.૭૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યું છે. બીજી તરફ, WTI ક્રૂડ સામાન્ય ઘટાડા સાથે ૫૮.૨૯ ડોલર પર ટ્રેડ કરી રહ્યું છે. જોકે, એસબીઆઈ રિસર્ચનો અહેવાલ સૂચવે છે કે આગામી સમયમાં આ કિંમતોમાં મોટો ઘટાડો આવશે.

SBI રિસર્ચ ટીમે તેમના અહેવાલમાં આર્થિક પાસાઓનું વિશ્લેષણ કરતા જણાવ્યું છે કે, બ્રન?ટ ક્રૂડ અને ઈન્ડિયન બાસ્કેટ વચ્ચે ૦.૯૮નો મજબૂત સંબંધ છે, જેનો અર્થ એ થાય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રન્ટ ક્રૂડના ભાવ ઘટતા જ ભારત માટે ક્રૂડ ઓઈલ સસ્તું થઈ જશે.

આ ઘટાડો માત્ર ઈંધણ પૂરતો સીમિત નહીં રહે, પરંતુ તેલના ભાવમાં રાહત મળવાથી એકંદર મોંઘવારીમાં પણ ઘટાડો થશે, જે

અનુસંધાન પાના ૭ પર

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા ૧૮ દિવસોમાં ૬ હિન્દુઓને મારી નંખાયા

### સોમવારે રાત્રે નરસિંહી જિલ્લામાં હિન્દુ દુકાનદારને તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી વિતાવી દેવાયો

નવી દિલ્હી, તા. ૦૬

બાંગ્લાદેશના નરસિંદી જિલ્લામાં સોમવારે રાત્રે એક હિન્દુ દુકાનદારની તીક્ષ્ણ હથિયારના ઘા મારીને હત્યા કરવામાં આવી. મૃતકની ઓળખ ૪૦ વર્ષીય શરત ચક્રવર્તી મણિ તરીકે થઈ છે. સ્થાનિક મીડિયા મુજબ, છેલ્લા ૧૮ દિવસમાં આ છઠ્ઠા હિન્દુ વ્યક્તિની હત્યા છે. રિપોર્ટ અનુસાર, શરત ચક્રવર્તી મણિ પલાશ ઉપજિલ્લાના ચારસિંઘુર બજારમાં પોતાની કરિયાણાની દુકાન ચલાવી રહ્યા હતા. આ દરમિયાન અચાનક આવેલા અજાણ્યા હુમલાખોરોએ તેમના પર ધારદાર હથિયારોથી હુમલો કર્યો અને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા.

ગંભીર રીતે ઘાયલ મણિને હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા હતા, પરંતુ રસ્તામાં જ તેમનું મૃત્યુ થયું. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

સ્થાનિક મીડિયા અનુસાર, ૧૯ ડિસેમ્બરે મણિએ ફેસબુક પર એક પોસ્ટ લખીને દેશમાં વધતી હિંસા પર ચિંતા વ્યક્ત કરી હતી અને પોતાના વિસ્તારને મોતની ઘાટી ગણાવ્યો હતો. ૫ જાન્યુઆરીના રોજ જ જેસોર જિલ્લામાં પણ એક હિન્દુ વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મોનિરામપુર વિસ્તારમાં એક આઈસ ફેક્ટરીના માલિક રાણા પ્રતાપ બૈરાગીની જાહેરમાં હત્યા થઈ હતી. તેઓ કપલિયા બજારમાં આઈસ ફેક્ટરી ચલાવતા હતા અને દૈનિક 'બીડી ખબર' અખબારના કાર્યકારી સંપાદક પણ હતા.

રિપોર્ટ મુજબ, બાઈક પર સવાર ત્રણ હુમલાખોરો તેમને ફેક્ટરીમાંથી બહાર બોલાવીને એક ગલીમાં લઈ ગયા અને માથામાં નજીકથી ગોળી મારીને ફરાર થઈ ગયા. તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. બદમાશો ગોળી માર્યા બાદ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા. બાદમાં પોલીસે ઘટનાસ્થળેથી સાત ખાલી કારતૂસ જપ્ત કર્યા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. હત્યાના કારણોનો હજી ખુલાસો થયો નથી.

અનુસંધાન પાના ૭ પર

# લાંબા સમયથી બિમાર પૂર્વ કેન્દ્રીય મંત્રી કલમાડીનું નિધન

### પૂણેની દીનાનાથ હોસ્પિટલમાં સુરેશ કલમાડીએ અંતિમ શ્વાસ લીધા



પૂણે, તા. ૦૬

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા સુરેશ કલમાડીનું લાંબી બીમારી બાદ નિધન થયું. તેઓ ૮૧ વર્ષના હતા. કલમાડીને પુણેની દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમણે મંગળવારે સવારે લગભગ ૩:૩૦ વાગ્યે અંતિમ શ્વાસ લીધા. કલમાડીના સત્તાવાર કાર્યાલય અનુસાર, તેમનો પાર્થિવ દેહ બપોરે ૨ વાગ્યા સુધી કલમાડી હાઉસ, એરંડવણેમાં રાખવામાં આવશે. અંતિમ સંસ્કાર બપોરે ૩.૩૦ વાગ્યે વૈકુંઠ સ્મશાન, પુણેમાં થશે. સુરેશ શામરાવ કલમાડીનો જન્મ ૧ મે ૧૯૪૪ના રોજ થયો હતો. કલમાડી પુણે લોકસભા બેઠક પરથી ૨ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. રાજકારણની સાથે તેઓ રમતગમત પ્રશાસન માટે પણ જાણીતા હતા.

અનુસંધાન પાના ૭ પર

# લગ્ન જીવનમાં પણ બળબજરીને કોઈ સ્થાન નથી : ગુજરાત હાઈકોર્ટ

### પરણીત યુગલોમાં પણ પરસ્પરની સહમતી -સંમતી જરૂરી : કોર્ટ

અમદાવાદ, તા. ૦૬

લગ્ન જીવનમાં બળજબરીથી જાતીય સંબંધ એ દુષ્કર્મ ગણી શકાય કે કેમ તે અંગે સુપ્રીમકોર્ટમાં પણ લાંબા સમયથી આ મુદો એરણ પર છે અને અનેક ચુકાદા અંગે બળજબરી આચરનાર પતિને આ પ્રકારે દુષ્કર્મના આરોપમાંથી મુક્તી અપાઈ છે.

તે સમયે ગુજરાત હાઈકોર્ટે એક મહત્વના ચૂકાદામાં પરણીત યુગલમાં પણ આ પ્રકારેના શારીરિક સંબંધોમાં સહમતી જરૂર હોવાનો ચુકાદો આપીને લગ્નજીવનમાં પણ કોઈ બળજબરીને સ્થાન નથી તે સ્થાપીત કર્યુ છે. હાઈકોર્ટ આ પ્રકારે પત્નીને અકુદરતી સંબંધો બાંધવાની ફરજ પાડનાર વ્યક્તિની જામીન અરજી ફગાવી હતી.

હાઈકોર્ટે પોતાના ચુકાદામાં નિરીક્ષણ દર્શાવ્યું હતું કે જીવનસાથીને અકુદરતી સંબંધો માટે ફરજ પાડવી એ તેના માટે શારીરિક પીડા અને માનસીક અને લાગણીની દ્રષ્ટિએ પણ આઘાતની સ્થિતિ બની રહે છે. પત્નીએ આ પ્રકારે શારીરિક બળજબરી અને દહેજ સહિતના મુદે પતિ સામે દાખલ કરેલી ફરિયાદમાં હાઈકોર્ટે પતિની જામીન અરજી નકારી હતી. હાઈકોર્ટના ન્યાયમૂર્તિ દિવ્યેશ જોષીએ પોતાના ચુકાદામાં જણાવ્યું કે દશકાઓથી એમ માનવામાં આવી રહ્યું છે કે લગ્નજીવનથી જાતિય સંબંધોમાં આપોઆપ સંમતી મળી જાય છે. પરંતુ હાલનું આધુનિક સમયનું કાનુની માળખુ (મહિલાને) વ્યક્તિને તેના શરીર સંબંધી આઝાદીને માન્ય ગણે છે અને તે પણ લગ્નજીવનમાં પણ લાગું થાય છે. લગ્ન કરેલા યુગલ માટે શારીરિક સંબંધો સામાન્ય છે. પરંતુ તેમાં પણ પરસ્પરની સંમતીથી સન્માનપૂર્વકના હોવા જોઈએ. હાઈકોર્ટે આ

અનુસંધાન પાના ૭ પર

# જાપાનમાં વહેલી સવારે ૬.૨ની તિવ્રતાનો ધરતીકંપ

### શક્તિશાળી ભૂકંપથી ધરતી ધ્રુજતા લોકમાં ભય

નવી દિલ્હી, તા. ૦૬

જાપાનમાં આજે ફરી એકવાર જોરદાર ભૂકંપના ઝટકા અનુભવાયા છે. દેશના પશ્ચિમી તટ પર આજે મંગળવારે સવારે ભૂકંપના ઝટકા આવ્યા હતા, જેની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૬.૨ માપવામાં આવી હતી. આ તીવ્રતાના ભૂકંપ ખૂબ જ તેજ હોય છે અને નુકસાન થઇ શકે છે. જો કે હાલ આ ભૂકંપથી જાનમાલને નુકસાનની ખૂબર નથી. જો કે ભૂકંપ બાદ અસરગ્રસ્ત ક્ષેત્રોમાં લોકોમાં ભય ફેલાયો હતો. આ ભૂકંપની હાલ સુનામીની ચેતવણી નથી અપાઇ, આ ભૂકંપ સવારે શિમાને પ્રાંતમાં આવ્યો હતો. જાપાનની હવામાન વિજ્ઞાન એજન્સી (જેએમએ)એ નિવેદનમાં જણાવ્યું છે કે આ ભૂકંપ સવારે શિયોને પ્રાંતમાં અનુભવાયા હતા. સુનામીની કોઇ ચેતવણી નથી. પ્રારંભિક અહેવાલોમાં નુકસાનના કોઇ વાવડ નથી. ઉલ્લેખનીય છે કે જાપાન પ્રશાંત મહાસાગરના રિંગ ઓફ ફાયર પાસે ચાર મુખ્ય ટેકટોનિક પ્લેટો પર આવેલ છે, આ કારણે ત્યાં અવાર-નવાર ભૂકંપ આવે છે.

# ઈરાનમાં જનતાનો હિંસક વિદ્રોહ અત્યાર સુધી ૩૫ લોકોનાં મોત

### ઈરાનમાં સુપ્રીમો ખામેની રશિયા ભાગવાની ફિરાકમાં હોવાનો અહેવાલ




નવી દિલ્હી, તા. ૦૬

આર્થિક સંકટનો સામનો કરી રહેલા ઈરાનમાં જનતાનો વિદ્રોહ શાંત થવાના કોઈ સંકેત દેખાતા નથી. એપીના અહેવાલ મુજબ, ઈરાનમાં વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસામાં મૃત્યુઆંક ઓછામાં ઓછો ૩૫ થઈ ગયો છે. અને વિરોધ પ્રદર્શનો બંધ થવાના કોઈ સંકેત દેખાતા નથી.

ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામેનીએ જો દેશમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને સુરક્ષા દળો રોકી ન શક્યા તો રશિયા ભાગી જવાનો પ્લાન કર્યો છે.

બ્રિટિશ અખબાર 'ધ ટાઈમ્સ'ને મળેલી એક ગુપ્ત રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, ૮૬ વર્ષના ખામેની પોતાના પુત્ર અને ઉત્તરાધિકારી મોજતબા સહિત

અનુસંધાન પાના ૭ પર

# તમામ ટ્રેડ યુનિયનો ગેરકાયદે હોવા અંગે પુરાવા રજૂ કરવાની માંગણી

## કામદાર નેતા વિજય શેણમારેનો ખુલ્લો પડકાર

સુરત, તા.૬

ડેપ્યુ.મ્યુનિ. કમિશનર નિધિ સિવાચ પુરાવો જાહેર કરી પુરવાર કરે કે મનપમાં કાર્યરત તમામ ટ્રેડ યુનિયનો ગેરકાયદે છે.ગુજરાત સરકારમાંથી સુરત મહાનગરપાલિકામાં ત્રણ વર્ષ માટે આવેલા ડેપ્યુ. મ્યુનિ. કમિશનર નિધિ સિવાચ ડેપ્યુટેશન ઉપર આવેલા છે. તેઓ સુરત મહાનગરપાલિકાના વહીવટી વડા મ્યુનિ. કમિશનર શાલીની અગ્રવાલના હાથ નીચે ફરજ બજાવી રહ્યા છે હાલમાં તેઓ મધ્યસ્થ મહેકમનો ચાર્જ સંભાળી રહ્યા છે.

છેલ્લા એક માસથી નિધિ સિવાચ ધુપ્પલ ચલાવી રહ્યા છે કે સુરત મહાનગરપાલિકામાં કાર્યરત ૨૫ ટ્રેડ યુનિયનો ગેરકાયદે છે. શહેરની આમ જનતાને તથા મનપાના કામદાર કર્મચારીઓને ગુમરાહ કરવાની કોશિશ કરી રહ્યા છે. તમામ યુનિયનો પાસેથી યુનિયનના રજીસ્ટ્રેશન બાબતે તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ માંગ્યા હતા તે તમામ પુરાવાઓ પણ નિધિ મેડમ ને આપી દીધા છતાં કોર્પોરેશન ફાળવેલ ઓફિસોનો કબજો પાછો લઈ લીધેલ છે. પરંતુ તેનાથી કાયદેસરની ટ્રેડ યુનિયન પ્રવૃત્તિ પર કોઈ રોક લાગતી નથી. સુરત મનપાના કાર્યરત તમામ ટ્રેડ યુનિયનો કામદારોનુ પ્રતિનિધિત્વ કરે છે. એમના હકક, અધિકારો માટે શોષણના વિરોધમાં માનપાના સક્ષમ સત્તાધારીઓ સમક્ષ સરકારી લેબર ડિપાર્ટમેન્ટ સમક્ષ તથા જરૂર પડે નામદાર કોર્ટોમાં ન્યાય મેળવવા જાય છે.

તાજેતરમાં સુરત મનપાના કેટલાક કામદારોને નિધિ મેડમ ધ્વારા બઢતી આપવાના હુકમ થયા હતા. કાયદાની ઉપરવટ જઈને તથા આ બાબતે ગુજરાત હાઈકોર્ટમાં મેટર સબ જ્યુડિશ હોવા છતાં અને તેમની જાણકારીમાં હોવા છતાં કોર્ટ ધ્વારા ન્યાય નિર્ણય આપવાનો બાકી હોવા છતાં કોર્ટની પૂર્વ મંજૂરી વગર બઢતી અંગેના કચેરી હુકમ કરી દેતા કોર્ટનું અપમાન (કન્ટેમપટ ઓફ ધી કોર્ટ) થતા સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળે હાઈકોર્ટમાં ફરિયાદ કરતા ગુજરાત હાઈકોર્ટના જજ સાહેબે નિધિ મેડમ સામે કન્ટેમપટ ઓફ ધી કોર્ટની કાર્યવાહી કેમ ન કરવી તે બાબતે રૂબરૂમાં ખુલાસો આપવા નિધિ મેડમને હાઈકોર્ટ સમક્ષ હાજર રહેવાનો ઓર્ડર કરતા કાયદાની ઉપરવટ જઈ કર્મચારીઓને આપવામાં આવેલા બઢતીના ઓર્ડરને તાત્કાલિક ૨૪ કલાકમાં રદ કરવા તથા તેના પુરાવા સહિતની જાણ કોર્ટને કરવા હુકમ ફરમાવ્યો

અનુસંધાન પાના ૭ પર




# અંકલેશ્વરમાં ૯૨ કૃત્રિમ અંગોનું વિતરણ કરાયું

## ઓએનજીસી કમ્યુનિટી સેન્ટરમાં શિબિર યોજાયો

અંકલેશ્વર, તા.૬

ONGC કોમ્યુનિટી સેન્ટર, અંકલેશ્વર ખાતે આયોજિત કૃત્રિમ અંગદાન પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ થયો. આ માનવતાવાદી અને અત્યંત જરૂરી પ્રોજેક્ટ હેઠળ કુલ ૯૨ કૃત્રિમ અંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૬૫ પગ (લેગ્સ) અને ૨૭ હાથ (હેન્ડ્સ)નો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ દ્વારા અનેક દિવ્યાંગ લાભાર્થીઓને નવી આશા અને આત્મનિર્ભર જીવન તરફ આગળ વધવાનો માર્ગ મળ્યો.આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે GPCB પ્રાદેશિક મેનેજર ડો. જિજ્ઞાસા ઓઝા અને ONGC નાં એસેટ મેનેજર સુકાનંદનજી હાજર રહ્યાં હતાં. ઉપરાંત સંસ્થાનાં પ્રેસિડેન્ટ પંકજ ભરવાડા, માનદ સચિવ વિપિનકુમાર નાયર, પ્રોજેક્ટ ચેરમેન ડૉ. વિશાલ મોદી, પી.પી. મનીષ શ્રોફ, ડૉ. પ્રણવ તેમજ અન્ય અનેક રોટરીયન્સ હાજર રહ્યાં હતાં. તમામ મહેમાનો અને સભ્યોએ પ્રોજેક્ટની સફળતા માટે સહકાર આપ્યો અને આ સેવા કાર્યને બિરદાવ્યું. આ કૃત્રિમ અંગદાન પ્રોજેક્ટ સમાજ પ્રત્યેની સંવેદના અને સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે અને ભવિષ્યમાં પણ આવા અનેક માનવતાવાદી પ્રોજેક્ટો હાથ ધરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી.

# ગ્રામ્ય વિસ્તારોના ખેતરોમાં ઘન કચરાના નિકાલની તપાસ કરાવો

## દર્શન નાયક દ્વારા સુરત કલેક્ટર સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત

સુરત, તા.૬

સુરત શહેરને છેલ્લા ત્રણ વર્ષના "નંબર–૧ રેન્કિંગના દાવાઓની પુનઃચકાસણી સાથે — સુરત, નવસારી અને અંકલેશ્વર તાલુકાના ગ્રામ્ય / કૃષિ વિસ્તારોમાં ઓફ–સાઈટ કચરો ડમ્પિંગ અંગે સ્વતંત્ર બહુ–સ્થળીય તપાસ, ટ્રાન્સપોર્ટ–ઓડિટ, ફરિયાદ નોંધણી અને જવાબદારી નિર્ધારણ કરવા બાબતે કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી દર્શન નાયક દ્વારા સુરત કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓને કરાયેલી ફરિયાદમાં જણાવાયું છે કે, સુરત જિલ્લાના મહુવા તાલુકાના કાંકરિયા ગામે દસ્તાવેજો અને મેદાની તપાસ મુજબ GJ-05-AV-9579, GJ-05-AV-9579 અને GJ-05-AV-9579 જેવા નંબરોના વાહનો દ્વારા કાંકરિયા ગામે કૃષિ વિસ્તારમાં પર્યાવરણ અને માનવ આરોગ્યને નુકસાન કારક કચરો ડમ્પ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પણ સદરહુ વાહનોના ટ્રિપ–રૂટ ટ્રેસિંગ કરવું જરૂરી.જેથી માલૂમ પડે કે કયા કયા આવો કચરો દંપ કરવામાં આવેલ છે. હાલની કાર્યવાહી માત્ર "કાંકરિયા વિસ્તારમાં પડેલું કચરું ઉઠાવવાની યોજના" સુધી મર્યાદિત છે, જે તાત્કાલિક નિરાકરણ છે.

વધુમાં ઉપરોક્ત વાહન નંબરો સાથે જોડાયેલા રેકોર્ડ મુજબ GPCB દ્વારા ખજોડ ખાતે નોંધાયેલી Out-Entryમાં સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું છે કે કચરો Surat Municipal Croproation (SMC)ની ટ્રાન્સપોર્ટ ચેન સાથે સંકળાયેલો છે.કચરો SMC disposal / transfer point પરથી જ લિફ્ટ થયો છે.આથી કાંકરિયા નજીક પડેલા કચરા અને ખજોડથી જતા કચરા વચ્ચે દસ્તાવેજિત linkage પુરવાર થાય છે.આ પુરાવા તથ્ય આધારિત, રેકોર્ડ આધારિત અને જવાબદારી નિર્ધારણ માટે concrete evidence છે. વધુમાં માહિતી મુજબ વિભાગીય માહિતી અને મેદાની સંકેતો મુજબ, સમાન પ્રકારનું ઓફ–સાઈટ ડમ્પિંગ લાંબા સમયથી ચાલી રહ્યું છે અને બહુવિધ થયું છે તેમજ સંગઠિત રીતે કરવામાં આવ્યું છે. જેથી અન્ય ૧૦–૧૨ ગ્રામ્ય સ્થળોનું site-mapping, sampling અને ઉઠાંતર થશે કે કેમ ? ત્યાંના માટી, જમીન અને પાણીના પરીક્ષણો હાથ

અનુસંધાન પાના ૭ પર




# ૧૫ જેટલી ક્રેડીટ ગેરન્ટી સ્કીમ ઉદ્યોગકારો માટે લાભકારક છે

## SGCCI દ્વારા MSME એકમો માટે 'ક્રેડિટ ગેરંટી સ્કીમ્સ' પર કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ (NCGTC) અને બેંક ઓફ બરોડાની સાથે મળીને શનિવાર, તા. ૩ જાન્યુઆરી , ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાકે ઉષાકાંત કે. મારફતિયા હૉલ, સરસાણા, સુરત ખાતે 'ક્રેડિટ ગેરંટી સ્કીમ્સ' વિષય પર એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સ્જીસ્ઈ એકમો, નિકાસકારો અને સ્ટાર્ટ-અપ્સને સરકાર દ્વારા સંચાલિત ક્રેડિટ ગેરંટી માળખા વિશે માહિતગાર કરી નાણાકીય સુલભતા વધારવાનો હતો.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે ચેમ્બર, સુરત અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય મંચ મળે અને નિકાસ વધે એ માટે પ્રયત્નશીલ છે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ (NCGTC), મુંબઈના CEO અને હોલ-ટાઈમ ડિરેક્ટર શ્રી દુર્ગેશ પાંડે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ સરકારી ક્રેડિટ ગેરંટી યોજનાઓ વિશે વિસ્તૃત જાણકારી આપતા જણાવ્યું હતું કે, યોગ્ય માહિતીના અભાવે અનેક નાના ઉદ્યોગસાહસિકો ધિરાણથી વંચિત રહી જાય છે, જેમને આ યોજનાઓ દ્વારા સરળતાથી લોન મળી શકે છે. તેમણે કહ્યું કે અત્યારે ૧૫ જેટલી ક્રેડિટ ગેરંટી સ્કીમ છે. આમાંથી ૩ યોજનાઓ સુરતના ઉદ્યોગકારો માટે ખાસ મહત્વની છે. પહેલી છે નિકાસકારો માટેની યોજનાઃ અમેરિકી ટેરિફને લીધે આ યોજના લાવવામાં આવી. તેમાં ૧૦૦% ક્રેડિટ ગેરંટી સરકાર આપે છે. સરકાર ૨૦૦૦૦ કરોડ સુધીનો સપોર્ટ આપવાની છે. બીજી છે એમએસએમઈ માટે મ્યુચ્યુઅલ

અનુસંધાન પાના ૭ પર

# શિક્ષક રાજેશ ધામેલિયાનો સાહિત્ય સાધના એવોર્ડ અર્પણ



## ગુજરાત રાજ્ય એવોર્ડી ટીચર્સ ફેડરેશન દ્વારા સન્માન

સુરત, તા.૬

ગુજરાત રાજ્ય (રાજ્ય અને રાષ્ટ્રીય) ઍવૉર્ડી ટીચર્સ ફેડરેશનના વાર્ષિક શૈક્ષણિક અધિવેશન અને સન્માન સમારોહ આનંદ નિકેતન સ્કૂલ -સુઘડ, ગાંધીનગર ખાતે તા.૦૫-૦૧-૨૦૨૬ના રોજ યોજાયું. આ પ્રસંગે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ઍવૉર્ડ પ્રાપ્ત કરનાર શિક્ષકો સાહિત્ય, કલા, ટૅક્નોલૉજી વિશેષ પ્રદાન કરી રહ્યા છે તેમને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા.

આ અવસરે શ્રી રાજેશકુમાર વશરામભાઈ ધામેલિયાને જાણીતા સાહિત્યકાર શ્રી રતિલાલ બોરીસાગરસાહેબ અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ટી. એસ. જોશીસાહેબના વરદ હસ્તે 'સાહિત્યસાધના પારિતોષિક' પ્રાપ્ત થયું. તેઓ સુરતના જાણીતા અખબાર 'ધબકાર'માં છેલ્લાં અગિયાર વર્ષથી 'શબ્દસરિતા' અને રાજકોટથી પ્રકાશિત 'અગ્ર ગુજરાત'માં બે વર્ષથી 'શબ્દસાધના' કૉલમ લખે છે. 'ધર્મનંદન શબ્દતીર્થ'નું છેલ્લાં તેર વર્ષથી સંપાદન કરે છે. અખબારો અને સામયિકોમાં એમના ૮૦૦થી વધારે લેખો પ્રસિદ્ધ થયા છે, વિવિધ ચૅનલોમાં 'માતૃભાષા' અંગેના એમના કાર્યક્રમો પ્રસારિત થયા છે. એમણે 'સાચી જોડણી લાગે વહાલી' અને 'ભાષા સજ્જતા' પુસ્તિકાઓનું સંપાદન કર્યું. આ પુસ્તિકાઓ ૩,૫૦,૦૦૦થી વધારે લોકોએ વસાવી છે. 'બાળકેળવણી', 'ગૌરવવંતાં પથદર્શકો', 'ગૌરવશાળી ગુજરાતીઓ' વગેરે પુસ્તકો પ્રકાશિત થયાં છે. એમના સાહિત્ય ક્ષેત્રના પ્રદાનની નોંધ લઈને આ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે માનનીય શ્રીમતી રિવાબા જાડેજા (રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી શ્રી, ગુજરાત રાજ્ય), શ્રી કુબેરભાઈ ડિંડોર (પૂર્વ કેબિનેટ શિક્ષણમંત્રીશ્રી), માનનીય શ્રી શ્રી કમલ મંગલજી અને શ્રી વિવેકભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિતિ રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ફેડરેશનના પ્રમુખ શ્રી શૈલેષભાઈ પટેલ, મહામંત્રી શ્રી સંજયભાઈ પટેલ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. શ્રી રાજેશકુમાર ધામેલિયા શિક્ષણકાર્યની સાથે માતૃભાષા

અનુસંધાન પાના ૭ પર

# શ્રી પુરુષોત્તમ પ્રા. શાળામાં રંગારંગ વાર્ષિક મહોત્સવ



## વિદ્યાર્થીઓએ રામાયણની અદ્દભૂત કૃત્રિ રજૂ કરી

સુરત, તા.૬

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત શ્રી પુરુષોત્તમજી પ્રાથમિક શાળા ક્રમાંક-૩૦૧પી.એમશ્રી-ગુજરાત માં વાર્ષિક ઉત્સવ કાર્યક્રમ સંસ્કૃતિની રંગત રંગોત્સવ કાર્યક્રમની ઉજવણી તારીખ ૦૧-૦૧-૨૦૨૬ ગુરુવારના રોજ આથમતી સંધ્યાના રંગો સાથે યોજયો હતો. કાર્યક્રમની શુભ શરૂઆત મહેમાનો, દાતાશ્રી,શાળાના વાલીશ્રીઓ તથા અમારા લોકલાડીલા આચાર્યશ્રી છાયાબેન દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. બાલવાટિકાથી ધોરણ - ૮ સુધીનાં કુલ - ૩૬૨ બાળકોએ સુંદર અને ખૂબ જ આકર્ષક કૃતિઓ રજૂ કરી તથા શાળાના વાલીમિત્રો દ્વારા "દીકરી મારી લાડકવાઈ" ખૂબ સરસ મજાની કૃતિ રજૂ કરી તથા આપણી સંસ્કૃતિની ધરોહર સમાન "રામાયણ" ની કૃતિઓએ એ ખુબ જ આકર્ષણ જમાવ્યું હતું. અન્ય કૃતિઓ પણ ખુબ જ સુંદર હતી.

આચાર્યશ્રી શ્રીમતી છાયાબેન પાવાગઢીએ મહેમાનોનું શબ્દો તથા તુલસીનો છોડ દ્વારા સ્વાગત કરી શાળાની પ્રગતીની સિધ્ધિઓ જેવી કે પી.એમશ્રી ની સમજ, શાળાની અનેકવિધ પ્રવૃત્તિઓ, મિલેટરીની

અનુસંધાન પાના ૭ પર



# વહેલી સવારે મહુવા રોડ ઉપર સાયકલ સવારો ઉમટી પડયા

## સાવરકુંડલામાં સાયકલોથોન ૧૦૦૦ સાયકલ સવારોએ ભાગ લીધો

સુરત, તા.૬

સાવરકુંડલા શહેરમાં ગતરોજ ભવ્ય સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અંદાજે ૧૦૦૦થી વધુ સાયકલ સવારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વહેલી સવારે મહુવા રોડ ઉપર સાયકલ સવારો ઉમટી પડતા શહેરમાં ઉત્સવમય માહોલ સર્જાયો હતો. આ સાયકલોથોનમાં કુલ ૫ કેટેગરીમાં ત્રણ કિલોમીટરની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક કેટેગરીમાં પ્રથમ ત્રણ ક્રમે આવેલ વિજેતાઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ સાયકલોથોનનું આયોજન કેતનભાઈ ખુમાણ અને તેમની ટીમ દ્વારા સતત છેલ્લા ૧૨

અનુસંધાન પાના ૭ પર

# નવી સિવિલ ખાતે નિર્વા હર્ષ સંઘવીના જન્મ દિવસની સેવાસભર ઉજવણી

## બાળકોને રમકડાં, બિસ્કીટ તેમજ ધાત્રીઓને બ્લેન્કેટ અને હાઈજેનીક કીટનું વિતરણ

સુરત, તા.૬

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની દીકરી નિર્વા સંઘવીએ નવી સિવિલ ખાતે જન્મદિનની સેવાસભર ઉજવણી કરી હતી. તેમણે સિવિલમાં દાખલ બાળ દર્દીઓને રમકડા, બિસ્કીટ તેમજ ધાત્રીઓને બ્લેન્કેટ, હાઈજેનીક કીટ અને ૬ મહિનાના શિશુઓ માટે કપડાંની કીટનું વિતરણ કર્યું હતું. સાથે જ પ્રથમ વખત ડિસ્ટ્રોફીના બાળ દર્દીને અદ્યતન ઈલેક્ટ્રિક વ્હીલચેર(EV) તેમજ ફેશિયલ પાલ્સીના બાળ દર્દીઓને ટોર્ચ પ્રોજેક્શન એજ્યુકેશન કીટ અર્પણ કરવામાં આવી હતી.



નિર્વા સંઘવીએ અન્ય બાળકો સાથે ફુગ્ગા અને ભેટ વિતરણ કરી હર્ષભેર જન્મદિવસની ઉજવણી કરી હતી. નાની ઉંમરે કરેલું આ સેવાકાર્ય અનેક બાળકો માટે પ્રેરણારૂપ છે. જન્મદિવસની ઉજવણી કરતા નિર્વાએ જણાવ્યું કે, મારા પરિવાર અને બાળ દર્દીઓ સાથેનું આ સેલિબ્રેશન ખુબ સ્પેશિયલ છે. તેઓને ખુશ જોઈને મને પણ ખુબ આનંદ થાય છે.

આ અવસરે નર્સિંગ કાઉન્સીલના ઈકબાલ કડીવાલાએ કહ્યું કે, નવી પેઢીમાં સારા સંસ્કારોનું સિંચન માં-બાપ અને પરિવાર માટે ખુબ મોટી જવાબદારી છે. ત્યારે નાની ઉંમરે કરાયેલું સેવાકાર્ય બાળકોમાં દયા અને સહિષ્ણુતાનો ભાવ કેળવે છે. તેમજ તેમને ભવિષ્યમાં સારા કામ કરવા પ્રેરણા આપે છે. ઉલ્લેખનીય છે કે દર વર્ષે નાયબ મુખ્યમંત્રી અને તેમનો પરિવાર જન્મદિન સહિતના શુભ અવસરે જરૂરીયાતમંદ દર્દીઓ સાથે સેવાસભર ઉજવણી કરે છે. આ પ્રસંગે નવી સિવિલ સુપ્રિ. ડૉ.ધારિત્રી પરમાર, આર.એમ.ઓ ડૉ. કેતન નાયક, નર્સિંગ સુપ્રિ. સર્વશ્રી જીગીષા શ્રીમાળી અને સ્ટેફી મેકવાન સહિત નર્સિંગ ટીમના નિલેશ લાઠીયા, જગદીશ બુહાં, વીરેન પટેલ, સંજય પરમાર, વિભોર ચુગ અને ચેતન આહીર હાજર રહ્યા હતા.

# કચ્છ જિલ્લાના યુવાનો સુરતના ઉદ્યોગોની મુલાકાતે

## 'મેરા યુવા ભારત' દ્વારા આંતર જિલ્લા યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ

સુરત, તા.૬

કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય સંચાલિત 'મેરા યુવા ભારત' સુરત દ્વારા ૫ દિવસીય 'આંતર જિલ્લા યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ'ની શરૂઆત થઈ છે. 'યુવાનો દ્વારા વિચાર વિનિમય, રાષ્ટ્રીય એકતા તરફ એક પગલું' થીમ હેઠળ આયોજિત કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના સરહદી જિલ્લા કચ્છના યુવા પ્રતિનિધિઓ સુરતના મહેમાન બન્યા છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સુરત અને કચ્છ જિલ્લા વચ્ચે સંસ્કૃતિ, અનુભવ અને નૂતન વિચારોનું આદાન-પ્રદાનનો છે.

શૈક્ષણિક પ્રવૃત્તિઓના ભાગરૂપે કચ્છના યુવા પ્રતિનિધિઓને સુરતની અગ્રણી ઔદ્યોગિક સંસ્થાઓ અદાણી પોર્ટ તથા હરે કૃષ્ણ ડાયમંડની મુલાકાત લીધી હતી. આ દરમિયાન યુવાનોએ બંદર વ્યવસ્થાપન, વૈશ્વિક વેપારની પદ્ધતિઓ, હીરા ઉદ્યોગની આધુનિક પ્રોસેસિંગ ટેક્નોલોજી અને આ ક્ષેત્રમાં રહેલી રોજગારની વિપુલ તકો વિશે તકનીકી માર્ગદર્શન મેળવ્યું હતું. જેથી યુવાઓ ઉદ્યોગ સાહસિકતા અને કારકિર્દીની નવી દિશાઓ પ્રત્યે વધુ જાગૃત બને.નોંધનીય છે કે, કેન્દ્ર સરકારની "એક ભારત, શ્રેષ્ઠ ભારત" સંકલ્પનાને સાકાર કરતા આ કાર્યક્રમ દ્વારા વિવિધ ભૌગોલિક પૃષ્ઠભૂમિ ધરાવતા યુવાનોને એક મંચ પર લાવી તેમની વચ્ચે પરસ્પર સંવાદ અને

અનુસંધાન પાના ૭ પર



**સુરતના અડાજણમાં આયોજિત હાથસાળ મેળામાં પોતાની આગવી કલા રજૂ કરતી સુરતની આર્કિટેક્ટ યુવતીએ બનાવેલ કલાત્મક ઓનર્મિન્ટ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. હસ્તકલાને અપનાવી આત્મનિર્ભર બની અન્ય યુવતીઓને નવો રાહ ચીંધતી સુરતની દીકરીએ પરંપરાગત દોરાનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલા કલાત્મક ઓનર્મિન્ટ્સ સુરતીઓએ ઉત્સાહભેર ખરીદી કરી હતી.**

# મરીન ટાસ્ક ફોર્સ દ્વારા દરિયાઈ સુરક્ષા માટે પેટ્રોલિંગ

## ગણદેવી તાલુકાના ફિશ લેન્ડીંગ સેન્ટર ભાટ વિસ્તારમાં તકેદારીના પગલા

નવસારી, તા.૬

નવસારી જિલ્લામાં દરિયાઈ સુરક્ષાની તકેદારી અંતર્ગત આંતકવાદી પ્રવૃત્તિઓ અટકાવવા તેમજ કાંઠા વિસ્તારમાં શંકાસ્પદ વ્યકિતઓની હિલચાલ તેમજ દરિયાકાંઠા વિસ્તારમાંથી મળી આવતા શંકાસ્પદ બોટ, ડ્રોન, ડ્રગ્સ પેકેટ્સ, બેગ તેમજ કેફી પદાર્થોની હેરાફેરી અટકાવવા અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, એ.ટી.એસ., કોસ્ટલ સિકયુરીટી અમદાવાદ, પોલીસ મહાનિરીક્ષકશ્રી દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સ, ગાંધીનગર અને પોલીસ અધિક્ષક હજીરા, સુરતના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેકટર શ્રી યુ.જે.પટેલ તેમજ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી એ.જે.ગામિત તેમજ મરીન કમાન્ડો ટીમ દ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલીગનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે અન્વયે નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના દરિયાઈ વિસ્તાર ફિશ લેન્ડીગ સેન્ટર ભાટ વિસ્તાર ફુટ પેટ્રોલીગ દ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલીગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સઘન કોસ્ટલ

અનુસંધાન પાના ૭ પર



**અડાજણના ખાતે યોજાયેલા હાથસાળ અને હસ્તકલા મેળામાં શિયાળાની ફૂલ ગુલાબી ઠંડીમાં કચ્છના પિતા-પુત્રની જોડીનું હાથવણાટની કચ્છી શાલનો રજવાડી ઠાઠ જોવા મળ્યો હતો. કચ્છી શાલ સુરતીલાલાઓમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. હાથવણાટની કળાએ કચ્છની ભાતીગળ સંસ્કૃતિ જીવંત કરી છે. વિદેશી બનાવટના ગરમ કપડાંમાં સ્વેટર, મફલર, જેકેટ સરખામણીએ કચ્છી શાલ પહેરનારને ખરા અર્થમાં 'રજવાડી' લુક આપે છે. કલા અને સંસ્કૃતિના ચાહક ગણાતા સુરતીલાલાઓ સ્વદેશી અને હાથે વણેલી કચ્છી શાલની પસંદગી કરી રહ્યા છે.**




# નોઘણવદર શાળાના ૧૫૦મા સ્થાપના દિવસની ભાવપુર્ણ ઉજવણી

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

ભાવનગરના પાલીતાણા તાલુકાના નોઘણવદરની પ્રા. શાળાના ૧૫૦ વર્ષ પૂર્ણ થતા કલેકટર શ્રી મનિષ બંસલના અધ્યક્ષસ્થાને સુંદર કાર્યક્રમનુ તા. ૩/૧/૨૬ શનિવારે આયોજન કરવામાં આવ્યું.જેમાં શાળાના ભૂતપૂર્વ શિક્ષકોનુ સન્માન ગામના ઉધોગપતિઓ અને ગામના દાતાશ્રીઓનુ મોમેન્ટ અને શાલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યું.

શાળાના બાળકો દ્વારા વિવિધ વેશભૂષાઓ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામા આવ્યો. આ કાર્યક્રમમાં કલેકટરશ્રી ઉપરાંત પાલીતાણા પ્રાંત અધિકારી શ્રી અંકીત પટેલ,ડી વાય એસ પી શ્રી મહિર બારીઆ,મામલતદાર શ્રી અર્જુનસિંહ ડોડીયા સહિતના અધિકારીઓએ ખાસ હાજરી આપી હતી. નોઘણવદર ગામના ઉધોગપતિઓ, દાતાશ્રીઓ સહિત સૌએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ હતી. ૧૫૦મા સ્થાપના દિવસે પધારેલ મહેમાનો માટે ભોજન વ્યવસ્થા કેવિન મુકેશભાઈ દવે તરફથી અને તમામ બાળકોને સેવ ખમણ શિક્ષક શ્રી કપિલભાઈ બારૈયા તરફથી કરવામાં આવી હતી. ગ્રામજનો શિક્ષણ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

# પનીર-ચીઝનો સ્વાદ ધરાવતી પૌષ્ટિક તથા સ્વાદિષ્ટ કલારી

**કાશ્મીરી લોકો કલારીને ફક્ત ભોજન નથી સમજતાં. તેઓ તેને તેમની સ્થાનિક રહેણીકરણીની સાથે તાલમેલ મેળવતી પરંપરાગત સ્થાનીય સ્વાદિષ્ટ વાનગી ગણે છે. દૂધને ફાડીને બનતાં પનીરના ગોળા વાળીને તેને સૂર્યપ્રકાશમાં સૂકવવામાં આવે છે.કલારી-કલાડી જમ્મુ-કાશ્મીરના ઊધમપુરની એક સ્થાનિક વાનગી ગણાય છે. જેને કલાડી ચીઝ તરીકે પણ ઓળખવામાં આવે છે.**




ભારતીય સંસ્કૃતિ, ભારતીય ભાષાની સાથે ભારતીય ભોજનની વિશિષ્ટતાઓ પૂરા વિશ્વમાં ખ્યાતનામ બની ગઈ છે. ભારતના વિવિધ રાજ્યોની મુસાફરી કરતાં નીતનવી અજાયબી સ્વાસ્થ્યવર્ધક વાનગી વિશે આપણને અચૂક જાણકારી મળતી હોય છે.

નવા વર્ષના પ્રારંભે આપણે ઠંડીમાં ધરતી ઉપરનાં સ્વર્ગ ગણાતાં કાશ્મીરની સફર કરીશું. જમ્મુ-કાશ્મીરની સ્વાદિષ્ટ તેમ જ પ્રાચીન વાનગી વિશે જાણકારી મેળવીશું. જે હવે દેશ-વિદેશમાં અત્યંત લોકપ્રિય બની ગઈ છે. તેનો સ્વાદ હવે સરળતાથી આપ ઘરે બેઠાં માણી શકો છો. કલારી ચીઝ'નેહિમાલયન મોઝરેલા ચીઝ' તરીકે ઓળખવામાં આવે છે.

કાશ્મીરી લોકો કલારીને ફક્ત ભોજન નથી સમજતાં. તેઓ તેને તેમની સ્થાનિક રહેણીકરણીની સાથે તાલમેલ મેળવતી પરંપરાગત સ્થાનીય સ્વાદિષ્ટ વાનગી ગણે છે. દૂધને ફાડીને બનતાં પનીરના ગોળા વાળીને તેને સૂર્યપ્રકાશમાં સૂકવવામાં આવે છે.

કલારી-કલાડી જમ્મુ-કાશ્મીરના ઊધમપુરની એક સ્થાનિક વાનગી ગણાય છે. જેને કલાડી ચીઝ તરીકે પણ ઓળખવામાં આવે છે. કલારી માટે એવું કહેવાય છે કે, 'ઘરમાં બનતી-બજારમાં વેચાતી-સાથે મળીને ખવાતી' પારંપરિક વાનગી. કલારી-કુલચાની વાત જ અનોખી છે. ઠંડીની મોસમમાં સાદી-સીધી પરંતુ સ્વાદસભર કલારી શરીરમાં ગરમાવો બક્ષે છે.

કલારી દૂધને ફાડીને બનતાં માવાથી તૈયાર કરવામાં આવે છે. જે પ્રમાણે દૂધમાંથી પનીર તૈયાર થાય છે તે જ પ્રમાણે કલારી બનાવવા ગાયના કે ભેંસના દૂધને ફાડીને ઉકાળીને કલારી ચીઝ તૈયાર કરવામાં આવે છે. જેમાં કોઈપણ પ્રકારનું કેમિકલ કે પ્રિઝર્વેટિવ ભેળવવામાં આવતું નથી. બજારમાં મળતી પ્રોસેસ્ડ ચીઝ કરતાં તે વધુ પૌષ્ટિક ગણાય છે. જે દેખાવમાં સફેદ હોય છે. તેને ભાખરી કે પરાઠાના મોટા લુવાની જેમ ગોળ બનાવીને બટર પેપરમાં લપેટીને રાખવામાં આવે છે.

ઠંડીને કારણે તે ઘટ્ટ બની જાય છે. તેને તવા ઉપર શેકતી વખતે પ્રથમ વખત જ થોડું ઘી-માખણનો ઉપયોગ કરવામાં આવે છે. ત્યારબાદ બધી જ કલારીને ધીમી આંચ ઉપર સ્વાદ વધારવા માટે જ ચપટીક મીઠું ભભરાવીને ગરમ તવા ઉપર શેકવામાં આવે છે. શેકાયા બાદ બહારથી સોનેરી તથા અંદરથી મૉઝરેલા ચીઝ જેવાં રેસાંવાળી મુલાયમ બની જાય છે. ગરમા-ગરમ કલારીને પાઉ કે જે કાશ્મીરમાં કુલચા

તરીકે ઓળખાય છે તેની વચ્ચે ગોઠવીને પીરસવામાં આવે છે. કલારી-કલાડી કુલચા સાથે થોડો કોબી-ગાજરનો સલાડ તથા સ્વાદિષ્ટ ચટણી પીરસવામાં આવે છે.

કલારીના આરોગ્યવર્ધક લાભ

કલારીનું સેવન રોગપ્રતિકારક-શક્તિ વધારે છે : કલારીમાં પૂરતાં પ્રમાણમાં ઝિંક તથા સેલેનિયમ જેવા સત્ત્વો સમાયેલાં છે. ઠંડીમાં વ્યક્તિની રોગપ્રતિકારકશક્તિ વધારવામાં મદદ કરે છે. અનેક વખત એવું જોવા મળે છે કે શિયાળામાં ઠંડીને કારણે આપણી રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જતી હોય છે. જેને કારણે ઝીણો તાવ કે શરદી-સળેખમ-ઊધરસની સમસ્યા સતાવવા લાગે છે. ગરમ પાણીની સાથે ગરમાગરમ તાજો ખોરાક વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરી શકે છે. કુદરતી રીતે તેમાં આથો લાવીને બનાવવામાં આવે છે. જેથી કલારી ચીઝનું સેવન પાચનશક્તિ વધારવામાં મદદ કરી શકે છે.

શરીરને ઊર્જાવાન બનાવે છે : ગરમા-ગરમ કલારી-કુલચાનું સેવન કરવાથી ઠંડીમાં શરીરને યોગ્ય માત્રામાં પોષણ મળી રહે છે. શરીરને ગરમ રાખવામાં કલારી ચીઝ અત્યંત ઉપયોગી ગણાય છે. તેનું સેવન કર્યા બાદ શરીર શક્તિવર્ધક બની જાય છે.હાડકાં-દાંતને મજબૂત બનાવે છે : કલારીમાં દૂધનો ઉપયોગ કરવામાં આવે છે. દૂધમાંથી પનીર બાદ ચીઝ બનાવવામાં આવે છે. જે હાડકાં તથા દાંતના દુખાવામાં રાહત આપે છે. વધતી વયને કારણે હાડકાંની ઘનતા ઘટતી જાય છે. આવા સંજોગોમાં શરીરને શક્તિવર્ધક બનાવવા માટે કલારીનો ઉપયોગ અત્યંત ગુણકારી ગણાય છે.પ્રોટીનથી ભરપૂર : કલારી દૂધને ફાડીને બનતી હોવાથી તેમાં પ્રોટીનની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. પ્રોટીન શરીરના સ્નાયુઓને મજબૂતાઈ બક્ષે છે. સાથે શરીરમાં ઊર્જાનો સંચાર થાય છે. તેનું સેવન કરવાથી લાંબા સમય સુધી વ્યક્તિને ભૂખ લાગતી નથી. હાડકાં, ત્વચા, વાળ તથા નખની તંદુરસ્તી વધારવામાં પ્રોટીન અગત્યનું પોષક તત્ત્વ ગણાય છે.પ્રોબાયોટિક ગણાય છે : કલારી ચીઝની ગણના પ્રોબાયોટિક આહારમાં થાય છે. આપણાં શરીરમાં અનેક માઈક્રોઆર્ગેનીઝમ જીવતાં હોય છે. જે માઈક્રોબ્સને નામે ઓળખાય છે. શરીરના બધા જ કાર્યો માટે તે આવશ્યક છે. જેમ કે પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે. સ્નાયુ ઉપર થયેલાં સોજાને ઘટાડવામાં, ભોજન બાદ આફરો ચડી જવો કે બેચેની લાગવી તેવી સમસ્યાથી બચવામાં પ્રોબાયોટીક ભોજન મદદરૂપ થાય છે.

કલારી ચીઝનું સેવન ત્વચા તથા હૃદયની તંદુરસ્તી માટે ઉપયોગી ગણાય છે. હિમાલયન ચીઝમાં ચરબીનું પ્રમાણ વધુ હોવાથી તેને પ્રમાણભાન રાખીને ખાવી જોઈએ. ઠંડા તથા પહાડી પ્રદેશમાં કલારીનું સેવન શરીરને પૂરતાં પ્રમાણમાં ઊર્જા બક્ષે છે.


એક સમયે ફક્ત ઠંડા પ્રદેશમાં ખવાતી પરંપરાગત વાનગીએ હવે દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવી છે. પંચતારક રેસ્ટોરાંના નિષ્ણાત શૅફ કલારીનો ઉપયોગ કરીને વિધવિધ વાનગી બનાવવા લાગ્યા છે. હિમાલયન મૉઝરેલા ચીઝનો ઉપયોગ કલારી પિત્ઝા, કલારી સૅન્ડવીચ તથા આંતરરાષ્ટ્રીય વાનગીમાં કલારી પનીર-ચીઝનો ઉપયોગ થવા લાગ્યો છે. શહેરીજનો પણ આજકાલ ઑર્ગેનિક વસ્તુના દીવાના બનવા લાગ્યા છે.

કાશ્મીરની પરંપરાગત કલારી-કલાડી મૉઝરેલા ચીઝનો ઉપયોગ હવે સરળતાથી દેશ-વિદેશમાં કરી શકાય છે. કાશ્મીરમાં એક વખત આ વાનગી ખાશો તો આપ પણ તેના અચૂક દીવાના બની જશો. ઑનલાઈન ડિલિવરીના યુગમાં ઘરે બેઠાં પણ તેનો સ્વાદ માણી શકાય છે. ઠંડીમાં તેના સ્વાસ્થ્યવર્ધક લાભ આપણે મેળવી શકીએ છીએ. કલારીનો ભાવ લગભગ ૪૦૦ રૂપિયાની ૫૦૦ ગ્રામની આસપાસ જોવા મળે છે.

કલારી-કુલચા

સામગ્રીઃ ૨૫૦ ગ્રામ કલારી, ૩ નંગ કુલચા (પાઉ), ધાણા-ફૂદીનાની લીલી ચટણી, કોબી-ગાજર-કેપ્સીકમની છીણ, સ્વાદાનુસાર મીઠું, ૧ નાની ચમચી મરી પાઉડર.

બનાવવાની રીત : સૌ પ્રથમ કલારીની ઉપરથી બટર પેપર કાઢી લેવું. તેને થોડી મુલાયમ કપડાંથી સાફ કરી લેવી. લોખંડના તવાને ધીમી આંચ ઉપર બરાબર ગરમ કરી લેવો. ગરમ તવા ઉપર ૧ નાની ચમચી ઘી કે માખણ ફક્ત પ્રથમ વખત જ લગાવવું. ત્યારબાદ તવા ઉપર થોડું મીઠું છંટકારવું. કલારી ગોઠવીને ગરમ કરવી. રેસા નીકળવા લાગે એટલે તૈયાર થઈ ગઈ છે તેમ સમજવું. ગરમાગરમ કલારીને કુલચાની વચ્ચે ગોઠવવી. થોડું મીઠું તથા મરી પાઉડર ભભરાવીને લીલી ચટણી તથા કોબી-ગાજર-કેપ્સીકમના લચ્છા સાથે પીરસવી.



# વકરતી એસિડિટીનું મુશ્કેલ સ્વરૂપઃ GERD જીઈઆરડી

ગયા અઠવાડિયે આપણે ઍસિડિટીની ચર્ચા કરી. સાથે એક વાત એ પણ નોંધી કે જો ઍસિડિટી સતત રહ્યા કરે તો આ કાયમી સમસ્યા ગેસ્ટ્રોએસોફેજલ રિફ્લક્સ રોગ' (GERD) તરીકે ઓળખાય છે. આયુર્વેદમાં, આ શારીરિક ઉપાધિનેઉર્ધ્વગ અમ્લપિત્ત'કહે છે.

પિત્ત દોષના કારણે આ વિકૃતિ થાય છે. અન્નનળીમાં પ્રવેશવા માટે એસિડને અન્નનળીના તળિયે આવેલા વાલ્વમાંથી પસાર થવું જરૂરી છે, જે સામાન્ય રીતે એને ફરીથી ઉપર આવતા અટકાવે છે. આ વાલ્વને તમારા નીચલા અન્નનળીના સ્ફિન્ક્ટર (LES) કહેવામાં આવે છે. આ LES એક ગોળાકાર સ્નાયુ છે, જે આપણે ખોરાક ગળા નીચે ઉતારીએ ત્યારે ખુલે છે અને પછી પદાર્થો પેટમાં જ રહે તે માટે ફરીથી બંધ થઈ જાય છે. જ્યારે આપણને ઓડકાર આવે અથવા હેડકી આવે છે ત્યારે ગેસના પરપોટા બહાર નીકળવા માટે તે થોડું ખુલે છે.એસિડ રિફ્લક્સ થવા પાછળનું એક કારણ LESનું નબળા પડી જવું પણ છે. કેટલીકવાર કામચલાઉને કારણે એ નબળું પડી શકે છે, જેમ કે ભારે ભોજન પછી તરત સૂવું, પરંતુ જો તમને 'ર્જીઈઇ્ઢ' હોય, તો તેનો અર્થ એ છે કે LES વારંવાર નબળું પડી રહ્યું છે.

GERDનાં સામાન્ય કારણ હિઆટલ હર્નિયા

થોડી અટપટી એવી આ સમસ્યામાં જ્યારે પેટનો ઉપરનો ભાગ ડાયાફ્રેગમ (ઉદરપટલ) ના છિદ્રમાંથી ઉપર ધકેલાય છે જ્યાંથી આપણી અન્નનળી પસાર થાય છે ત્યારે હિઆટલ હર્નિયા થયો કહેવાય છે. તે અન્નનળીની બાજુમાં દબાઈ જાય છે, બંનેને સંકુચિત કરે છે અને એસિડને ફસાવે છે. તે LESને ઉદરપટલની ઉપર પણ ખસેડે છે, જ્યાં તે તેનો થોડો સ્નાયુબદ્ધ ટેકો ગુમાવે છે. હિઆટલ હર્નિયા ખૂબ જ સામાન્ય છે, ખાસ કરીને જેમ જેમ તમે વૃદ્ધ થાઓ છો. તે સામાન્ય રીતે ધીમે ધીમે થાય છે, અને સમય જતા વધુ ખરાબ થઈ શકે છે.

ગર્ભાવસ્થાઃ ગર્ભાવસ્થા એ કામચલાઉ ઍસિડ રિફ્લક્સનું એક સામાન્ય કારણ છે. તમારા પેટમાં દબાણ અને વોલ્યુમ ડાયાફ્રેગમના સ્નાયુઓને દબાણ, ખેંચાણ અને નબળા બનાવી શકે છે જે તમારા આ LESને ટેકો આપે છે. ગર્ભાવસ્થા હોર્મોન રિલેક્સિનનું ઉચ્ચ સ્તર લાવે છે, જે સ્નાયુઓને આરામ આપે છે જેથી તેઓ ગર્ભ માટે જગ્યા બનાવવા માટે ખેંચાઈ શકે. તે એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોનનું ઉચ્ચ સ્તર પણ લાવે છે, જે LESને નબળું કે ઢીલું પાડી શકે છે.

સ્થૂળતાઃ સ્થૂળતા પેટમાં દબાણ અને વોલ્યુમ વધારે છે, જે ગર્ભાવસ્થાની જેમ તમારા ન્ઈજી પર અસર કરે છે.ધૂમ્રપાનઃ તમાકુનો ધુમાડો ન્ઈજીને નબળું પાડી શકે છે, પછી ભલે તમે ધૂમ્રપાન કરતા હો કે પછી ધૂમ્રપાન કરનારના સંપર્કમાં હો, (જે સેકન્ડ હેન્ડ સ્મોકિંગ તરીકે ઓળખાય છે.) ધૂમ્રપાનથી ઉધરસ પણ આવે છે જે LESને ઢીલું પાડે છે. તે સિવાય અન્નનળીના એટ્રેસિયા અને હર્નિઆસ જેવી જન્મજાત ખામીઓ પણ કારણ હોઈ શકે છે.

શું ઉંમર સાથે ઍસિડિટી વધે છે?

તેવું થવું શક્ય છે. ઉંમર વધવાની સાથે પાચનતંત્રને નબળું પાડી શકે છે અને વૃદ્ધોમાં એસિડ રિફ્લક્સનું જોખમ વધી શકે છે. દવાઓ અને વૃદ્ધત્વ સાથે સંકળાયેલી સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણે પણ તે થઈ શકે છે.

નિયંત્રણ માટે જીવનશૈલીમાં ફેરફાર

તમારી દિનચર્યામાં નાના ફેરફારો કરવાથી ઍસિડિટી નોંધપાત્ર રીતે ઓછી થઈ શકે છે. અજમાવવા જેવા કેટલાક ઉપાયો છે, જેમકે..

દિવસમાં વધુ વાર, નાના-નાના પ્રમાણમાં ભોજન લો, જમ્યા પછી તરત જ સૂવાનું ટાળો, સ્વસ્થ વજન જાળવી રાખો, યોગ, ધ્યાન અથવા કસરત દ્વારા તણાવનું સંચાલન કરો, રાત્રિના સમયે રિફ્લક્સ અટકાવવા માટે તમારા માથા તરફના ભાગને ઊંચાઈ પર રાખો.

શું દહી એસિડિટી માટે સારું છે?

હા, દહી ઍસિડિટી માટે મદદરૂપ માનવામાં આવે છે. તે પેટને ઠંડક પહોંચાડે છે, બળતરાને શાંત કરવામાં મદદ કરી શકે છે, આંતરડામાં ફાયદાકારક બેક્ટેરિયાનો વિકાસ કરીને પાચન સુધારે છે. જોકે, તેનું સેવન મધ્યમ માત્રામાં કરવું અને ખાંડ અથવા મસાલાવાળા સ્વાદવાળા દહીં ટાળવું મહત્ત્વપૂર્ણ છે, જે ઍસિડિટીને વધારી શકે છે. જેમને દૂધજન્ય પદાર્થોની એલર્જી હોય, તેમણે પણ દહીંનું સેવન ટાળવું જોઈએ.

## શું કેળા એસિડ રિફ્લક્સ માટે સારા છે?

હા, ઍસિડ રિફ્લક્સ ધરાવતા લોકો માટે કેળાની ભલામણ કરવામાં આવે છે. તેમાં કુદરતી રીતે ઍસિડનું પ્રમાણ ઓછું હોય છે અને પેટ પર ઠંડી અસર પડે છે. કેળા પેટના ઍસિડને નિષ્ક્રિય કરવામાં અને પેટના અસ્તરને સુરક્ષિત કરવામાં મદદ કરી શકે છે, જે ઍસિડિટી અથવા ઍસિડ રિફ્લક્સથી પીડાતા લોકો માટે તેમને સલામત ફળ પસંદગી બનાવે છે.જો કે, એ યાદ રાખવું મહત્ત્વપૂર્ણ છે કે વ્યક્તિગત પ્રતિક્રિયાઓ અલગ અલગ હોઈ શકે છે અને જો તમને ખાતરી ન હોય તો ડોક્ટરની સલાહ લેવી શ્રેષ્ઠ છે.ઍસિડિટી થઈ હોય ત્યારે સામાન્ય રીતે કોઈ ચૂર્ણ કે સીરપ કે ગોળી લઈને તેનું શમન કરવાનો પ્રયોગ આપણે ઘરે જ કરતા હોઈએ છીએ, પણ વારંવાર ઍસિડિટી થતી હોય, તો ડોક્ટરની સલાહ અવશ્ય લેવી જ જોઈએ. તબીબોની સલાહ અનુસાર ખોરાકમાં, જીવનશૈલીમાં ફેરફાર કરીને, તેમના માર્ગદર્શનમાં દવા લઈને જ ઈલાજ કરવો જોઈએ.

# ઘડપણના ઘરને દૂર રાખવાના કીમિયાઓ

ઉંમરના સંદર્ભમાં ચાળીસનો આંકડો મોટા ભાગના લોકો માટે સહેજ ડરામણો બની જાય છે. ઘર, પરિવાર, બાળકો, કારકિર્દી, ઈએમઆઈપઆ બધામાં ગૂંચવાયેલી વ્યક્તિ પોતાની જાતને સાવ પાછલા ક્રમાંકે મૂકી દેતી હોય છે. ચાળીસી આવતા જ વાળમાં સફેદી (જો કે હવે તો એ વહેલી આવવા માંડી છે), ફાંદ નીકળી આવવી અને કેટલાક કિસ્સાઓમાં ડાયાબિટીસ કે હાઈ બ્લડપ્રેશર જેવી બીમારીઓનો પ્રવેશ થઈ જાય છે. ઘણા લોકોને ઉંમરના આ તબક્કે પહોંચતા થોડીક ઉદાસીનતા કે નિરાશા આવી જાય છે. જિંદગી એક ઘરેડ બનીને રહી જાય છે. ઘડપણ નજીક સરકતું દેખાય છે.

યોગના શાસ્ત્રો અને આપણા પુરાણો કહે છે કે કળિયુગમાં માનવનું આયુષ્ય ૧૨૦ વર્ષ હશે એટલે એ રીતે જોતા ૪૦-૫૦ તો આયુષ્યની યાત્રામાં અડધે રસ્તે પહોંચ્યા પણ ન કહેવાઈએ. આ તબક્કે જો જીવન પ્રત્યેનો અભિગમ યોગ્ય હોય, અત્યારસુધી જાતને અને ખાસ કરીને સ્વાસ્થ્યની અવગણના કરી હોય તો પણ બગડેલી બાજીને સુધારી શકાય છે. ઘડપણના ઘરને પાછું ઠેલી શકાય છે.

સૌથી પહેલી વાત કે હવે તો જુવાની સરી ગઈ, હવે શું થઈ શકે એવી માનસિકતાને તો નજીક પણ નહીં ફરકવા દેવાની. જિંદગીનો દરેક પડાવ નવા પડકારો, નવા અનુભવ અને આશાઓ લઈને આવતો હોય છે. જીવનના દરેક તબક્કાને ઉત્સાહપૂર્વક માણવો એ સ્વસ્થ અને યુવા રહેવાની સૌથી મોટી ચાવી છે.

શરીરને યુવાન અને સ્ફૂર્તિદાયક રાખવા માટે મનને ત્વરાયુક્ત રાખવું અત્યંત આવશ્યક છે. એના માટે જરૂરી છે કે રોજ કશુંક નવું શીખતા રહેવું. સામાન્યપણે આપણે માનીએ છીએ કે સ્કૂલ-કોલેજ પૂરી થતાં શીખવાનું પૂરું થઈ જાય છે. આ માનસિકતા બદલવાની જરૂર છે. સ્કૂલ-કોલેજમાં આપણે ભણતા હતા, ડિગ્રી મેળવવાની, અવ્વલ રહેવાની દોડમાં હતા પણ શીખવાનું તો ક્યારેય બંધ ન થવું જોઈએ. વૈજ્ઞાનિક કહે છે કે જો વ્યક્તિ કશુંક નવું શીખતો રહે તો તેના મગજના કોષ રીજનરેટ થતા રહે છે. મતલબ જૂના કોષ ખતમ થાય છે પણ નવા સર્જાતા રહે છે. દરરોજ નહીં તો પણ અઠવાડિયે એકાદ વસ્તુ નવી શીખતા રહેવાથી ખૂબ બધા ફાયદાઓ થાય છે. છેવટે કંઈ નહીં તો અઠવાડિયે એક નવો શ્લોક તો કંઠસ્થ કરી જ શકાય. સંસ્કૃત ભાષાના શબ્દોચ્ચાર મગજના કોષ પર બહુ જ વિધેયાત્મક અસર કરે છે અને આ રીતે શ્લોક કંઠસ્થ કરવાથી સ્મરણશક્તિ પણ તેજ રહે છે. ટેક્નોલોજી રોજ-રોજ બદલાતી રહે છે. એને વાપરવાનું શીખવાથી પણ ફાયદો થઈ શકે છે. ટૂંકમાં, રોજિંદા કાર્યથી કંઈક જુદું કે નવું શીખવું એ મંત્ર બહુ ઉપયોગી નીવડી શકે છે.ઘણી વાર એવું બનતું હોય છે કે આર્થિક



અથવા અન્ય કારણોસર આપણે એવો નોકરી, ધંધો કે વ્યવસાય કરતા હોઈએ જેમાં આપણને જરાય રસ ન હોય. ૪૦-૫૦ની ઉંમર સુધી પહોંચ્યા ત્યાં સુધી જો એવું કામ કરવું પડ્યું હોય જેમાંસ્ર્ મજા ન આવતી હોય. જો સંજોગો સાથ આપતા હોય તો હવે એ કામ છોડીને મનગમતું કામ કરવું એ તન-મનને સ્વસ્થ અને સ્ફૂર્તિમય રાખવા માટેનો એક કીમિયો સાબિત થઈ શકે. કોઈ કારણસર એ શક્ય ન હોય તો જે કામ કરતા હોઈએ એની સાથે-સાથે અત્યાર સુધી ન કરી શક્યા હોઈએ એવી મનપસંદ પ્રવૃતિ માટે થોડો સમય તો ફાળવી જ શકાય. જેમ કે કોઈ વ્યક્તિ સંગીતકાર બનવા ઈચ્છતી હતી પણ સંજોગોએ સાથ ન આપ્યો હોય તો હવે સંગીત શીખવાનું શરૂ કરી જ શકાય. એના માટે ઉંમરનો આંકડાને અવરોધ ન બનવા દેવો. મનગમતી પ્રવૃત્તિ મનને પ્રફુલ્લિત રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને મન મોજમાં હોય તો તન એને અનુસરવાનું જ છે. લોકો, સમાજ કે બીજાઓ શું કહેશે એની ચિંતા છોડીને મનગમતી પ્રવૃત્તિ શરૂ કરવી એ ઘડપણને દૂર રાખવાનો મસ્ત મજાનો કીમિયો બની રહેશે.

૪૦-૫૦ની ઉંમરે પહોંચી ગયા એટલે સપનાં જોવાનો અને એને સાકાર કરવાનો હક ઝૂંટવાઈ જતો નથી. મુંબઈની જ ગુજરાતી મહિલા બિંદા રાવલ કૉલેજકાળમાં નાટકોમાં અભિનય કરતી હતી. લગ્ન બાદ સાંસારિક અને બાળકોનાં ઉછેરમાં અભિનયનું ક્ષેત્ર છૂટી ગયું પરંતુ બંને સંતાનો તેમના જીવનમાં ઠરીઠામ થઈ ગયા બાદ લગભગ ૫૦ વર્ષની ઉંમરે તેણે અભિનેત્રી બનવાના તેના સપનાંઓને સાકાર કરવા માટે ફરી અભિનયક્ષેત્રે ઝંપલાવ્યું. અત્યારે તે નાટકો, સિરિયલ અને ગુજરાતી ફિલ્મોમાં પણ અભિનય કરી રહી છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે ગમે તે ઉંમરે સપનાંઓ જોઈ શકાય અને એને સાકાર પણ કરી શકાય.

કામધંધા કે પરિવારની જવાબદારીઓ સંભાળતા-સંભાળતા મિત્રો કે સગાંવહાલાઓ સાથે ક્યારે અંતર પડી ગયું એનો ખ્યાલ જ રહેતો નથી. ખાસ કરીને મુંબઈ જેવા શહેરમાં જ્યાં સતત દોડધામ અને સ્પર્ધામાં ટકી રહેવા માટે વ્યસ્ત રહેવું પડે છે ત્યારે મિત્રો કે સ્વજનો સાથે સમય વ્યતીત કરી

શકાતો નથી. અંગ્રેજીમાં જેને મિડલ એજ કહે છે એ પડાવ પર પહોંચ્યા પછી જો કેટલાંક સંબંધો સાથે સંપર્કો તૂટી ગયા હોય તો એને ફરી જોડવાનો આ સમય છે. સ્કૂલ-કોલેજના મિત્રો કે કઝિન્સ સાથેના સંબંધોને પુનર્જીવિત કરી જિંદગીની મોજ માણવાથી ઘડપણને છેટું રાખી શકાય છે.

આ ઉંમર પર આવતાની સાથે જ વારંવાર ભૂતકાળ તરફ નજર કરવાની અને એને વાગોળવાની ટેવ પડી જાય છે. નાના હતા ત્યારે આમ કરતા હતા, કૉલેજમાં હતા ત્યારે તેમ કરતા હતા, અમે તો આટલો સંઘર્ષ કર્યો, અમે તો આટલી બધી પ્રાપ્તિ કરી જેવી વાતો યુવા પેઢીને માથે માર્યા કરવાને બદલે હજુ નવા આયામો સર કરવા પ્રત્યે ફોકસ કરવાથી વૃદ્ધત્વને નજીક આવતું રોકી શકાય છે.અત્યારસુધી પોતાની જાતની અને ખાસ કરીને સ્વાસ્થ્યની અવગણના કરી હોય તો આ ચેતી જવાનો સમય છે. યુવાનીમાં સિગારેટ, તમાકુ કે શરાબ જેવા વ્યસનો લાગ્યા હોય તો વહેલામાં વહેલી તકે એનાથી મુક્ત થવું એ બાકીના વર્ષોને શ્રેષ્ઠ રીતે જીવવા માટે અનિવાર્ય છે.

## તંત્રી લેખ...

**મંગળવાર, તા. ૦૬ જાન્યુઆરી ૨૦૨૬**

# જગત જમાદાર દલા તરવાડીના વેશમાં

લોકતંત્રની પુનઃસ્થાપના, ડ્રગ કાર્ટેલની કમર ભાંગવી અને લેટિન અમેરિકામાં સ્થિરતા લાવવાનો દાવો ડૉનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલા પર હુમલો કરી રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોને ઊંચકી લેવા માટે કરી રહ્યા છે, પણ આખી દુનિયા જાણે છે ટ્રમ્પનો ઈરાદો શું છે. વેનેઝુએલાના ક્રૂડતેલ ભંડારો પર અમેરિકાની નજર હોવા ઉપરાંત ૨૦૨૬ના અંતમાં યુએસ કૉંગ્રેસની ચૂંટણી છે અને મુદ્દાઓ ન હોય, પ્રજા વચ્ચે નેતાની લોકપ્રિયતામાં ઓટ આવી હોય અને કંઈક કરી દેખાડવાની ચાનક હોય ત્યારે યુદ્ધ જેવો ટૂંકો માર્ગ કોઈ નથી હોતો. એક તીરથી ટ્રમ્પે અનેક નિશાના સાધ્યાં છે, એવા તારણ નિષ્ણાતો કાઢી રહ્યા છે, પણ ખરેખર તો ટેરિફનો બોજ, બદલાતી નીતિઓની અસ્થિરતા અને ફેલાઈ રહેલા અણગમાનો છેદ ઉડાડવાની આ ગણતરીપૂર્વકની ચાલ છે. એ ખરું કે, માદુરો પણ દૂધના ધોયેલા નથી. પણ, લેટિન અમેરિકન દેશોના બળના જોરે સત્તાની ટોચે પહોંચેલા ક્રૂર, આત્મકેન્દ્રી અને રાષ્ટ્રની સંપત્તિને પોતાના પિતાની જાગીર ગણનારા શાસકોની પંગતમાં બેસતા માદુરો સાથે ટ્રમ્પે જે કર્યું એ પણ કોઈ રીતે ન્યાયી, યોગ્ય કે કાયદાના દાયરામાં રહી કરવામાં આવેલી કાર્યવાહી તો નથી જ. પણ, ટ્રમ્પને એની ચિંતા નથી. ચીન અને રશિયા જેવી વિસ્તારવાદી માનસિકતાનો પરચો આપતાં ટ્રમ્પે આડકતરી રીતે કહી દીધું છે કે વેનેઝુએલા તો સિર્ફ ઝાંકી હૈ... કૉલમ્બિયા, ક્યુબા, મૅક્સિકો ઔર ગ્રીનલૅન્ડ અભી બાકી હૈ.

ટ્રમ્પે અમેરિકન મતદારોને સ્પષ્ટ સંદેશ આપ્યો છે – જે હું કહું છું, કરી દેખાડું છું અને વિશ્વ સમુદાય માટે તો જાણે કે આડકતરી ચીમકી જ છે – મને કોઈની પરવાનગીની કે કાયદાને અનુસરવાની જરૂર નથી. આ પ્રકારના હુમલા માટે પ્રેસિડન્ટે જે કૉંગ્રેસની મંજૂરી લેવી જરૂરી હોય છે, એની ચૂંટણી ૨૦૨૬ના નવેમ્બર મહિનામાં યોજાવાની છે અને એ પહેલાં ટ્રમ્પ આવી નવા-જૂની કરતા રહેશે એ પણ સ્પષ્ટ છે. વિશ્વના ક્રૂડતેલમાંથી વીસ ટકા અનામત જથો ધરાવતું વેનેઝુએલા ચીનનાં દેવાંમાં ડૂબેલું છે. ઊર્જા અને માળખાકીય સુવિધાઓ માટે ચીને વેનેઝુએલાને અબજો ડૉલર ધીર્યા છે. આથી, ચીન અને ઈરાને માદુરોને મુક્ત કરવાની માગણી કરી છે. દરમિયાન, અમેરિકાના સેક્રેટરી ઑફ સ્ટેટ માર્કો રૂબિયોએ કહ્યું છે કે, વેનેઝુએલા પર કબજો કરવાનો વિકલ્પ પણ પ્રેસિડન્ટ ટ્રમ્પ માટે ખુલ્લો છે. ટ્રમ્પ અને રૂબિયોએ તો ત્યાં સુધી કહ્યું છે કે ક્યુબા અથવા કૉલમ્બિયા હવે પછીનું ટાર્ગેટ હોઈ શકે છે. જગત જમાદાર દલા તરવાડીના રોલમાં આવી જાય તો એને કોણ રોકી શકે?

ભારત માટે આ પરિસ્થિતિમાં લાભ છે અને રશિયાની ક્રૂડ આયાત ઘટાડી આયાત બાસ્કેટને વ્યાપક બનાવવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. ભારતની રિફાઈનરીઝ વેનેઝુએલાના કૂવાઓમાંથી નીકળતું ભારે અને ખાટું તેલ રિફાઈન કરવામાં મહારત ધરાવે છે. વળી, ટ્રમ્પે વેનેઝુએલાના ક્રૂડ ક્ષેત્રને પોતાના હાથમાં લેવાની વાત કરી છે, અહીં પણ ભારતને લાભ છે. જોકે, લાભ-નુકસાનની આ ગણતરીના અંતિમ ચરણ સુધી પહોંચતાં પહેલાંનું ગણિત સ્પષ્ટ થાય ત્યાં સુધીમાં ઘણા ખેલ થઈ શકે છે.

**ટ્રમ્પે અમેરિકન મતદારોને સ્પષ્ટ સંદેશ આપ્યો છે - જે હું કહું છું, કરી દેખાડું છું અને વિશ્વ સમુદાય માટે તો જાણે કે આડકતરી ચીમકી જ છે - મને કોઈની પરવાનગીની કે કાયદાને અનુસરવાની જરૂર નથી.**

# જવાબદાર કોણ?

દેશના સૌથી સ્વચ્છ શહેરોમાં જેની ગણતરી થાય છે તે ઈન્દોર ચર્ચામાં છે, કારણ છે ત્યાં થયેલી જળદુર્ઘટના. ના, હોનારત નથી કે નથી કોઈ ડૂબીને મર્યું. દૂષિત પાણી પીવાથી ૧૫ નાગરિકોનાં મોત ઈન્દોરમાં થયાં છે. આ કોઈ સામાન્ય અકસ્માત નથી, પરંતુ પ્રશાસનની બેદરકારીનો વરવો નમૂનો છે. પાણીની પાઈપલાઈન કે અન્ય સ્રોતોની સ્વચ્છતા, જાળવણી ન થતાં હોવાની આ ગવાહી છે. ઈન્દોરમાં જ આવું થાય તેવું નથી કોઈ પણ શહેરમાં આ અનિચ્છનીય બનાવ બની શકે તેમ છે. નાગરિક સુવિધા સાથે જોડાયેલાં કોઈ પણ તંત્ર હોય તેણે આવી બેદરકારી રાખવી જોઈએ નહીં. સામાન્ય લાગતી બાબતો પણ જીવલેણ નીવડી શકે તેનું આ દૃષ્ટાંત છે.

ઈન્દોરના ભગીરથપુરા વિસ્તારમાં બનેલી ઘટના સાંયોગિક નથી. તંત્રની સંપૂર્ણ બેજવાબદારી અહીં છતી થાય છે. પાણી વિતરણની વ્યવસ્થા ઉપર નિયંત્રણ ન હોય તેવું ફલિત થયું છે. હવે જ્યારે વહીવટી વિભાગની પોલ છતી થઈ છે, સરકારનો અંકુશ નથી તેવું ચર્ચાઈ રહ્યું છે ત્યારે સહાય, તપાસથી લઈને રાજકીય આક્ષેપો શરૂ થયા છે. આ વિસ્તારમાં વિતરિત થયેલાં દૂષિત પાણીને લીધે ૧૪૦૦ માણસો બીમાર થયા હતા, જેમાંથી ૨૦૦ને હૉસ્પિટલે ખસેડાયા હતા. ૧૫નાં મૃત્યુ થયાં છે. સરકાર એવી રાહત આપી રહી છે કે જેમણે ખાનગી હૉસ્પિટલમાં સારવાર લીધી છે તેમને દવાના ખર્ચના પૈસા સરકાર આપી દેશે. આ આશ્વાસનથી ગયેલા લોકોના જીવ પાછા આવવાના નથી.

ઈન્દોર પછી પડોશી નગર ઉજ્જૈનમાં પણ આવી ફરિયાદ ઊઠી છે. જોકે, દેશના કયાં શહેરમાં આ સમસ્યા નથી તે જ પ્રશ્ન છે. ઈન્દોર પ્રકરણમાં લૅબોરેટરીના રિપોર્ટમાં એવું ખૂલ્યું કે જે પાણી પીવાથી માણસોનાં મૃત્યુ થયાં તેમાં મળમૂત્ર જેવા બૅક્ટેરિયા હતા. હજી આ સમાચાર વહેતા થયા ત્યાં ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ દૂષિત પાણીને લીધે બીમારી ફેલાઈ હોવાની વાત છે. જોકે, કોઈ જાનહાનિ નથી. કોઈ પણ રાજ્યનાં કોઈ તંત્ર-શાસકોએ આવી બાબતે અત્યંત સતર્ક રહેવું જોઈએ. જળસ્રોત શુદ્ધ હોવા જોઈએ, વિતરણ વ્યવસ્થા ટેન્કરથી હોય, પાઈપથી હોય કે ટાંકા ભરવામાં આવતા હોય તેની શુદ્ધિ અત્યંત અગત્યની છે.

અનેક શહેરમાં તૂટેલી પાઈપલાઈનથી પાણી વિતરણ થતું હોય છે, ભૂગર્ભ ગટરની લાઈન અને પાણીની લાઈન એક થઈ હોવાથી પાણી દૂષિત થયું હોવાના પણ અનેક દાખલા છે. પાણી તો નાગરિકની પ્રાથમિક જરૂરત છે અને તંત્રની પ્રાથમિક ફરજ. જો તેના વિતરણમાં પણ આવી ગંભીર બેદરકારી રહેતી હોય તો વિકાસના નામે કોઈ પણ યોજના થાય, મહેલો પણ બને તે શું કામનું? ઈન્દોર જેવી ઘટના અન્યત્ર બને નહીં તે જોવું જોઈએ. પાણી દૂષિત થવાના જે કોઈ કારણ હોય તે શોધી ગામેગામ આ સમસ્યાનો અંત લાવવા રાષ્ટ્રીય સ્તરે ઝુંબેશ હાથ ધરાવી જોઈએ. પાઈપલાઈનના કૉન્ટ્રાક્ટર કે સંબંધિત અધિકારી-કર્મચારીને શિક્ષા થવી જોઈએ. જળ એ જ જીવન છે તેવા સરકારી સૂત્રો છે, તો પછી જળ મૃત્યુ કેવી રીતે બની શકે?

### ઉત્તર-પૂર્વ દિલ્હીમાં ૨૦૨૦માં થયેલાં રમખાણોમાં ૫૩ લોકો માર્યા ગયાં હતાં

# ખાલિદ-શર્જીલને જામીનનો ઈનકાર, ભારત અમેરિકાનું તાબેદાર નથી

### આ સાતેય લોકોએ દિલ્હી હાઈ કોર્ટે જામીન અરજી ફગાવી એ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો

ન્યૂ યોર્કના નવાસવા મેયર બનેલા ઝોહરાન મમદાની અને અમેરિકાના ૮ સાંસદને જેના પર બહુ હેત ઊભરાયેલું એવા ઉમર ખાલિદની જામીન અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દઈને એક સ્પષ્ટ મેસેજ આપી દીધો કે, ભારત કોઈનું તાબેદાર નથી ને ભારતની ન્યાયિક પ્રક્રિયા કોઈના દબાણ હેઠળ ચાલતી નથી. મમદાની કે અમેરિકાના બીજા રાજકારણીઓને પોતાના રાજકીય સ્વાર્થ માટે ખાલિદ પર પ્રેમ ઊભરાતો હોય તો ભલે ઊભરાતો પણ ભારતના ન્યાયતંત્રને કોઈના કહેવાથી કોઈ ફરક પડતો નથી.

ઉત્તર-પૂર્વ દિલ્હીમાં ૨૦૨૦માં થયેલાં રમખાણોમાં ૫૩ લોકો માર્યા ગયાં હતાં અને ૨૫૦થી વધુ ઘાયલ થયા હતા. દિલ્હી રમખાણોના આરોપી ખાલિદની સાથે બીજો વિદ્યાર્થી નેતા શર્જીલ ઈમામ પણ લાંબા સમયથી જેલની હવા ખાય છે. ઉમર ખાલિદ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૦થી જેલમાં છે તેથી તેના જેલવાસને ૫ વર્ષ ને ૩ મહિના થઈ ગયા જ્યારે શર્જીલ ઈમામની તો રમખાણોના ૬ અઠવાડિયા પહેલાં ૨૮ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ધરપકડ કરવામાં આવી હતી એ જોતાં આ મહિને શર્જીલ તો જેલવાસના છ વર્ષ પૂરાં કરી નાંખશે.

સુપ્રીમ કોર્ટે શર્જીલની જામીન અરજી પણ ફગાવી દીધી છે પણ તેમની સાથે જ જેલમાં તળિયાં તપાવતા બીજા પાંચને કોર્ટે જામીન આપી દેતાં તેમની મુક્તિનો માર્ગ મોકળો થઈ ગયો છે. આ તમામ સામે અનલોફુલ એક્ટિવિટિઝ (પ્રીવેન્શન) એક્ટ (યુએપીએ) અને ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી)ની અલગ અલગ કલમો હેઠળ કેસ નોંધાયેલા છે.

આ સાતેય લોકોએ દિલ્હી હાઈ કોર્ટે જામીન અરજી ફગાવી એ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે ગુલફિશા ફાતિમા, મીરાન હૈદર, શિફા ઉર રહેમાન, મોહમ્મદ સલીમ ખાન અને શાદાબ અહેમદને ૧૨ શરતો સાથે જામીન આપ્યા ખાલિદ અને શર્જીલ પર રહેમ નથી બતાવી. બલકે વધારે સખ્તાઈ બતાવી છે કેમ કે કોર્ટે ફરમાન કર્યું છે કે ઉમર અને શર્જીલ આ કેસમાં એક વર્ષ સુધી જામીન અરજી કરી શકશે નહીં. મતલબ કે, શર્જીલ અને ખાલિદ બંનેનું ૨૦૨૬નું વર્ષ તિહાર જેલમાં જૂના ભાઈબંધો સાથે જ વિતશે.

ખાલિદ, શર્જીલ બંને દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થી નેતા હતા. ૨૦૨૦માં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ) લાવી ત્યારે જેએનયુ તેના વિરોધમાં એપીસેન્ટર બનેલું. કેન્દ્ર સરકાર નેશનલ સિટિઝન રજિસ્ટર (એનસીઆર) લાવીને મુસ્લિમોની નાગરિકતા છિનવી લેવાની ગંદી રમત રમી રહી છે એવો કુપ્રચાર એ વખતે જોરશોરથી ચલાવાયો હતો. તેની સામે આંદોલન શરૂ થયું એ વખતે જ યોગાનુયોગ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ભારતમાં પધરામણી થવાની હતી.ડોનલ્ડ ટ્રમ્પની ભારત યાત્રા વખતે જ દેશભરમાં તોફાનો ભડકે તો આંતરરાષ્ટ્રીય મીડિયાનું ધ્યાન ભારત તરફ ખેંચાય અને સિટિઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ)ના મુદ્દાને વૈશ્વિક સ્તરે ઉઠાવી શકાય એ ગણતરીથી ખાલિદ, શર્જીલ સહિત આણિ મંડળીએ દેશભરમાં રમખાણો કરાવવાનો કારસો ઘડેલો. દેશમાં બીજે ક્યાંય તો આ ગેંગ ફાવી નહીં પણ દિલ્હીમાં હિંસા ફાટી નિકળી તેમાં ૫૩ લોકો માર્યા ગયેલાં અને ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. રમખાણો બદલ ૭૫૦થી વધુ એફઆઈઆર નોંધવામાં આવી હતી.શર્જીલ પહેલેથી જેલમાં હતો જ તેથી રમખાણોની તપાસમાં સૌથી પહેલો એ જ ઝપટે ચડી ગયેલો. પોલીસે તેના છેડા ક્યાં ક્યાં પહોંચે છે તેની તપાસ કરી તેમાં ઉમર ખાલિદ સહિતના આરોપીઓનાં નામ ખૂલ્યાં એટલે એક પછી એક બધાંને ઉઠાવીને જેલમાં નાખી દેવાયેલા. યુએપીએ હેઠળ કેસ નોંધાયા હોવાથી બહુ હવાતિયાં માર્યા પછીય છૂટ્યા નહોતા ને સુપ્રીમ કોર્ટ છેલ્લો આરો હતો. ખાલિદ અને શર્જીલ માટે તો આ છેલ્લી આશા પણ કમ સે કમ એક વર્ષ લગી તો સમાપ્ત જ થઈ ગઈ છે. હવે આવતા વરસે જામીન અરજી કરે ને એ વખતે જજ સાહેબને દયા આવી જાય તો ઠીક, બાકી જય તિહાર.સુપ્રીમ કોર્ટે આ કેસમાં કેટલાંક મહત્ત્વનાં અવલોકનો પણ કર્યાં છે. આરોપીઓની દલીલ હતી કે, કેસ ચલાવ્યા વિના લાંબા સમય સુધી જેલમાં રાખવા એ ભારતીય બંધારણની કલમ ૨૧ હેઠળ અપાયેલા જીવન જીવવાની આઝાદીના મૂળભૂત અધિકારનો ભંગ કરે છે. સુપ્રીમ કોર્ટે આ દલીલ સ્વીકારી નથી. ઊલટાનું આરોપીઓ સામે કાવતરાના મજબૂત પુરાવા હોવાનું સ્વીકાર્યું છે.દિલ્હી પોલીસે જામીન અરજીઓનો વિરોધ કરતાં કહેલું કે, સુનાવણીમાં વિલંબ માટે આરોપીઓ પોતે જવાબદાર છે કેમ કે તેમણે સહકાર ના આપ્યો. તપાસમાં સહકાર આપ્યો હોત તો કેસ બે વર્ષમાં પૂરો થઈ ગયો હોત. પોલીસે તો ખાલિદ સહિતના આરોપીઓ સામે આતંકવાદને લગતી કલમો લગાવી હતી. સુપ્રીમ કોર્ટે આ માન્ય નથી રાખ્યું પણ બંનેને મુખ્ય કાવતરાખોર તરીકે સ્વીકાર્યા છે. સુપ્રીમ કોર્ટે એ પણ સ્વીકાર્યું છે કે, ઉમર ખાલિદ અને શર્જીલે કાવતં ઘડ્યું હોવાના મજબૂત પુરાવા છે એ જોતાં ખાલિદ અને શરજીલ બંનેને આ કેસમાં સજા થવાની શક્યતા પણ પ્રબળ બની ગઈ છે.સુપ્રીમ કોર્ટે કાયદાકીય બાબતોના આધારે ચુકાદો આપ્યો છે તેથી એ વિશે કોઈ કોમેન્ટ કરવી યોગ્ય નથી પણ આ ચુકાદાએ સુપ્રીમ કોર્ટને શરમજનક સ્થિતિમાં મૂકાતી બચાવી લીધી છે. ખાલિદ સહિતની જામીન અરજીઓની સુનાવણી પહેલાં ઝોહરાન મમદાનીએ તેને લાંબા સમયથી જેલમાં બંધ રખાયો છે એ અંગે ખરખરો કરેલો. એ પછી અમેરિકાના ૮ સાંસદો મેદાનમાં આવી ગયા અને અમેરિકાના ખાતેના ભારતીય રાજદૂત વિનય મોહન કવાત્રાને પત્ર લખીને ખાલિદ સહિતના આરોપીઓને તાત્કાલિક જેલમાંથી છોડવા અપીલ કરતો પત્ર ફટકારી દીધેલો.

ઈલહાન ઉમર, રશિદા તલૈબ, પ્રમિલા જયપાલ, જિમ મેકગવર્ન, જેમી રસ્કિન, ક્રિસ વાન હૌલ્લેન, જાન સ્કેવોસ્કી અને લોયડ ડોગેટ્ટે ખાલિદ નિર્દોષ હોવાની રેકર્ડ વગાડીને તેને તાત્કાલિક મુક્ત કરવા માટે ભારત સરકારને અપીલ કરી હતી. આ આખો ડ્રામા સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પહેલાં થયો તેનો અર્થ સ્પષ્ટ હતો કે, પ્રેશર ટેક્ટિકના ભાગરૂપે આ પત્ર લખાયો છે. સદનસીબે સુપ્રીમ કોર્ટ એવા કોઈ દબાણમાં આવી નથી. ઊલટાનું આ લેટર બૂમરેંગ થયો અને ખાલિદ-શર્જીલને બરાબરનો બૂચ વાગી ગયો.સુપ્રીમ કોર્ટે જેમને જામીન મળી શકે તેમ હતા તેમને જામીન આપી દીધા ને ખાલિદ-શર્જીલને અંદર જ રાખીને મેરિટના આધારે જ નિર્ણય લીધો છે પણ ખાલિદ-શર્જીલને પણ જામીન મળ્યા હોત તો એવી છાપ ઊભી થઈ હોત કે, અમેરિકાના સાંસદોના દબાણમાં બંને છૂટી ગયા. સુપ્રીમ કોર્ટે એવી છાપ ના પડવા દઈને ભારતીય ન્યાયતંત્રની આબરૂ બચાવી લીધી અને અમેરિકાના સાંસદોને પણ અહેસાસ કરાવી દીધો કે, ભારતની આંતરિક બાબતોમાં કડછો મારવાની ગમે તેટલી ખંજવાળ હોય પણ અહીં મેળ પડવાનો નથી.

### હવે પાકિસ્તાનના આતંકવાદીઓને પાઠ ભણાવવાનો સમય આવી ચૂક્યો છે.

# નઠારા પાડોશી પાકિસ્તાનને જયશંકરનો સીધો સંદેશ

• બીજીતરફ ભારત સરકારે સ્પષ્ટ વલણ અખત્યાર કર્યું હતું કે, હવે આતંકી રાષ્ટ્રને તેની જ ભાષામાં જવાબ આપવામાં આવશે.

'પહેલા સગા પાડોશી' એવી લોકોક્તિ પાડોશીનું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે, પણ જ્યારે એક દેશ તરીકે વિચારીએ, તો ભારતને એવું સુખ મળ્યું નથી એય હકીકત છે. આપણા દેશની ફરતે આવેલા પાડોશીઓ નઠારાપણાની તમામ હદ વટાવે તેવા છે અને આ જ નિઃસાસો વિદેશમંત્રી એસ. જયશંકરે તાજેતરમાં વ્યક્ત કર્યો હતો. વિદેશમંત્રીએ મદ્રાસ આઈઆઈટીના છાત્રો સાથે સંવાદ દરમ્યાન સ્પષ્ટ કહ્યું કે, વાત જ્યારે ખરાબ પાડોશીઓની આવે ત્યારે ભારતને પોતાના લોકોની રક્ષા કરવાનો સંપૂર્ણ અધિકાર રહેલો છે. તેમણે સોય ઝાટકીને એમ પણ કહી દીધું હતું કે, આતંકી હુમલાઓ કરાવતા પાડોશીને આપણા દેશની નદીનું પાણી માગવાનો પણ હક રહેતો નથી. જયશંકરે એકદમ કટુ સત્ય સૌની સામે મૂક્યું હતું કે, પાડોશીઓમાં એકમાત્ર પાકિસ્તાન જ એવો દેશ છે, જેને ભારતની નદીઓનું પાણી પણ જોઈએ છે અને આતંકીઓ મોકલીને નિર્દોષ નાગરિકોના લોહીની નદી પણ વહાવવી છે. આવાં બેવડાં ધોરણને હરગીજ સાંખી શકાય નહીં. વાસ્તવમાં, પાકિસ્તાન એવું માની બેઠું હતું કે, વર્તમાન સરકાર પણ તેની અગાઉની સરકારો જેવી જ છે અને એટલે જ ૨૦૧૪માં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સત્તાની કમાન સંભાળી, ત્યારે પણ તેણે પોતાની કાર્યશૈલી બદલાવી ન હતી. બીજીતરફ ભારત સરકારે સ્પષ્ટ વલણ અખત્યાર કર્યું હતું કે, હવે આતંકી રાષ્ટ્રને તેની જ ભાષામાં જવાબ આપવામાં આવશે. એટલે જ ૨૦૧૬માં પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં સર્જિકલ સ્ટ્રાઈક કરી, ૨૦૧૯માં એર સ્ટ્રાઈક અને ૨૦૨૫માં બહાદૂરીપૂર્વક ઓપરેશન સિંદૂર કરીને પાડોશીની બધી જ ગેરસમજ ભાંગી નાખી હતી. પોતાના દુષ્ટ પાડોશીઓને સમજાવવા માટે ભારતની સરકારોએ પોતપોતાની રીતે બધા પ્રયાસ કર્યા. પંડિત જવાહરલાલ નેહરુથી નરેન્દ્ર મોદી સુધીના વડાપ્રધાનોએ પાકિસ્તાનને પોતાનો નાનો ભાઈ જ માન્યો હતો, પરંતુ દરેક વખતે ભારતને તેની ભલમનસાઈનો જવાબ દુષ્ટતાથી જ મળ્યો હતો. આજે સ્થિતિ એ છે કે, ભારત તેના આ નઠારા પાડોશીને પાઠ ભણાવવા હંમેશાં તૈયાર રહે છે. આતંકવાદ પ્રત્યે પણ ભારતનું પાકિસ્તાન તરફનું વલણ અત્યંત સ્પષ્ટ અને રૂક્ષ છે. વાસ્તવમાં ૧૯૭૧માં જ્યારે પાકિસ્તાને આત્મસમર્પણ કર્યું ત્યારે જ તેને સમજાઈ ગયું હતું કે, સીધા યુદ્ધમાં તે કદી પણ જીતી શકશે નહીં અને એટલે જ તેણે 'છદ્મ યુદ્ધ' એટલે કે આતંકવાદને પોતાનું શસ્ત્ર બનાવ્યું હતું. આના પાછળ પાકિસ્તાની કુનીતિ સ્પષ્ટ હતી. તે સમજતું હતું કે, આતંકી કાર્યવાહી પાછળ પોતાને ઓછો ખર્ચ થશે, પરંતુ ભારતને નુકસાન પહોંચાડી શકે છે. તેની આ ચાલબાજી ૨૦૧૪ સુધી તો સમીસરખી ચાલી પરંતુ એ પછી તેના પાસાં અવળાં પડયાં છે. મોદીની ટીમમાં અજિતકુમાર ડોભાલ જેવા અનુભવી જાસૂસોએ સમજી લીધું કે, હવે પાકિસ્તાનના આતંકવાદીઓને પાઠ ભણાવવાનો સમય આવી ચૂક્યો છે. મોદી સરકારની દરેક વાતે ટીકા કરતા તજજ્ઞોના એક વર્ગે એ વખતે એવી વાત આગળ રાખી હતી કે, જો પાકિસ્તાનની સરકાર તરફ કડક વલણ રખાશે તો સેના સરકાર ઉથલાવીને સત્તા મેળવી લેશે જો કે, તેમનો આ કુતર્ક લાંબો સમય ચાલ્યો ન હતો કેમ કે, મોદી સરકાર એવું સમજાવવામાં સફળ રહી હતી કે, ભારતની સેના પાકિસ્તાનના લોકો, સરકાર કે ત્યાંની સેના વિરુદ્ધ નથી તેનું નિશાન માત્ર ને માત્ર ત્યાંની ભૂમિ પર ઉછરી રહેલા આતંકીઓ જ છે. ભારત કોઈ પણ દેશની એ સલાહને પણ માનવાનો નથી કે પાકિસ્તાન તો જાતે જ આતંકવાદનો ભોગ બનેલો છે. ભારત માને છે કે, આજે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા બલૂચિસ્તાન અને કરાચીમાંની આતંકી ઘટનાઓ પાછળ ખુદ ઈસ્લામાબાદની નીતિઓ જ જવાબદાર છે. હવે રહી વાત ભારત દ્વારા જળસંધિ માનવા કે ન માનવાની, તો ભારતે પોતાના પાડોશીને એ વાતનો અહેસાસ કરાવવા સંધિને રોકી છે કે તે પંડિત જવાહરલાલ નેહરુની એ સહૃદયતાને સમજે કે જેમણે ૧૯૬૦માં દુષ્ટ પાડોશીને માત્ર એટલા માટે ૮૦ ટકા પાણી આપ્યું કે, તે ભારત સાથે શત્રુતાનો માર્ગ અપનાવે નહીં, પણ પરિણામ આપણી સામે છે. કહેવાનું તાત્પર્ય એ જ છે કે, ભારત દુષ્ટ પાડોશી સાથે જ્યાં કઠોર વ્યવહાર કરે છે, તો અન્ય પાડોશીઓ માટે જરૂરત પડે ત્યારે 'પહેલા સગા'ના ન્યાયે ખડાપગે ઊભી પણ જાણે છે. એટલે જ વિદેશમંત્રી જયશંકરે દુષ્ટ પાડોશી સાથે કઈ રીતે પનારો પાડવો તેનો ફોડ પાડયો છે તે બધી રીતે ઉચિત છે.

### સમસ્યા વધી શકે છે. હકીકતમાં જાહેર પરિવહન 'બેસ્ટ' બને તેનો પ્રબંધ છે?

# પ્રલોભનકારી રાહતનાં વચન

■ **ભૂતકાળમાં મુંબઈમાં ઝુણકા-ભાખરની બોલબાલા હતી. ચેન્નઈમાં અમ્મા-ઇડલીથી પેટપૂજાની શરૂઆત થઈ હતી. હવે મનસે અને ઉબાઠા સેનાના 'મા સાહેબ કિચન'માં રૂા. ૧૦માં ભોજન-નાસ્તો આપવાની ઑફર છે.**

ઉદ્ધવ ઠાકરે સેના અને નવનિર્માણ સેનાનો ચૂંટણી ઘોષણા પત્ર વિધિસર જાહેર થાય તે પહેલાં બંને પક્ષોના બંને યુવા નેતાઓ - આદિત્ય ઉદ્ધવ ઠાકરે અને અમિત રાજ ઠાકરેએ મુંબઈના મતદારોને મહત્ત્વનાં વચનો આપ્યાં છે. સિનિયર નેતાઓએ બંને યુવા ચહેરાઓને મોરચા અને મંચ ઉપર બેસાડીને યુવાવર્ગના પ્રતિનિધિ પ્રોજેક્ટ કર્યા છે અને મુંબઈકરને પ્રલોભનકારી રાહતનાં વચન આપ્યાં છે. માત્ર મરાઠીભાષી અને મરાઠી ભાષા ઉપર ભાર મૂકવાને બદલે જે 'રાહતો'ની જાહેરાત થઈ છે તે ભાજપ અને શિંદેસેનાના વિકાસ વચનોથી આગળ વધીને નાણાકીય રાહતોનાં વચનો વધુ આકર્ષક બને એવી ગણતરી છે.



ઘરકામ કરતી બાઈઓને માસિક પંદરસો રૂપિયા સરકાર આપશે. અલબત્ત, આ માટે નામ નોંધાવવા પડશે. આ સહાય 'બેકાર' હોય તેને જ મળશે એવી કોઈ સ્પષ્ટતા થઈ નથી પણ હાલ કામવાળી કે કામવાળાને પંદરસોથી વધુ માસિક પગાર મળે છે. સંખ્યાબંધ બિનસરકારી સંસ્થાઓ તબીબી સેવા પૂરી પાડે છે અને તેના નોંધાયેલાં 'સેવક-સેવિકાઓ'ને દૈનિક સરેરાશ ૮૦૦થી ૧૦૦૦ રૂપિયા મળે છે. નેતાઓ કદાચ નહીં જાણતા હોય.

ભૂતકાળમાં મુંબઈમાં ઝુણકા-ભાખરની બોલબાલા હતી. ચેન્નઈમાં અમ્મા-ઇડલીથી પેટપૂજાની શરૂઆત થઈ હતી. હવે મનસે અને ઉબાઠા સેનાના 'મા સાહેબ કિચન'માં રૂા. ૧૦માં ભોજન-નાસ્તો આપવાની ઑફર છે.

નોકરિયાત વર્ગને લાભ આપવા માટે ૫૦૦ ચો.ફૂટના ફ્લૅટને પ્રૉપર્ટી ટૅક્સમાંથી બાકાતી અપાશે. વર્તમાન સરકારે ૭૫૦ ચો.ફૂટ માટે આ રાહત આપી છે - હવે વધુ લોકોને મળશે. અલબત્ત, સત્તા મળ્યા પછી સત્તાવાર નોટિફિકેશન બહાર પડે ત્યારે તેની અસર જાણવા મળશે. ભૂતકાળમાં ભાડૂતોને સસ્તામાં ઘરમાલિક બનાવવાની જાહેરાત થઈ હતી તે લોકો યાદ કરશે.

યુવાવર્ગને પોતાના ધંધા-વ્યવસાય શરૂ કરવા માટે પચીસ હજારથી એક લાખ સુધી મદદ મળશે. સરકારી શાળાઓમાં દસમા ધોરણ પછી જુનિયર કૉલેજો શરૂ થશે. મરાઠી ભાષા ફરજિયાત હશે.

મુંબઈમાં જૂનાં મકાનો રિડેવલપમેન્ટમાં જાય છે ત્યારે દરેક ફ્લૅટદીઠ એક પાર્કિંગ ફરજિયાત આપવાની - જોગવાઈ થાય તો પણ તેનો અમલ આસાન હશે? વાહનોની સંખ્યામાં ધરખમ વધારો થઈ રહ્યો છે અને કંપનીઓ પ્રોડક્શન વધારશે પણ બીલ્ડરો માટે

સમસ્યા વધી શકે છે. હકીકતમાં જાહેર પરિવહન 'બેસ્ટ' બને તેનો પ્રબંધ છે?આ યુવાનેતાઓએ વીજળીના મીટરના વિવાદમાં પડયા વિના પૂર્વ અને પશ્ચિમનાં પરાંવાસીઓને ૧૦૦ યુનિટ સુધી વિનામૂલ્યે વિદ્યુત પુરવઠો આપવાની વ્યવસ્થા 'બેસ્ટ' દ્વારા થશે એમ જણાવ્યું છે.

સૌથી મોટી જાહેરાત છે મુંબઈ પોર્ટ ટ્રસ્ટની. ૧૮૦૦ એકર જમીનની માલિકી - અંકુશ મેળવવાનો પ્રયાસ કરશે-પણ આ કામ આસાન નથી. કેન્દ્ર સાથે સંઘર્ષ થાય. દેશના સંરક્ષણ સાથે મુંબઈ પોર્ટનું મહત્ત્વ છે.ઉમેદવારોને પ્રચારમાં મદદ અને માર્ગદર્શન માટે યુવાન નેતાઓ આગળ આવ્યા છે. હવે આ વચનોની અસર જનમાનસ - મતદાતાઓ ઉપર કેવી પડે છે તે જોવાનું છે.



# 'મેં સફળતાને ખુબ હળવાશથી લીધી છે' : સફળતા- નિષ્ફળતા એક સિક્કાની બે બાજુ છેઃ કરીના



કરિના કપૂર માટે અભિનય માત્ર એક વ્યવસાય નથી, પરંતુ એક એવો જુસ્સો છે જેને તેઓ અનંત કાળ સુધી આગળ વધારવા માંગે છે. તેનું માનવું છે કે સફળતા કોઈ અંતિમ મંજિલ નથી, પરંતુ પોતાની પસંદનું કામ સતત કરતા રહેવાની એક પ્રક્રિયા છે.બોલિવૂડ અભિનેત્રી કરિના કપૂર ખાન લાંબા સમયથી પોતાની પ્રતિભા, આત્મવિશ્વાસ અને મનોરંજન જગતના ઉતાર-ચઢાવને સંતુલિત રીતે સંભાળવાની ક્ષમતાને કારણે જાણીતી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેમણે સફળતા અને નિષ્ફળતા અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યું કે બંને એક જ યાત્રાનો ભાગ છે અને તેને અત્યંત ગંભીરતાથી લેવાની જરૂર નથી.કરિના માટે અભિનય માત્ર વ્યવસાય નહીં, પરંતુ એક એવો શોખ છે જેને તેઓ જીવનભર અનુસરવા ઈચ્છે છે. તેઓ માને છે કે સફળતા કોઈ લક્ષ્ય ના હોઈ શકે, પરંતુ પોતાની પસંદનું કાર્ય કરતા રહેવાની સતત ચાલતી પ્રક્રિયા છે.હાર્પર્સ બજારને આપેલા ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું હતું, "હજુ ઘણું હાંસલ કરવાનું બાકી છે, કારણ કે અભિનય એ એવું કામ છે જેને હું પ્રેમ કરું છું અને માણું છું. અભિનય હું સતત કરતા રહેવા માગું છું. તે મારા ડીએનએનો એક ભાગ છે. એવું નથી કે આ કોઈ લક્ષ્ય છે જે મને હાંસલ કરવું જ હોય. મારા માટે ક્યારેય કોઈ અંતિમ લક્ષ્ય રહ્યું નથી; કોઈ અંત નથી, કારણ કે હું જે કામને પ્રેમ કરું છું તે કરતા રહેવું છે, અને એ છે ફિલ્મોમાં અભિનય."

**નિશ્ચિત રીતે તમારા ચાહકો ખૂબ વફાદાર હોય છે, અને આ સફરમાં તમને ઘણા ચાહકો મળે છે, અને અંતે એ જ મહત્વનું છે, ઇન્સ્ટાગ્રામ લાઇક્સ નથી, તમારો દેખાવ કેવો છો તે નહી. મને લાગે છે કે આ બધું મહત્વનું નથી. તમારી અભિનય ક્ષમતા, તમારા વફાદાર ચાહકો—આ જ એવી બાબતો છે જે બધાથી વધુ મહત્વ ધરાવે છે."**

તેઓ એ વાત પણ સ્વીકારે છે કે સફળતા અને નિષ્ફળતા હાથમાં હાથ નાખીને ચાલે છે, અને બંનેમાંથી કોઈપણ વ્યક્તિના મૂલ્યને નિર્ધારિત ન કરવી જોઈએ. પોતાની સિદ્ધિઓ કે અડચણોને લાગણીઓ પર હાવી થવા દેવાને બદલે, તેઓ પોતાની કારકિર્દી પ્રત્યે સંતુલિત અભિગમ જાળવે છે. તેઓ કહે છે, "મારા મત પ્રમાણે સફળતાને ક્યારેય બહુ ગંભીરતાથી લેવી નહીં જોઈએ, અને મોટા ભાગના અભિનેતાઓએ પણ એવું જ કરવું જોઈએ. કારણ કે જ્યાં સફળતા છે ત્યાં નિષ્ફળતા પણ છે, અને નિષ્ફળતા વગર સફળતા શક્ય નથી. ખાસ કરીને આ વ્યવસાયમાં તો એ જ વાસ્તવિકતા છે. તેથી જ મેં હંમેશા મારી સફળતાને બહુ હળવાશથી લીધી છે અને શરૂઆતથી જ તેને બહુ ગંભીરતાથી નથી લીધી."

ઉદ્યોગમાં બે દાયકાથી વધુ સમય વિતાવ્યા બાદ, કરિનાને સમજાયું છે કે સાચો સંતોષ બાહ્ય માન્યતા કરતાં વ્યક્તિગત વિકાસ અને આત્મવિશ્વાસમાંથી મળે છે. તેઓ કહે છે, "સફળતા એવી વસ્તુ છે જેના માટે આપણે બધા આતુર રહીએ છીએ, પરંતુ તે જીવનનું એકમાત્ર લક્ષ્ય બની શકે નહીં. વર્ષો દરમિયાન, જ્યારે તમે આ ઉદ્યોગમાં પરિપક્વ થાઓ છો અને ઘણું કામ કરો છો, ત્યારે તમને સમજાય છે કે તમે તમારા માટે પણ કામ કરો છો.

# ડોન ૩માં વિક્રાંત મેસ્સીના બદલે રજત બેદીને લેવાની ચર્ચા

## ફરહાન અખ્તર લીડરોલમાં રિતિકને લે તો, ફરી રજત-રિતિક આમને સામને આવશે

ફરહાન અક્તરની ડોન ૩ છેલ્લાં કેટલાંક દિવસથી સતત ચર્ચામાં છે, પહેલાં આ ફિલ્મમાંથી કિઆરા નીકળી, ત્યાર પછી આ ફિલ્મ વિક્રાંત મેસ્સીએ છોડી અને છેલ્લે રનવીર સિંહે ફિલ્મ છોડી હોવાના અહેવાલો છે. તેથી હવે ફિલ્મની ટીમ ફરી બધા રોલમાં ચર્ચા વિચારણાઓ કરીને નવા કાસ્ટિંગની તૈયારી કરી રહ્યા છે. કારણ કે લાંબા સમયથી મોડી પડી રહેલી આ ફિલ્મ હવે તેઓ ટૂંક સમયમાં શરૂ કરવા માગે છે.

આ અંગે સુત્રો દ્વારા મળતી માહિતિ અનુસાર, ફરહાન અખ્તરે વિક્રાંત મેસ્સીના રોલ માટે રજત બેદી સાથે વાટાઘાટો શરૂ કરી છે. તેને એક ગંભીર રોલ માટે સંપર્ક કરાયો છે, જે રોલ પહેલાં વિક્રાંસ મેસ્સીને મળ્યો હતો. આર્યન ખાનની બૅડ્ઝ ઓફ બોલિવૂડથી રજત બેદી ફરી ચર્ચામાં આવ્યો છે. હવે તેને એક મહત્વના રોલ માટે લેવાય એવી શક્યતા છે. રજત બેદી અને ફરહાન તેમજ ફિલ્મના પ્રોડ્યુસર રિતેશ સિદ્ધવાની વચ્ચે આ અંગે વાટાઘાટો અને ચર્ચાઓ ચાલી રહી છે.

સુત્રએ જણાવ્યું, "ફરહાન અને રજત વચ્ચે કેટલીક ચર્ચાઓ થઈ છે. ફરી તેઓ જાન્યુઆરીના અંત સુધીમાં ફરહાનની ખારમાં આવેલી ઓફિસમાં મળવાના છે, જેમાં તેઓ રોલ વિશે વિગતે ચર્ચા કરશે." આ રોલ ફિલ્મના કેન્દ્રમાં છે અને ઘણો મહત્વનો છે.

જુલાઈ ૨૦૨૫માં વિક્રાંત મેસ્સીએ આ રોલ છોડ્યો હતો કારણ કે વિક્રાંતને ઈચ્છા હતી એ રીતે આ રોલ આગળ વધતો નહોતો. તે ઈચ્છતો હતો કે તેના પાત્રમાં થોડું પરિવર્તન અને ઊંડાણ આવે, પરંતુ ફિલ્મના અંતિમ ડ્રાફ્ટમાં એવું પરિવર્તન જોવા મળ્યું નહોતું. આ રોલ માટે આદિત્ય રોય કપૂર અને વિજય દેવરકોંડા સહિતના કલાકારોના નામ પર વિચાર કરવામાં આવ્યો હતો. ડોન ૩ સાથે રનવીર સિંહ જોડાણ ખતમ થઈ ગયું કે હજુ પણ તે આ રોલ કરે છે, તે મુદ્દે ચિત્ર હજુ અસ્પષ્ટ છે. પરંતુ ધુરંધરની સફળતા પછી તેણે આ ફિલ્મ છોડી હોવાની ચર્ચા છે. જોકે, એવા પણ અહેવાલો છે કે રનવીરે આ ફિલ્મ ધુરંધરની સફળતાના કારણે નહીં પરંતુ ક્રિએટીવ મતભેદના કારણે છોડી છે. આ મુદ્દે રનવીર કે પછી ફરહાન તરફથી કોઈ જ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પરંતુ ઈન્ડસ્ટ્રીના કેટલાંક લોકોનો મત છે કે આ અફવાઓ છે અને આ પ્રકારની ચર્ચાઓ નવી નથી. આ ફિલ્મનું કામ ૨૦૨૫માં શરૂ થવાનું હતું હવે ૨૦૨૬ની શરૂઆતમાં ડોન ૩નું શૂટ શરૂ કરી દેવાની મેકર્સની ગણતરી છે. તેના માટે દરેક રોલમાં નવા કલાકારો સાથે સ્ક્રિપ્ટમાં પણ સુધારા થઈ રહ્યા છે. જ્યાં સુધી કોઈ ઓફિશિયલ જાહેરાત ન થાય ત્યાં સુધી આ ફિલ્મ ચર્ચાઓમાં જ રહેશે.

# અક્ષય અને વિદ્યા બાલન સાથે અનિસ બઝમી આગામી કોમેડી ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે

બોલિવૂડ ફિલ્મ નિર્દેશક અનિસ બઝમી ફરી એકવાર વિદ્યા બાલન અને અક્ષય કુમારની કોમેડીની ક્ષમતાને કેમેરામાં કંડારવા તૈયાર થયા છે. અક્ષય કુમારની કોમેડીની એક્ટિંગથી સૌ કોઇ પરિચિત છે, પરંતુ વિદ્યા બાલન પણ કોમેડી કરવામાં સહેજ પણ પાછી પડે તેમ નથી, કેમ કે તેણે ૨૦૦૭ની 'ભૂલ ભુલૈયા'માં પોતાની કોમેડી કરવાની ક્ષમતાનું પણ દમદાર પ્રદર્શન કર્યું હતું. સાથે જ વિદ્યાની કોમેડી રીલ્સના તો બોલિવૂડના લોકો પણ ફૅન છે.

વિદ્યા બાલન અને અક્ષય કુમાર પોતાનાં ૨૦૨૬નાં નવા વર્ષનું સ્વાગત અનિસ બઝમીની આગામી કોમેડી ફિલ્મના શૂટિંગથી કરશે, કેમ કે હાલના અંદાજ મુજબ આ ફિલ્મનું શૂટિંગ ૧૫ થી ૨૦ જાન્યુઆરી વચ્ચે શરૂ થઇ શકે છે. વિકી લાલવાણીએ ઈન્સ્ટાગ્રામ ઉપર મૂકેલી પોસ્ટ મુજબ આ ફિલ્મનું શૂટિંગ ૧૯ જાન્યુઆરીથી શરૂ થઇ રહ્યું છે. તે ઉપરાંત બે સપ્તાહ પહેલાં અનિસ બઝમીએ 'મીડ ડે' અખબારને આપેલાં ઈન્ટરવ્યુમાં એકરાર કર્યો હતો કે હા, તે ૨૦૧૧ની 'થેંક યુ' બાદ ફરી એકવાર અક્ષયકુમાર સાથે કામ કરવા જઇ રહ્યો છે. બઝમીએ કહ્યું હતું કે 'અમારી વચ્ચે પારસ્પારિક પ્રેમના સંબંધો છે, કેમ કે મેં જ્યારે તેમને આગામી કોમેડી ફિલ્મ વિશે વાત કરી, ત્યારે તે ખુશ થઇ ગયો હતો'.આ ઈન્ટરવ્યુનાં થોડાં દિવસો બાદ એવી પણ વાત જાણવા મળી હતી કે આ ફિલ્મમાં અક્ષયકુમારની સાથે વિદ્યા બાલન પણ જોડાઇ રહી છે. લાલવાણીએ તેની પોસ્ટમાં કહ્યું હતું કે તેણે વિદ્યા બાલન અંગે ફિલ્મના નિર્માતા દિલ રાજુ સાથે પૃચ્છા કરી તો તેમણે પણ વિદ્યા બાલન આ ફિલ્મમાં કામ કરી રહી હોવાની વાતનું સમર્થન કર્યું હતું.

ફિલ્મ ઉદ્યોગમાં જો કે એવી અફવા ઉડી છે કે અનિસ બઝમીની સૂચિત કોમેડી ફિલ્મ ૨૦૨૫ના તામીલ ફિલ્મ 'સંક્રાથીકી વાસ્થુનામ'ની રિમેક છે. જો કે નિર્માતા રાજુએ આ અહેવાલને રદિયો આપતા ખુલાસો કર્યો હતો કે આ કોઇ રિમેક નથી, ફક્ત તામિલ ફિલ્મનો વિચાર રજૂ કરાયો છે. ૨૦૧૯માં આવેલી 'મિશન મંગલમ' ફિલમમાં વિદ્યા બાલન અને અક્ષય કુમાર સાથે દેખાયા હતા ત્યારબાદ છ વર્ષે ફરીથી આ જોડી પોતાની કોમેડી વડે ધમાલ મચાવવા આવી રહી છે.

# સિદ્ધાંતે ડીયર કોમરેડની રીમેક અંગે મૌન તોડ્યું, પ્રતિભા રાન્ટાએ થોડી રાહ જોવા અપીલ કરી

## ધડક ૨ની નિષ્ફળતા પછી સિદ્ધાંતે કહ્યું કે તે હવે કોઈ રીમેક કરવા માગતો નથી





બોલિવૂડ એક્ટર્સ સિદ્ધાંત ચતુર્વેદી અને પ્રતિભા રાન્ટાએ 'ડિયર કોમરેડ'ની રીમેકમાં તેમની કાસ્ટિંગ અંગે ચાલી રહેલી અફવાઓ પર અલગ-અલગ નિવેદન આપ્યાં છે. તેલુગુ ફિલ્મ 'ડિયર કોમરેડ'ની રીમેકમાં અભિનય માટે સિદ્ધાંત ચતુર્વેદી અને પ્રતિભા રાન્ટાના નામોની ચર્ચા થઈ રહી હતી. હવે બંને કલાકારોએ તેમની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ મારફતે આ અફવાઓ પર પ્રતિક્રિયા આપી છે. સિદ્ધાંતે સ્પષ્ટ કર્યું કે તે ફિલ્મનો ભાગ નથી અને હવે કોઈ રીમેક કરશે નહીં, જ્યારે પ્રતિભાએ સત્તાવાર જાહેરાત પહેલાં રાહ જોવા વિનંતી કરી છે.

સિદ્ધાંતે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું, "માત્ર સ્પષ્ટતા માટે મિત્રો, આ વાત સાચી નથી." તેમણે ઉમેર્યું કે તેઓ હાલ માટે રીમેકથી દૂર રહેવા માંગે છે: "હવે મારા માટે કોઈ રીમેક નહીં, ભલે હું મૂળ ફિલ્મ અને તેના કલાકારોનો પ્રશંસક છું—મારો ઘણો પ્રેમ અને સન્માન. આભાર." જોકે, તેમણે પ્રતિભા સાથે મૂળ પ્રોજેક્ટ પર કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી: "તેમ છતાં, અત્યંત પ્રતિભાશાળી પ્રતિભા રાન્ટા સાથે કોઈ ઓરિજિનલ પ્રોજેક્ટમાં કામ કરતા મને આનંદ થશે. આગળ વિચારીશું." સિદ્ધાંત છેલ્લે ધડક-૨માં જોવા મળ્યો હતો, જે તમિલ ફિલ્મ 'પરિયેરુમ પેરુમાલ' (૨૦૧૮)ની રીમેક હતી. સકારાત્મક પ્રતિસાદ છતાં ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ સફળ રહી નહોતી.

બીજી બાજુ, પ્રતિભાએ પ્રોજેક્ટમાં પોતાની ભૂમિકા અંગે ન તો પુષ્ટિ કરી ન તો ઈનકાર કર્યો. તેમણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું, "યોગ્ય સન્માન સાથે, હું તમામ મીડિયા પેજીસને વિનંતી કરું છું કે કૃપા કરીને કોઈપણ અપ્રમાણિત માહિતી પોસ્ટ કરવાથી અથવા ફેલાવવાથી દૂર રહે અને સત્તાવાર જાહેરાતની રાહ જુએ. આવું મારી સાથે છેલ્લા કેટલાક સમયથી થઈ રહ્યું છે, એવા અનેક પ્રોજેક્ટ્સ અંગે પણ, જેની સાથે હું સંકળાયેલી નથી અને તેના કારણે અનાવશ્યક ગેરસમજ ઊભી થાય છે. આ મુદ્દે તમારી સમજ, સહકાર અને સતત સમર્થન માટે હું ખરેખર આભારી રહીશ." 'ડિયર કોમરેડ'માં મુખ્ય ભૂમિકામાં વિજય દેવરકોન્ડા અને રશ્મિકા મંદાના હતાં. ભરત કમ્મા દ્વારા લખાયેલી અને દિગ્દર્શિત આ રોમેન્ટિક એક્શન ડ્રામા ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી.






# ૬ નવી બ્લોક બસ્ટર ફિલ્મો, જે ૨૦૨૬માં હોલીવુડને હચમચાવશે

મનોરંજન ક્ષેત્રે નવા વર્ષે ઘણી નવાજુની થવા જઇ રહી છે. આગામી મહિનાઓમાં ઘણી મોટી ફિલ્મો રિલીઝ થવાની હોઇ ૨૦૨૬નું વર્ષ ફિલ્મોના ક્ષેત્રે બ્લોકબસ્ટર બનવા જઇ રહ્યું છે. નવી રિલીઝ થનારી ફિલ્મોની યાદી બોલીવુડ માટે જ નહીં, હોલીવુડ માટે પણ ઘણી લાંબી છે. ૨૦૨૬ માં રિલીઝ થનારી હોલીવુડ કેટલીક નોંધપાત્ર ફિલ્મો વિશે જોઇશું.અનેક ફિલ્મો રિલીઝ થવા માટેની લાઇનો લગાવીને બેઠેલી છે. ધુરંધર ૨, કિંગ, બોર્ડર ૨, લવ એન્ડ વોર અને રામાયણ જેવી મોટી ફિલ્મો બોલીવુડમાં રિલીઝ થઈ રહી છે, ત્યારે હોલીવુડ સિનેમાઘરો નવી ફિલ્મોને કારણે પણ એટલી જ ભીડવાળાં રહેશે.૨૦૨૬ માં રિલીઝ થનારી રોમાંસ, હોરર અને ક્લાસિક ફિલ્મોની યાદી શેર કરી છે.

વુધરિંગ હાઇટ્સ

એમેરાલ્ડ ફેનેલની ફિલ્મ વુધરિંગ હાઇટ્સ એમિલી બ્રોન્ટેની નવલકથા પર આધારિત છે. ટ્રેલર જ લોકોમાં રસ જગાડી ચૂક્યું છે. આ ફિલ્મ ૨૦૨૬ ની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક છે. તે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ થિયેટરોમાં રિલીઝ થવાની છે. 'ઉંરીંહિપ્ર ઊૅૌપ્રરંજ' એ એવી નવલકથાઓમાંની એક છે જે સતત આશ્ચર્ય રેલાવે છે. એમિલી બ્રોન્ટે દ્વારા લખાયેલ, આ માસ્ટરપીસ ની જટિલતાઓની શોધ કરે છે પ્રેમ, બદલો અને વિમોચન. નિર્જન અને તોફાની ઇંગ્લિશ મૂર્સમાં સેટ, વાર્તા હીથક્લિફ અને કેથરિન અર્નશો વચ્ચેના તોફાની સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સમયના કૂદકા અને ફ્રેમવાળા વર્ણનો દ્વારા, લેખક કાચી લાગણીઓ, અવિચારી જુસ્સો અને નફરત અને વળગાડની વિનાશક અસરોથી ભરેલી વાર્તા વર્ણવે છે.

ધ બ્રાઇડ

મેગી ગિલેનહાલ દ્વારા દિગ્દર્શિત ધ બ્રાઇડ, આગામી મોન્સ્ટર ડ્રામા છે. જેસી બકલી, ક્રિશ્ચિયન બેલ, પીટર સાર્સગાર્ડ, એનેટ બેનિંગ, જેક ગિલેનહાલ અને પેનેલોપ ક્રુઝ સ્ટાર્સ છે. આ ફિલ્મ ૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની છે.

આઈ લવ બૂસ્ટર્સ

નવી કોમેડી અને એડવેન્ચર ફિલ્મ, આઈ લવ બૂસ્ટર્સ, ૨૦૨૬ માં પણ મોટા પડદા પર રિલીઝ થશે. બુટ્સ રિલેએ આ ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું, જેમાં વિલ પોલ્ટર, લેકીથ સ્ટેનફિલ્ડ, કેકે પામર, નાઓમી એકી અને ડેમી મૂર અભિનિત હતા. આ ફિલ્મ ૨૨ મે, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની છે.

ડિસ્ક્લોઝર ડે

જો તમે હોરર અને રોમાંસથી આગળ કોઈ સાયન્સ ફિક્શન ફિલ્મ શોધી રહ્યા છો, તો ડિસ્ક્લોઝર ડે ચોક્કસ જોવા જેવી છે. તે ૨૦૨૬ ની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક છે, જે ૧૨ જૂન, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. સ્ટીવન સ્પીલબર્ગ દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મમાં એમિલી

બ્લન્ટ, જોશ ઓ'કોનોર, કોલિન ફર્થ, ઈવ હ્યુસન અને કોલમેન ડોમિંગો છે.

ધ ઓડિસી

હોમરની પ્રાચીન ગ્રીક કવિતા પર આધારિત, ધ ઓડિસીની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. આ ફિલ્મનું દિગ્દર્શન ઓપનહેઇમર ડિરેક્ટર ક્રિસ્ટોફર નોલાન દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં ટોમ હોલેન્ડ, મેટ ડેમન, એન હેથવે, રોબર્ટ પેટિન્સન, લુપિતા ન્યોંગ'ઓ, ઝેન્ડાયા અને ચાર્લીઝ થેરોન મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ ૧૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની છે.



# રણવીર અને અનુશ્કાની બેન્ડ બાજા બારાત ફરી રિલીઝ થશે

એક તરફ રણવીર સિંહની ધુરંધર બોક્સ ઓફિસ પર ધુમ મચાવી રહી છે, ત્યારે યશરાજ ફિલ્મ્સની તેની ડેબ્યુ ફિલ્મ ફરી રિલીઝ થઈ રહી છે. રણવીર સિંહ અને અનુષ્કા શર્માની ડેબ્યુ ફિલ્મ બેન્ડ બાજા બારાત ૧૬ જાન્યુઆરીએ થિએટરમાં રિલીઝ થઈ રહી છે. આ રોમેન્ટિક કોમેડી ફિલ્મથી યશરાજે આ બે કલાકારોને લોંચ કર્યા હતા. જેમાં દિલ્હીના મિત્રોની મહત્વકાંક્ષાઓ અને રોમેન્સ વચ્ચે થતાં દિલ્હીના વૈભવી લગ્નોની વાત છે. તે વખતે આ ફિલ્મ સારી ચાલી હતી. આજે દર્શકોને તે કેટલી ગમે છે, તેના કરતાં તેમની કેટલી યાદો તાજી થાય છે, તે જોવા લોકો આ ફિલ્મ જોશે.

આ ફિલ્મમાં દિલ્હીનાં બે મિત્રો વેડિંગ મેનેજમેન્ટનો બિઝનેસ શરૂ કરે છે, જેમાં મર્યાદીત આર્થિક ભંડોળ અને વ્યવસ્થાઓ છતાં તેઓ સફળ થઇને પોતાના પરિવારોની આર્થિક જરૂરિયાતો પણ કઈ રીતે પુરી થઈ શકે, તે માટે કામ કરે છે.

મહેશ શર્માએ બેન્ડ બાજા બારાત ડિરેક્ટ કરી હતી, જે ૧૦ ડિસેમ્બર ૨૦૧૦ના દિવસે રિલીઝ થઈ હતી. તે દાયકાની સફળ ફિલ્મોમાં આ ફિલ્મને સ્થાન મળ્યું હતું. આ ફિલ્મનો અપ્રોચ કમર્શીયલ હોવા છતાં તેની વાર્તા ઘણી ઓથેન્ટિક હતી. આ ફિલ્મ પરથી પ્રેરાઇને પછી સિરીઝ પણ બની.

ફિલ્મના ડિરેક્ટર મહેશ શર્માએ જણાવ્યું હતું કે, "મેં એક મેગેઝીનમાં એક લેખ વાંચેલો, જેમાં દેશના યુવાન આન્ત્રપ્રિન્યોરની વાત હતી. એ મારા મનમાં રહી ગયો કે કઈ રીતે મર્યાદીત આર્થિક સુવિધાઓ વચ્ચે દેશના યુવાનો સફળતા મેળવી રહ્યા છે, જોખમ લઈ રહ્યા છે અને કશુંક એવું ખડું કરવાની કોશિશ કરે છે, જે તેમનું પોતાનું હોય, ભલે પછી તે નાના પાયા પર હોય. આ બીજ પરથી મારી વાર્તા બની. તેના પરથી પ્રેમ, દોસ્તી અને સપનાઓની થીમ પરની ફિલ્મ બની. આ ફિલ્મે દરેક વર્ગ અને દરેક ઉમરના દર્શકોને આકર્ષ્યા છે."

# ઓસી. ક્રિકેટર માર્ટિન કોમામાંથી બહાર, પરિવાર સાથે વાત કરી



ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર ડેમિયન માર્ટિન મેનિન્જાઈટિસથી પીડાતા ગોલ્ડ કોસ્ટ હોસ્પિટલમાં હતો ત્યારે કોમામાંથી બહાર આવ્યા પછી હવે સ્વસ્થ થઈ ગયો છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયાની બે વખતની વર્લ્ડ ચેમ્પિયન ટીમના સદસ્ય ૫૪ વર્ષીય ડેમિયન માર્ટિનને ગયા સપ્તાહે સપ્તાહે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેની હાલત ગંભીર હતી પરંતુ તેની તબિયત સુધારા પર છે અને ટૂંક સમયમાં તેને આઈસીયુમાંથી બહાર ખસેડવામાં આવે તેવી અપેક્ષા છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ પ્રસારણકર્તાએ સોમવારે પાંચમી એશિઝ ટેસ્ટના બીજા દિવસ દરમિયાન અહેવાલ આપ્યો હતો કે માર્ટિન હવે કોમામાંથી બહાર છે અને તે તેના પ્રિયજનો સાથે વાત કરી રહ્યો છે. માર્ટિનના મિત્ર અને લાંબા સમયથી સાથી ખેલાડી એડમ ગિલક્રિસ્ટે રવિવારે મોડી રાત્રે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે છેલ્લા ૪૮ કલાકમાં ઘટનાઓમાં અવિશ્વસનીય વળાંક આવ્યો છે. તે હવે વાત કરી શકે છે અને સારવારનો પ્રતિસાદ આપી શકે છે. ગિલક્રિસ્ટે કહ્યું કે માર્ટિન સારા મૂડમાં છે અને વૈશ્વિક ક્રિકેટ સમુદાય તરફથી સમર્થનથી અભિભૂત છે.તેમની પત્ની અમાન્ડા ખરેખર દરેકને કહેવા માંગે છે કે તેમને ખાતરી છે કે સંદેશાઓ અને પ્રેસ કવરેજ દ્વારા દરેક તરફથી તેમને જે પ્રેમ, સદ્ભાવના અને કાળજીની ભાવના મળી હતી તેનાથી ખરેખર તેમને મદદ મળી હતી તેમ એડમ ગિલક્રિસ્ટે ઉમેર્યું હતું. માર્ટિને ઓસ્ટ્રેલિયા માટે ૬૭ ટેસ્ટ મેચ રમી હતી જેમાં બેટિંગમાં સરેરાશ ૪૬.૩૭ની રહી હતી. તેણે ટેસ્ટ કારકિર્દીમાં ૧૩ સદી ફટકારી હતી.

# ઉત્તરાયણે રાજકોટમાં ભારત VS ન્યુઝીલેન્ડની વન-ડે મેચ

## ૧૫૦૦થી ૭૦૦૦ના ભાવે બુકમાય શો પર ટિકિટ વેચાણ શરૂ; ગિલની કેપ્ટન્સી, કોહલી-રોહિતને જોવા ભીડ ઉમટશે



રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતના ક્રિકેટ રસિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે, કારણ કે નવા વર્ષની શરૂઆત થતાની સાથે જ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બીજી ટી-૨૦ મેચ રાજકોટમાં યોજાનાર છે. આગામી ૧૪ જાન્યુઆરીના રોજ જામનગર રોડ પર ખંઢેરી સ્થિત નિરંજન શાહ સ્ટેડીયમ ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બીજી વન-ડે મેચ રમાનાર છે, જેને લઈ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (SCA) દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. SCA દ્વારા આ મેચ માટેની ટિકિટનાં દરની જાહેરાત કરવામાં આવી છે.

આ વર્ષે ટિકિટના ભાવ ૧૫૦૦થી લઈ ૭૦૦૦ સુધી નક્કી કરવામાં આવ્યા છે, જેનું ઓનલાઈન બુકિંગ બુકમાય શો પર શરૂ કરી દેવાયું છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા ઈસ્ટ સ્ટેન્ડ, વેસ્ટ સ્ટેન્ડ અને સાઉથ પેવેલિયન એમ ત્રણ પાર્ટ પાડીને તે અનુસાર ટિકિટનાં દર નક્કી કરાયા છે. એટલું જ નહી આ મેચ માટે ખાસ કોર્પોરેટ બોક્સ પણ બનાવવામાં આવ્યા છે, જેમાં વીઆઈપી સગવડ મળી રહેશે.

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાનાર ટી-૨૦ મેચ માટે ઈસ્ટ સ્ટેન્ડમાં લેવલ ૧, ૨ અને ૩ માટે ટિકિટના દર ૧,૫૦૦ રૂપિયા. જ્યારે વેસ્ટ સ્ટેન્ડનાં લેવલ-૧ માટે રૂ. ૨,૦૦૦, જ્યારે લેવલ ૨ માટે ૨,૫૦૦ રૂપિયા અને લેવલ ૩ માટે ૨૫૦૦ રૂપિયા, તેમજ વેસ્ટ સ્ટેન્ડમાં કોર્પોરેટ બોક્સનો દર ૭૦૦૦ રૂપિયા રાખવામાં આવ્યો છે. આ સિવાય સાઉથ પેવેલિયનમાં લેવલ-૧નો ટિકિટ દર ૭,૦૦૦ રૂપિયા, લેવલ-૨ના ૫,૦૦૦ રૂપિયા, લેવલ-૩ના ૩,૦૦૦ રૂપિયા ઉપરાંત કોર્પોરેટ બોક્સનાં ૬૦૦૦ રૂપિયા રાખવામાં આવ્યા છે. BCCI દ્વારા જાહેર કરેલ શિડ્યુલ મુજબ ન્યુઝીલેન્ડની ટીમ ભારતના પ્રવાસે આવી છે અને તેમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બીજી વન-ડે મેચ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે યોજાનાર છે. ન્યુઝીલેન્ડની ટીમ પ્રથમ વખત રાજકોટની મહેમાન બની રહી છે. અત્યાર સુધીમાં રાજકોટનાં ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે કુલ ૧૨ આંતરરાષ્ટ્રીય મેચ રમાયા છે, જેમાં ૩ ટેસ્ટ, 6 T-20 અને ૪ વન ડેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગત વર્ષે જાન્યુઆરી, ૨૦૨૫માં પ્રથમ વખત ભારતની વુમન્સ ટીમ પણ રાજકોટની મહેમાન બની હતી, જેમાં ભારતીય મહિલા ક્રિકેટરોએ આયર્લેન્ડ સામે રેકોર્ડ સ્થાપિત કરી શાનદાર જીત મેળવી ૩-૦થી વનડે ઈન્ટરનેશનલ શ્રેણી પર કબજો મેળવ્યો હતો.





**સોમવારે મુંબઈમાં રિલાયન્સ ફાઉન્ડેશનની પહેલ 'યુનાઇટેડ ઇન ટ્રાયમ્ફ' કાર્યક્રમ દરમિયાન શ્રીમતી નીતા એમ. અંબાણી (ડાબેથી ત્રીજા) ભારતના વર્લ્ડ કપ વિજેતા ક્રિકેટ કેપ્ટન રોહિત શર્મા, હરમનપ્રીત કૌર અને દીપિકા ટીસી સાથે જોવા મળ્યા હતા.**

# બાંગ્લાદેશી ગોલ્ફ ખેલાડીઓની ભાગીદારી અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી : કપિલ દેવ



ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન અને પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયાના પ્રમુખ કપિલ દેવે જણાવ્યું હતું કે, ભારતના ગોલ્ફ પ્રવાસમાં બાંગ્લાદેશી ખેલાડીઓની ભાગીદારી અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે સુરક્ષા કારણોસર અને તેની સરકારની સલાહ બાદ આવતા મહિને ભારતમાં યોજાનાર ૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ન મોકલવાનો નિર્ણય લીધો છે.

અગાઉ, ઈન્ડિયન પ્રીમિયર લીગ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના નિર્દેશ પર બાંગ્લાદેશના ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી બહાર કરવાનો નિર્ણય લીધો હતો.

જ્યારે કપિલે પીજીટીઆઈ ટૂરમાંથી બાંગ્લાદેશી ખેલાડીઓને બાકાત રાખવાની શક્યતા વિશે પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું, "અમે તેના પર ચર્ચા કરીશું. હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી." જમાલ હુસૈન, મોહમ્મદ સિદ્દીકુર રહેમાન અને મોહમ્મદ અકબર હુસૈન સહિત બાંગ્લાદેશના ઘણા પ્રખ્યાત ગોલ્ફરો પીજીટીઆઈ ટૂર પર રમે છે.

કપિલે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) ના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદને લખવાના નિર્ણય પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. કપિલે એક કાર્યક્રમ દરમિયાન કહ્યું હતું કે ગોલ્ફના વિકાસ માટે ભારતને ટીમ-આધારિત માળખાની જરૂર છે. તેમણે આઈપીએલ પછી ભારતીય ક્રિકેટમાં આવેલા ફેરફારોનું ઉદાહરણ પણ આપ્યું. તેમણે કહ્યું, "ભારતને ગોલ્ફમાં પણ ટીમ ફોર્મેટની જરૂર છે."

# મોહમ્મદ શમીને ચૂંટણી પંચની નોટિસ

## એસઆઈઆરના ફોર્મમાં ગરબડના કારણે હાજર થવા નિર્દેશ



ચૂંટણી પંચે ભારતીય ક્રિકેટર મોહમ્મદ શમી અને તેના ભાઈને SIRની પ્રક્રિયામાં ગરબડના કારણે નોટિસ પાઠવી છે. દક્ષિણ કોલકાતાના જાદવપુર વિસ્તારની એક શાળાએ બંને ભાઈઓને SIR મામલે AERO અધિકારી સામે હાજર થવા આદેશ આપ્યા છે. જોકે શમી વિજય હઝારે ટ્રોફીની મેચ માટે હાલ બંગાળની ટીમ તરફથી રાજકોટમાં છે.

રિપોર્ટ અનુસાર મોહમ્મદ શમી અને તેના ભાઈના SIRના ફોર્મમાં ગરબડ મળી છે. નોંધનીય છે કે SIR બાદ ચૂંટણી પંચે ૧૬મી ડિસેમ્બરે બંગાળના મતદારોની ડ્રાફ્ટ યાદી જાહેર કરી હતી. જે બાદ હવે જેમના નામ કપાઈ ગયા છે તેમની સુનાવણી ચાલી રહી છે.

નોંધનીય છે કે મોહમ્મદ શમીનો જન્મ ઉત્તર પ્રદેશના અમરોહામાં થયો હતો. જોકે તેઓ ઘણા વર્ષથી કોલકાતામાં જ રહે છે અને તે કોલકાતા નગર નિગમના ૯૩ નંબરના વોર્ડના મતદાર છે. શમી હાલ ઘરેલુ ક્રિકેટ રમી રહ્યો છે. હાલમાં જ ન્યૂઝીલેન્ડ સામે વનડે સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. જેમાં શમીને સ્થાન આપવામાં આવ્યું નથી. છેલ્લે ચેમ્પિયન્સ ટ્રોફીમાં શમી ભારતીય ટીમમાં રમતો જોવા મળ્યો હતો. તે બાદથી જ રાષ્ટ્રીય ટીમમાં તેને સ્થાન આપવામાં આવ્યું નથી. જોકે તે સતત ઘરેલુ ક્રિકેટ રમી રહ્યો છે. વિજય હઝારે ટ્રોફીમાં બંગાળની ટીમ તરફથી સૌથી વધુ વિકેટ લેનારો બોલર બન્યો છે. તે આઈપીએલમાં લખનૌની ટીમ તરફથી રમતો જોવા મળશે.

# બીજી વખત લગ્ન કરશે શિખર ધવન, ફિલ્મી સિતારા બનશે મહેમાન



ભારતીય ક્રિકેટ ટીમનો પૂર્વ ઓપનર અને 'ગબ્બર' તરીકે જાણીતો શિખર ધવનના ફરી એકવાર લગ્નબંધનમાં બંધાવા જઈ રહ્યો છે. અહેવાલો અનુસાર, ધવન પોતાની ગર્લફ્રેન્ડ અને આયર્લેન્ડની સુંદર મોડલ સોફી શાઈન સાથે લગ્નગ્રંથિએ જોડાવા જઈ રહ્યો છે. બંને લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા અને હવે આ સંબંધને સત્તાવાર નામ આપવા જઈ રહ્યા છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ કપલ ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહમાં લગ્ન કરવા જઈ રહ્યું છે. આ માટે દિલ્હી-દ્રઝઈમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ક્રિકેટ જગતના દિગ્ગજો અને બોલિવૂડની હસ્તીઓ હાજરી આપશે. શિખર ધવન પોતે આ લગ્નની તૈયારીઓમાં અંગત રસ લઈ રહ્યો છે જેથી આ નવી શરૂઆત યાદગાર બની રહે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, શિખર અને સોફીની પ્રથમ મુલાકાત થોડા વર્ષો પહેલા દુબઈમાં થઈ હતી. શરૂઆતમાં બંને વચ્ચે મિત્રતા થઈ અને ધીમે-ધીમે આ મિત્રતા પ્રેમમાં બદલાઈ ગઈ. હાલમાં જ રમાયેલી ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ દરમિયાન સોફી સ્ટેન્ડમાં શિખર સાથે જોવા મળી હતી, ત્યારથી જ સોશિયલ મીડિયા પર તેમના સંબંધોને લઈને અટકળો તેજ થઈ હતી. આ સિવાય IPL ૨૦૨૪માં પણ સોફી ઘણી વખત શિખર ધવનને સપોર્ટ કરતી જોવા મળી હતી.

અહેવાલો અનુસાર, સોફી આયર્લેન્ડની એક પ્રોડક્ટ કન્સલ્ટન્ટ છે અને તેમનું પ્રોફેશનલ બેકગ્રાઉન્ડ ખૂબ જ શાનદાર છે. તેણે આયર્લેન્ડની જ કેસલરોય કોલેજમાંથી પ્રારંભિક અભ્યાસ કર્યા બાદ લિમરિક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી માર્કેટિંગ અને મેનેજમેન્ટની ડિગ્રી મેળવી છે. હાલમાં તે અબુ ધાબીમાં આવેલી 'નોર્ધન ટ્રસ્ટ કોર્પોરેશન'માં સેકન્ડ વાઈસ પ્રેસિડેન્ટના ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે. પોતાની સુંદરતા અને સ્ટાઈલિશ અંદાજને કારણે તે અવારનવાર લોકોનું ધ્યાન ખેંચે છે, તેમ છતાં તે અંગત જીવનમાં લાઈમલાઈટથી દૂર રહેવાનું અને સાદગી જાળવી રાખવાનું વધુ પસંદ કરે છે.આ શિખર ધવનના બીજા લગ્ન હશે. અગાઉ તેણે ૨૦૧૨માં આયશા મુખર્જી સાથે લગ્ન કર્યા હતા, જેની સાથે તેને એક પુત્ર 'જોરાવર' છે. વર્ષ ૨૦૨૧માં આયશા અને શિખર અલગ થયા હતા અને ૨૦૨૩માં તેમના સત્તાવાર રીતે છૂટાછેડા થયા હતા. હવે શિખર પોતાની જિંદગીની નવી ઈનિંગ શરૂ કરવા માટે તૈયાર છે.

# અંડર-૧૯ ટીમ ઈન્ડિયાની શાનદાર જીતઃ ભારતે દક્ષિણ આફ્રિકાને ૮ વિકેટે હરાવીને સીરિઝ પર કર્યો કબજો



ભારતીય અંડર-૧૯ ટીમ હાલમાં દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ત્રણ મેચની ODI શ્રેણી રમી રહી છે. ત્યારે આજે (૫ જાન્યુઆરી)એ યોજાયેલી બીજી મેચમાં ભારતના યુવા ખેલાડીઓએ ૮ વિકેટે સાઉથ આફ્રિકાને હરાવી ધમાકેદાર પ્રદર્શન કર્યું. DLS મુજબ મળેલા ટાર્ગેટને ભારતીય અંડર ૧૯ ટીમે આસાનીથી સર કરી સીરિઝ પર ૨-૦થી કબજો કર્યો છે. દક્ષિણ આફ્રિકાનું પ્રદર્શન શરૂઆતથી ખરાબ રહ્યું, ઓપનર જોરિચ વાન શાલ્કવિકે ૨૦ બોલમાં ૧૦ અને અદનાન લગ્ડિયને ૨૪ બોલમાં ૨૫ રન બનાવ્યા, કેપ્ટન મોહમ્મદ બુલબુલિયા પણ મોટો સ્કોર કરવામાં નિષ્ફળ રહ્યો ૧૪ બોલમાં ૧૪ રન બનાવી આઉટ થયો. જો કે, ચોથા નંબર પર બેટિંગ કરતા જેસન રોલ્સે ૧૧૩ બોલમાં ૧૧૪ રન બનાવ્યા, જેમાં ૭ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા. ડેનિયલ બોસમેને પણ ૬૩ બોલમાં ૩૧ રન જડી દીધા, આમ ધીમી શરૂઆત બાદ દક્ષિણ આફ્રિકાએ ૪૯.૩ ઓવરમાં ૧૦ વિકેટે ૨૪૫ રન બનાવ્યા. ભારત તરફથી કિશન સિંહે ૮.૩ ઓવરમાં ૪૬ રન આપીને ૪ વિકેટ લીધી, જ્યારે આરએસ એમ્બ્રીસે ૨ વિકેટ તો દીપેશ દેવેન્દ્રને ૧ વિકેટ ઝડપી. ૨૪૬ રનના લક્ષ્યનો પીછો કરવા ભારતીય ટીમે મજબૂત શરૂઆત કરી, જેમાં ઓપનર વૈભવ સૂર્યવંશીએ ૨૪ બોલમાં ૧૦ છગ્ગા અને ૧ ચોગ્ગા સાથે ૬૮ રન બનાવ્યા. એરોન જ્યોર્જે પણ ૧૯ બોલમાં ૨૦ રન બનાવ્યા. પણ ત્યારબાદ મેચમાં વરસાદી વિઘ્ન આવ્યું હતું. જેથી થોડા સમય માટે મેચને અટકાવવામાં આવી હતી. જે બાદ DLS નિયમ મુજબ અમ્પાયરોએ ભારતને ૨૭ ઓવરમાં ૧૭૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.જેમાં વેદાંત ત્રિવેદીએ ૫૭ બોલમાં ૩૧ રન બનાવ્યા, જ્યારે અભિજ્ઞાન કુંડુએ ૪૨ બોલમાં ૪૮ રન બનાવી મેચને સરળતાથી જીતી લીધી. આ સાથે જ ભારતે ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦થી આગળ રહી ટ્રોફી પર કબજો જમાવી લીધો છે.

# નવા જોશ સાથે મલેશિયા ઓપનમાં રમવા ભારતીય ખેલાડી સજ્જ





૨૦૨૧ વર્લ્ડ ચેમ્પિયનશિપ બ્રોન્ઝ મેડલ વિજેતા લક્ષ્ય સેને ગઈ સીઝનમાં સારો દેખાવ કર્યો હતો. પેરિસ ઓલિમ્પિકમાં ચોથા સ્થાને રહ્યા બાદ ઓસ્ટ્રેલિયન ઓપન સુપર ૫૦૦ માં ટાઈટલ સાથે જીતના માર્ગે પાછો ફર્યો છે. હોંગકોંગ ઓપનની ફાઇનલમાં પહોંચેલી અલ્મોરાની ૨૪ વર્ષીય ખેલાડી સિંગાપોરના જિયા હેંગ જેસન તેહ સામે શરૂઆત કરતી વખતે આ ગતિ જાળવી રાખવાનો પ્રયાસ કરશે. યુવાન આયુષ શેટ્ટીએ પણ યુએસ ઓપન સુપર ૩૦૦ જીતીને આશાવાદ દર્શાવ્યો હતો અને પેરિસ ઓલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલ વિજેતા મલેશિયાની લી ઝી જિયા સામે ટકરાશે ત્યારે સુસંગતતાના જાળવવાનો પ્રયાસ કરશે.જોકે, બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા સિંધૂએ ફિટનેસની ચિંતાઓ અને ખરાબ ફોર્મને કારણે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન પગની ઈજામાંથી સ્વસ્થ થવા દરમિયાન ઓક્ટોબરથી સ્પર્ધાઓ ગુમાવી ચૂકી હતી, તે ચાઈનીઝ તાઈપેઈની સુંગ શુઓ યુન સામે પોતાના અભિયાનની શરૂઆત કરતી વખતે પોતાના શ્રેષ્ઠ દેખાવને ફરીથી પરત મેળવવા ઉત્સુક રહેશે.ઉન્નતિ હુડ્ડા તેના બીજા ઓડિશા ઓપન ટાઈટલ દ્વારા પ્રવર્તમાન સિઝનમાં જોરદાર દેખાવ કર્યા બાદ ટોક્યો ઓલિમ્પિક્સ ગોલ્ડ મેડલ વિજેતા અને ચોથી ક્રમાંકિત ચીનની ચેન યુ ફેઈનો સામનો કરશે. ડાબા ઘૂંટણની ઈજાને કારણે છ મહિનાથી રમતથી દૂર રહ્યા બાદ પરત ફરેલી માલવિકા બાંસોદ, ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન થાઈલેન્ડની સાતમી ક્રમાંકિત રત્ચાનોક ઈન્તાનોન સામે પોતાનું અભિયાન શરૂ કરશે. સાત્વિકસાઈરાજ રાન્કીરેડ્ડી અને ત્રીજા ક્રમાંકિત ચિરાગ શેટ્ટી પર પણ તમામ નજર રહેશે કેમ કેઆ બંને ગયા વર્ષે સિઝનના અંતમાં વર્લ્ડ ટૂર ફાઈનલ્સની સેમિફાઈનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય પુરુષ જોડી બન્યા હતા.ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન જોડી ૨૦૨૫ માં ભારતની સૌથી સુસંગત જોડી હતી, હોંગકોંગ ઓપન અને ચાઈના માસ્ટર્સની ફાઈનલમાં પહોંચી હતી. આ ઉપરાંત બીજી વર્લ્ડ ચેમ્પિયનશિપ બ્રોન્ઝ અને બહુવિધ સેમિફાઈનલ જીતી હતી. તેઓ એશિયન ગેમ્સ ચેમ્પિયન ચાઈનીઝ તાઈપેઈના લી જે-હુઈ અને યાંગ પો-હુઆન સામે તેમની ટાઈટલ વિજયની શરૂઆત કરશે.

# મહુવા તાલુકામાં કિસાન સૂર્યોદય યોજનાનો વ્યાપ પૂર્ણ

## ૩૪ ગામોના ૩૫૦૦થી વધુ ખેડુતોને દિવસે વીજળી મળશે

સુરત, તા.૬

રાજ્ય સરકારની મહત્વપૂર્ણ ખેડૂતલક્ષી "કિસાન સૂર્યોદય યોજના" અંતર્ગત સુરત જિલ્લાના મહુવા તાલુકામાં ખેતીવાડી વીજ પુરવઠાને લઈને મહત્વપૂર્ણ પ્રગતિ નોંધાઈ છે. તાલુકામાં અગાઉ બાકી રહેલા ગામોમાં હવે દિવસ દરમ્યાન ખેતીવાડી વીજ પુરવઠો વિધિવત રીતે શરૂ કરવામાં આવતા કિસાન સૂર્યોદય યોજનાનો વ્યાપ પૂર્ણ થયો છે. મહુવા તાલુકામાં આવેલ ૬૬ કેવી બામણિયા અને ૬૬ કેવી ભીમપોર સબસ્ટેશનમાંથી નીકળતા ખેતીવાડી ફીડરોમાં અગાઉ બે શિફ્ટ મુજબ પુરવઠો આપવામાં આવતો હતો. જેટેકો દ્વારા લાઈનના મજબૂતીકરણ માટે અંદાજે રૂપિયા ૨૫ લાખના ખર્ચે જરૂરી કામગીરી પૂર્ણ થતા, મહુવા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયાના હસ્તે કુલ ૧૧ એ.જી. (ખેતીવાડી) ફીડરોને દિવસ દરમ્યાન વીજ પુરવઠા માટે વિધિવત રીતે કાર્યરત કરવામાં આવ્યા છે. ૬૬ કેવી બામણિયા સબસ્ટેશનમાંથી કુલ ૦૭ એ.જી. ફીડરો નામે ઝેરવાવરા, કાંકરીયા, ભગવાનપુરા, કઢૈયા, બારતાડ, પુના અને નેવાણિયા, આ ફીડરો દ્વારા લાભાર્થી ૧૮ ગામોના કુલ ૨૫૯૫ ખેતીવાડી ગ્રાહકોને હવે દિવસ દરમ્યાન નિયમિત વીજ પુરવઠો ઉપલબ્ધ થશે. ૬૬ કેવી ભીમપોર સબસ્ટેશનમાંથી કુલ ૦૪ એ.જી. ફીડરો નામે હટુકા, કુંભીયા, બહેજ અને ખાખર. આ ફીડરો દ્વારા લાભાર્થી ૧૬ ગામોના કુલ ૯૦૦ ખેતીવાડી ગ્રાહકોને હવે દિવસ દરમ્યાન વીજ પુરવઠો મળશે. આ રીતે મહુવા તાલુકાના બાકી રહેલા કુલ ૩૪ ગામડાંઓને હવે આગળથી દિવસ દરમ્યાન ખેતીવાડી વીજ પુરવઠો મળશે અને કુલ મળીને ૩૫૦૦થી વધુ ખેતીવાડી ગ્રાહકોને સીધો લાભ થશે. દિવસ દરમ્યાન પુરવઠો મળવાથી ખેડૂત ખાતેદારોને રાત્રી દરમ્યાન ખેતરમાં જવું પડતું હોવાથી થતો જંગલી જાનવરનો ભય, અકસ્માતનો જોખમ તથા અસુરક્ષા ઘટશે અને ખેતીકામ વધુ સલામત તથા આયોજનબદ્ધ રીતે કરી શકાશે. આ કામગીરી માટે જેટકો દ્વારા રૂા.૮૦ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે આ પ્રસંગે જેટકોના અધિક્ષક ઈજનેર શ્રી પી.એન. પટેલ, કાર્યપાલક ઈજનેર શ્રી જે.ટી. પટેલ, ડીજીવીસીએલના અધિકારીઓ, લાભાર્થી ગામોના સરપંચશ્રીઓ, ચૂંટાયેલ પ્રતિનિધિઓ તથા ગ્રામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આવતી કાલે કામરેજની ખોલવડ કોલેજ ખાતે મેગા જોબફેર યોજાશે

સુરત, તા.૬

સુરત જિલ્લા રોજગાર કચેરી દ્વારા સુરત-તાપી જિલ્લાનાં ખાનગી એકમોમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો માટે તા.૦૭/૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કામરેજના ખોલવડ કોલેજ કેમ્પસ ખાતે 'ક્લસ્ટર મેગા જોબફેર' યોજાશે. આ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયના ધો.૧૦ પાસ/ આઈટીઆઈ(તમામ ટ્રેડ), ડિપ્લોમા, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ ધરાવતા ઉમેદવારો શૈક્ષણિક લાયકાત અંગેના તમામ પ્રમાણપત્રો, પાસપોર્ટ સાઈઝ ફોટો તેમજ આધારકાર્ડની ઝેરોક્ષ કોપી અને બાયોડેટા સાથે હાજર રહેવાનું રહેશે. આ કાર્યક્રમમાં ખાનગી કંપનીના નોકરીદાતા દ્વારા ઉમેદવારોની પસંદગી/ઈન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે એમ સુરતના મદદનીશ નિયામક(રોજગાર)ની યાદીમાં જણાવાયું છે.



# હાંસોટના ઈલાવ ગામે શ્રીરામ કથાનો પ્રારંભ

## પોથીયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા

સુરત, તા.૬

ભરૂચના હાંસોટ તાલુકાના ઈલાવ ગામે સમસ્ત ગ્રામજનો દ્વારા આયોજિત શ્રી રામચરિત માનસ રામકથાનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં કથાકાર ધનેન્દ્ર વ્યાસજી અમૃતમય વાણીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે ભરૂચના હાંસોટ તાલુકાના ઈલાવ ગામે સમસ્ત ગ્રામજનો દ્વારા આયોજિત શ્રી રામચરિત માનસ રામકથાનો ભવ્ય અને ધાર્મિક માહોલમાં પ્રારંભ કરવામાં આવ્યો. કથાના આરંભે પોથીયાત્રાનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દીપ પ્રાગટ્ય કરીને ૯ દિવસ સુધી ચાલનાર રામકથાનો વિધિવત પ્રારંભ કરાયો. આ કાર્યક્રમમાં હાંસોટ તાલુકા પંચાયતના પ્રમુખ સંગીતા સોલંકી, જિલ્લા ભાજપના મહામંત્રી વિનોદ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ જે.ડી. પટેલ, દત્તાશ્રય આશ્રમ ખરચના આચાર્ય ભાવિન પંડ્યા, મનન પંડ્યા, યુવા કથાકાર ધવલ વ્યાસ, ડૉ. સ્નેહલ મહેતા, આદર્શ કેળવણી મંડળ ઈલાવના પ્રમુખ તુષાર પટેલ, ગામના સરપંચ નિશા રાઠોડ, ડે. સરપંચ હિરેન પટેલ તેમજ ગામના આગેવાન મહાદેવ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.વ્યાસપીઠ પરથી કથાકાર શ્રી ધનેન્દ્ર વ્યાસજી તેમની સંગીતમય વાણી દ્વારા રામકથાનું રસસભર વર્ણન કરી રહ્યા છે. આ રામકથા ૯ દિવસ સુધી રોજ રાત્રે ૮ થી ૧૧ વાગ્યા દરમિયાન યોજાશે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી ધર્મલાભ લે તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# રાજ્યકક્ષા કલા મહાકુંભમાં નવસારીના સ્પર્ધકોની સફળતા

## ૧૪ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમ મેળવી નોંધપાત્ર સફળતા હાંસલ કરી

નવસારી, તા.૬

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સુરત દ્વારા સંચાલિત "રાજ્યકક્ષા કલા મહાકુંભ : ૨૦૨૫-૨૬" સ્પર્ધાનું આયોજન તા.૩૦/૧૨/૨૦૨૫ થી તા.૦૨/૦૧/૨૦૨૬ દરમિયાન દક્ષિણ ગુજરાત વીર નર્મદ યુનિવર્સિટી, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૩૭ વિવિધ કલા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવસારી જિલ્લાના સ્પર્ધકોએ ઉત્કૃષ્ટ પ્રતિભા પ્રદર્શિત કરી ૧૪ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમ મેળવી નોંધપાત્ર સફળતા હાંસલ કરી હતી. નવસારી જિલ્લાના સ્પર્ધકોએ એકપાત્રીય અભિનય, ગઝલ શાયરી લેખન, વાંસળી, વાયોલિન, હાર્મોનિયમ, ઓરગન, લોકગીત/ભજન, સુગમ સંગીત, રાસ, ગરબા તથા તબલા જેવી વિવિધ કલા વિદ્યાઓમાં અલગ- વયજૂથોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રાજ્યકક્ષાએ જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. સમગ્ર ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકા મળી કુલ ૪૧ એકમમાંથી ઉત્તર ઝોન, દક્ષિણ ઝોન, મધ્ય ઝોન અને સૌરાષ્ટ્ર ઝોનના સ્પર્ધકો વચ્ચે યોજાયેલી આ રાજ્યકક્ષા સ્પર્ધામાં નવસારી જિલ્લાએ કુલ ૦૫ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમ, ૦૭ સ્પર્ધાઓમાં દ્વિતીય ક્રમ અને ૦૨ સ્પર્ધાઓમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. નવસારી જિલ્લાના સ્પર્ધકો દ્વારા પ્રાપ્ત થયેલી આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ જિલ્લા વહીવટી તંત્ર, નવસારી દ્વારા તમામ વિજેતા સ્પર્ધકોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે તથા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# સુંવાલી દરિયાકિનારે ત્રિ-દિવસીય 'સુવાલી બીચ ફેસ્ટિવલ-૨૦૨૬'નું ભવ્ય આયોજન

## તા.૯મીએ ઓસમાણ મીર અને આમીર મીર, ૧૦મીએ ભૂમિ ત્રિવેદી અને ૧૧મીએ સાંત્વની ત્રિવેદી સૂરોની રમઝટ બોલાવશે

સુરત, તા.૬

રાજ્યના દરિયાકિનારાના પ્રવાસન સ્થળો, વિવિધ બીચોના વિકાસ માટે રાજ્ય સરકાર સક્રિયપણે પ્રયાસ કરી રહી છે, જેના ભાગરૂપે ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આગામી તા.૯ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સુરત નજીક આવેલા સુવાલીના દરિયાકિનારે ત્રિ-દિવસીય સુંવાલી બીચ ફેસ્ટિવલ-૨૦૨૬ યોજાશે. બીચ ફેસ્ટિવલને તા.૯મીએ સાંજે ૫.૦૦ વાગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે ખુલ્લો મૂકવામાં આવશે. બેઠકમાં ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સુંવાલી બીચનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરી દરિયાકાંઠાના પ્રવાસનને પ્રોત્સાહન મળે, સ્થાનિક સ્તરે રોજગારીનું સર્જન થાય તથા પ્રવાસી-સહેલાણીઓ મોટી સંખ્યામાં દરિયાકિનારાની મોજ માણે, વેચાણ સ્ટોલધારકોને તથા સ્થાનિકોને રોજી રોટી મળી રહે તે માટે રાજ્ય સરકાર તથા જિલ્લા-તાલુકા વહીવટીતંત્રએ બીચ ફેસ્ટિવલનું આયોજન કર્યું છે. સુવાલી જવા-આવવા સહેલાણીઓ માટે ત્રણેય દિવસે સિટી બસ અને એસ.ટી. બસની વ્યવસ્થા કરાશે. જિલ્લા કલેક્ટરશ્રીએ તૈયારીઓની સમીક્ષા કરી સંબધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. તેમણે કાર્યક્રમ સ્થળે અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફાયર બ્રિગેડ, તરવૈયા, એમ્બ્યુલન્સ અને આરોગ્યની ટીમોને સ્ટેન્ડ બાય રાખવી, પોલીસ દ્વારા સુવાલી બીચ જવાના તમામ રસ્તાઓ પર ટ્રાફિક નિયમન, પાર્કિંગ એરિયા જેવી આવશ્યક તૈયારીઓ પર ભાર મૂક્યો હતો. નોંધનીય છે કે, ઊંટ અને ઘોડેસવારી, ફુડ કોર્ટ, ક્રાફ્ટ સ્ટોલ, ફોટો કોર્નર, દેશી અને પરંપરાગત રમતો જેવા વિશેષ આકર્ષણો સાથે પ્રવાસીઓ દરિયાઈ ખુશનુમા માહોલમાં હરવા-ફરવાની સાથે ખાણીપીણીનીનો આનંદ માણી શકશે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલ, નાયબ પો.કમિશનર (ઝોન ૭) શેફાલી બરવાલ, પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા, ડે. કલેક્ટર (પ્રોટોકોલ) એ.પી. ગોહિલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હાઈકોર્ટ સહિત
પહેલા પાનાનું ચાલુ

(SOG)ની ટીમો તાત્કાલિક સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટના પરિસરે પહોંચી ગઈ હતી. બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદથી સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને ફાસ્ટટ્રેક કોર્ટની બિલ્ડિંગમાં સઘન ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા પરિસરના ખૂણેખૂણાની તપાસ કરવામાં આવી હતી જેથી કોઈ અઘટિત ઘટનાને ટાળી શકાય.

### દિલ્હી જેએનયુમાં મોદી,
પહેલા પાનાનું ચાલુ

ખાલિદ અને શરજીલ ઈમામ સાથે આવું એટલા માટે કરવામાં આવી રહ્યું છે કારણ કે તેઓ મુસલમાન છે. ઉમર ખાલિદ અને શરજીલ ઈમામ સાથે અન્યાય થયો છે. SCનો નિર્ણય ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.JNU કેમ્પસમાં ૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ હિંસા ફાટી નીકળી હતી. કેટલાક નકાબપોશ લોકોએ કેમ્પસમાં ઘૂસીને ત્રણ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને નિશાન બનાવ્યા હતા. તેમના પર લાકડીઓ, પથ્થરો અને લોખંડના સળિયા વડે હુમલો કરવામાં આવ્યો હતો. રહેવાસીઓને માર મારવામાં આવ્યો હતો અને બારીઓ, ફર્નિચર અને અંગત સામાન તોડી નાખવામાં આવ્યો હતો.લગભગ બે કલાક સુધી કેમ્પસમાં અરાજકતા ફેલાયેલી રહી, જેમાં JNU Mટુડન્ટ્સ યુનિયનના અધ્યક્ષ આઈશી ઘોષ સહિત ઓછામાં ઓછા ૨૮ લોકો ઘાયલ થયા હતા.દિલ્હી પોલીસ પર પણ કેમ્પસમાં હિંસા કરનારાઓ પર કાર્યવાહી ન કરવા અને FIRમાં ઘોષ સહિત વિદ્યાર્થી સંઘના નેતાઓના નામ હોવા પર પક્ષપાતનો આરોપ લાગ્યો હતો.

હકીકતમાં, ૨૦૨૦માં થયેલા દિલ્હી રમખાણોના કેસમાં શરજીલ ઈમામ ૨૮ જાન્યુઆરી ૨૦૨૦થી અને ઉમર ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૦થી જેલમાં છે. સુપ્રીમ કોર્ટે ૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ઉમર અને શરજીલની જામીન અરજી ફગાવી દીધી. કોર્ટે બંનેને આ કેસમાં એક વર્ષ સુધી નવી જામીન અરજી દાખલ કરવા પર પણ રોક લગાવી દીધી છે.તેમણે દિલ્હી હાઈકોર્ટના તે આદેશને પડકાર્યો હતો, જેમાં ૨૦૨૦ના દિલ્હી રમખાણો સંબંધિત કેસમાં તેમને ગેરકાનૂની પ્રવૃત્તિ (પ્રતિબંધ) અધિનિયમ (UAPA) હેઠળ જામીન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.ઉમર જામીન માટે નીચલી અદાલતથી સુપ્રીમ કોર્ટ સુધી ૬ વખત અરજી કરી ચૂક્યો છે. દિલ્હીમાં ફેબ્રુઆરી, ૨૦૨૦માં હિંસા ફાટી નીકળી હતી. જેમાં ૫૩ લોકોના મોત થયા હતા. ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ૭૫૦થી વધુ FIR નોંધવામાં આવી હતી.

### રાજસ્થાન, એમપીમાં કાતિલ
પહેલા પાનાનું ચાલુ

તાપમાન શૂન્યથી લગભગ ૧૦ ડિગ્રી નીચે પહોંચી ગયું. જેના કારણે તળાવો, ઝરણાં અને નદીઓની નાની ધારાઓમાં પાણી જામી ગયું.

દિલ્હી એરપોર્ટે ધુમ્મસને કારણે મંગળવારે સવારે ૬ વાગ્યે મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરી. તેમાં મુસાફરોને ફ્લાઈટ્સના રિયલ-ટાઈમ ટ્રાવેલ અપડેટ્સ તપાસવા માટે કહેવામાં આવ્યું છે. એરપોર્ટ પ્રશાસને જણાવ્યું કે હવામાનની સ્થિતિને કારણે ફ્લાઈટ્સના સંચાલન પર અસર પડી શકે છે.

ઈન્ડિગો એરલાઈન્સે પણ મુસાફરો માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. એરલાઈન અનુસાર, દિલ્હી, અમૃતસર, ભોપાલ, ચંદીગઢ, ગુવાહાટી, વારાણસી, રાંચી અને હિંદન એરપોર્ટ પર ઓછી વિઝિબિલિટી અને ધુમ્મસને કારણે ફ્લાઈટ શેડ્યૂલને અસર થઈ શકે છે.

### પેટ્રોલ ડિઝલના
પહેલા પાનાનું ચાલુ

આર્થિક વિકાસને નવી ગતિ આપશે. તેમજ ટેકનિકલ અને એનાલિસિસ પણ આ જ દિશામાં સંકેત આપે છે.

ભારતીય ક્રૂડ ઓઈલની વર્તમાન કિંમતો ૫૦ અને ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજથી નીચે ચાલી રહી છે, જે સ્પષ્ટપણે સૂચવે છે કે ભવિષ્યમાં ઓઈલના ભાવમાં હજુ પણ મોટો ઘટાડો જોવા મળી શકે છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લે માર્ચ ૨૦૨૪માં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ત્યારથી અત્યાર સુધી કિંમતો સ્થિર છે. હાલમાં દિલ્હીમાં પેટ્રોલ રૂ.૯૪.૭૭ અને ડીઝલ રૂ.૮૭.૬૭ પ્રતિ લિટર મળી રહ્યું છે. તેમજ ગુજરાતમાં પેટ્રોલ રૂ.૯૪.૬૩-રૂ.૯૫ પ્રતિ લિટર અને ડીઝલ રૂ.૯૦.૩૦ - રૂ.૯૦.૬૭ પ્રતિ લિટર મળી રહ્યું છે.

### બાંગ્લાદેશમાં
પહેલા પાનાનું ચાલુ

બાંગ્લાદેશમાં ૪૪ વર્ષની એક હિન્દુ વિધવા મહિલા પર ગેંગરેપ કરવામાં આવ્યો. આરોપીઓએ રેપ કર્યા બાદ તેને ઝાડ સાથે બાંધીને માર માર્યો. આ ઘટના બાંગ્લાદેશના ઝેનાઈદહ જિલ્લાના કાલીગંજ વિસ્તારમાં બની. પોલીસે આ મામલે એક આરોપીની ધરપકડ કરી છે અને બાકીના આરોપીઓની શોધખોળ ચાલુ છે.

પીડિત મહિલાએ સોમવારે બપોરે કાલીગંજ પોલીસ સ્ટેશનમાં ૪ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે જે એક આરોપી હસન (૪૫ વર્ષ) ને કસ્ટડીમાં લીધો છે, તે તે જ વિસ્તારના એક ગામનો રહેવાસી છે.

આરોપ છે કે આ દરમિયાન મહિલાના વાળ કાપી નાખવામાં આવ્યા, તેની સાથે મારપીટ કરવામાં આવી અને આખી ઘટનાનો મોબાઈલથી વીડિયો બનાવવામાં આવ્યો.

### લાંબા સમયથી
પહેલા પાનાનું ચાલુ

તેઓ ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA)ના અધ્યક્ષ હતા. ૨૦૧૦માં દિલ્હીમાં યોજાયેલા ગ્લોબલ ઈવેન્ટ કોમનવેલ્થ ગેમ્સની આયોજન સમિતિના ચેરમેન પણ હતા. કલમાડીએ રેલવે રાજ્યમંત્રી તરીકે પણ સેવા આપી હતી.

જોકે, કોમનવેલ્થ ગેમ્સમાં ભ્રષ્ટાચારના આરોપોને કારણે તેઓ વિવાદોમાં પણ ઘેરાયા હતા. CWG કોન્ટ્રાક્ટ્સને લઈને ૧૫ વર્ષ લાંબી કાનૂની લડાઈ પછી ૨૦૨૫માં અદાલતોએ ક્લોઝર રિપોર્ટ સ્વીકારી લીધો હતો.રાજકારણમાં આવતા પહેલા સુરેશ કલમાડી ભારતીય વાયુસેનામાં પાયલટ રહી ચૂક્યા છે. કલમાડીએ રેલ રાજ્ય મંત્રી તરીકે કામ કર્યું હતું.કોમનવેલ્થ ગેમ્સમાં ભ્રષ્ટાચારના આરોપોને કારણે કલમાડી પણ વિવાદમાં ફસાયા હતા. ઝઉ્ય કોન્ટ્રાક્ટ અંગેનો કેસ ૧૫ વર્ષ સુધી ચાલ્યો. એપ્રિલ ૨૦૨૫માં, દિલ્હીની એક કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના ક્લોઝર રિપોર્ટને સ્વીકાર્યો. કલમાડી, તત્કાલીન સેક્રેટરી જનરલ લલિત ભાનોટ અને અન્ય લોકો પર મની લોન્ડરિંગનો

આરોપ મૂકવામાં આવ્યો હતો. કલમાડી અને અન્ય ઘણા લોકો પર ગેમ્સ માટેના બે મુખ્ય કોન્ટ્રાક્ટ આપવામાં ભ્રષ્ટાચારનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

### ઈરાનમાં જનતાનો હિંસક
પહેલા પાનાનું ચાલુ

લગભગ ૨૦ લોકોની ટીમ સાથે તેહરાન છોડી શકે છે.રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ખામેનીના 'પ્લાન બી'માં તેમના નજીકના સહયોગી અને પરિવારના સભ્યો સામેલ છે. આમાં તેમનો પુત્ર મોજતબા પણ છે, જેને તેમનો ઉત્તરાધિકારી માનવામાં આવે છે.

ઈરાનમાં આઠ દિવસથી પ્રદર્શનો ચાલુ છે. માનવાધિકાર કાર્યકર્તાઓના રિપોર્ટ અનુસાર, અત્યાર સુધીમાં ૭૮ શહેરોના ૨૨૨થી વધુ સ્થળોએ પ્રદર્શનો થઈ ચૂક્યા છે. આમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા છે, જેમાંથી ત્રણ બાળકો છે. જ્યારે, ૪૪ સગીરોની ધરપકડ કરવામાં આવી છે.

ખામેની અનેક ચેરિટેબલ ફાઉન્ડેશનો દ્વારા અબજો ડોલરની સંપત્તિ પર નિયંત્રણ રાખે છે. તેમાં 'સેતાદ' નામની સંસ્થા મુખ્ય છે, જેની કિંમત અગાઉ પણ અનેક અબજ ડોલર આંકવામાં આવી છે.

રિપોર્ટમાં એ પણ કહેવામાં આવ્યું છે કે શાસન સાથે જોડાયેલા અનેક વરિષ્ઠ નેતાઓના સંબંધીઓ પહેલાથી જ અમેરિકા, કેનેડા અને ખાડી દેશોમાં રહી રહ્યા છે.

ગુપ્ત સૂત્રો અનુસાર, આ યોજના હેઠળ વિદેશોમાં સંપત્તિઓ, પ્રોપર્ટી અને રોકડ પહેલેથી જ સુરક્ષિત કરી લેવામાં આવી છે, જેથી જરૂર પડ્યે તરત જ દેશ છોડી શકાય.

### લગ્ન જીવનમાં પણ
પહેલા પાનાનું ચાલુ

કેસની સંવેદનશીલતાને ખ્યાલમાં રાખી નિરીક્ષણ વ્યક્ત કર્યુ હતું કે આપણે સમજી શકીએ છીએ કે આપણી વર્તમાન સામાજીક સ્થિતિમાં કોઈ મહિલા આ પ્રકારના અત્યંત સંવેદનશીલ મુદ્દા પર જ્યાં સુધી તેની સહનશક્તિની બહારની સ્થિતિ બને નહી ત્યાં સુધી જાહેરમાં આવે નહી.

હાઈકોર્ટે નોંધ્યુ કે અરજદાર (જામીન અરજી કરનાર)ના બીજા લગ્ન છે. પ્રથમ પત્નીએ પણ આ પ્રકારના આરોપો તે સમયે કર્યા હતા અને પત્ની સાથેના શારીરિક-માનસીક અપરાધ અત્યંત ગંભીર પ્રકારના છે. ૨૦૨૨માં ગુરૂગ્રામ સ્થિત એક છુટાછેડા લીધેલા વ્યાપારી સાથે આ મહિલા સંપર્કમાં આવ્યા હતા અને લગ્ન કર્યા હતા પણ આ પ્રકારના અત્યાચારની પ્રથમ ફરિયાદ ગત વર્ષ જ એપ્રિલમાં નોંધાઈ હતી.

### તમામ ટ્રેડ
પેજ-૨ પાનાનું ચાલુ

હતો. જેનાથી તેમના અહમને (ઈગો) ઠેસ લાગી હતી. જેથી મનપાના તમામ યુનિયનો વિરુધ્ધ બદલાની ભાવનાથી કાર્યવાહી કરવામાં આવી રહી છે. IAS કક્ષાના અધિકારીને જરાય શોભતું નથી.

સુરત મહાનગરપાલિકામાં છેલ્લા ૭૦ વર્ષથી કાર્યરત સુધરાઈ મઝદુર યુનિયન (લાલ વાવટા) સુરતના પ્રમુખ વિજય શેણમારેએ નિધિ મેડમને ખુલ્લો પડકાર કર્યો છે કે જો તમામ યુનિયનો ગેરકાયદે છે તો તેના પુરાવાઓ જાહેર કરી યુનિયનોને આપી પુરવાર કરે.

કામદારોની ટ્રેડ યુનિયન પ્રવૃત્તિમાં ચંચુપાત, હસ્તક્ષેપ કરવાનો સુરત મહાનગરપાલિકાને કોઈ હક્ક અધિકાર નથી.આવુ કૃત્ય કરવું તે ગેર વ્યાજબી મજૂર પ્રથા ગણાય તે નિધિ મેડમે ધ્યાનમાં લેવાની જરૂર છે.

વધુમાં કામદાર નેતા વિજય શેણમારેએ જણાવ્યું છે કે સુરત મનપમાં કાર્યરત તમામ ટ્રેડ યુનિયનો ધી ઈન્ડિયન ટ્રેડ યુનિયન્સ એક્ટ ૧૯૨૬ હેઠળ નોંધાયેલા છે. માન્ય રજીસ્ટર્ડ છે ટ્રેડ યુનિયન્સ એક્ટ હેઠળના રજીસ્ટ્રાર ધ્વારા આપવામાં આવેલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટની નકલો સુરત મનપાને આપવામાં આવેલી જ છે.

ધી ઈન્ડિયન ટ્રેડ યુનિયન્સ એક્ટ ૧૯૨૬ હેઠળના સક્ષમ એથોરીટી એવા સુરતના રીજીયનના નાયબ શ્રમ આયુક્ત અને ડેપ્યુટી રજિસ્ટ્રારે પણ સુરત મહાનગરપાલિકાને કોર્પોરેશનના ગેરકાયદે કે અન રજીસ્ટર્ડ છે તેવું લેખિતમાં જણાવેલ નથી. શ્રી વિજય શેણમારેએ વધુમાં જણાવ્યું છે કે સુરત મહાનગરપાલિકા સરકારી કે અર્ધસરકારી સંસ્થા નથી. તેમાં કામ કરતા અધિકારીઓ કે કામદાર કર્મચારીઓ સરકારી નોકર નથી. સુરત મહાનગરપાલિકા પણ એક ઈન્ડસ્ટ્રી છે. અને તે GPMC એક્ટ તથા I.D. એક્ટ હેઠળ રચાયેલી સંસ્થા છે. સુરત મહાનગરપાલિકા એક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે. જેનો વહીવટ સરકાર ધ્વારા નહી પણ ચૂંટાયેલી પાંખ, સ્ટેન્ડિંગ કમિટી અને જનરલ બોર્ડ ધ્વારા કરવામાં આવે છે. મનપાના કામદાર કર્મચારીઓની ભરતી અને નિમણૂક પણ કોર્પોરેશને બનાવેલા નોકરીના ભરતી અંગેના રૂલ્સ એન્ડ રેગ્યુલેશન મુજબ કરવામાં આવે છે. GPMC કલમ ૫૬ (૨) હેઠળ શિક્ષા બાબતે જોગવાઈ કરવામાં આવેલી છે. સરકારશ્રીના શિક્ષા અંગેના કોઈ નિયમો લાગુ પડતા નથી.

ગુજરાત રાજ્ય સરકારમાંથી આવેલા ડેપ્યુ. મ્યુનિ. કોર્પોરેશન (ડેપ્યુટેશન) નિધિ સિવાયે સુરત મહાનગરપાલિકામાં ઔદ્યોગિક અશાંતિ ઉભી કરી યુનિયનોને ખોટી રીતે બદનામ કરવાની કોશિશ કરી છે. તથા ટ્રેડ યુનિયન પ્રવૃત્તિમાં ગેરકાયદે હસ્તક્ષેપ કર્યો છે. જેના માટે સુરત કોર્પોરેશનના સિનિયર નેતા વિજય શેણમારેએ ગુજરાત રાજ્ય સરકારને પત્ર પાઠવી નિધિ મેડમને પાછા સરકારમાં બોલાવી લેવા માંગણી કરી છે.

### શિક્ષક રાજેશ
પેજ-૨ પાનાનું ચાલુ

સંવર્ધન, સામાજિક કાર્યો વગેરે અનેક ક્ષેત્રોમાં પ્રદાન કરી રહ્યા છે. તેઓ સુરત મહાનગરપાલિકા સંચાલિત મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ક્ર. ૨૭૨, નાના વરાછામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. પી.ટી.સી.ના અભ્યાસ દરમિયાન એમણે શ્રેષ્ઠ શાળાનિર્માણનું સ્વપ્ન જોયું, જે અહીં સમગ્ર શાળાપરિવારના સહિયારા પ્રયાસોથી સાકાર થયું. અહીં વર્ષ ૨૦૦૩માં પ્રથમ વર્ષે માત્ર ૨૭૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો, હાલમાં બે પાળીમાં ૩૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સેંકડો વાલીઓ પ્રવેશ માટે ફોર્મ ભરતા હોવાથી ડ્રો કરવો પડે છે. શાળાને વિશિષ્ટ સિદ્ધિ અપાવવામાં સૌ શિક્ષકમિત્રોની સાથે એમનું પણ મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ગણિત અને અંગ્રેજી વિષયના તજજ્ઞ તરીકે 'શિક્ષક સજ્જતા તાલીમ'માં સેવા આપનાર શ્રી રાજેશ ધામેલિયા વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર અને શાળાના વિકાસની અનેકવિધ પ્રેરણાદાયી પ્રવૃત્તિઓની સાથે માતૃભાષા સંવર્ધનનું અનોખું કાર્ય કરે છે. શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ અને ગુજરાત ઉપરાંત દીવ, દમણ, દાદરાનગર હવેલી તેમજ મુંબઈની ગુજરાતી-અંગ્રેજી માધ્યમની શાળાઓના શિક્ષકો માટે ૮૫૦ જેટલા વિવિધ સેમિનાર યોજાયા છે. 'પારિવારિક સ્નેહમિલન', 'વાલી સંમેલન' વગેરેમાં એમનાં વક્તવ્યો યોજાયા છે. ન્યૂયોર્ક-અમેરિકા સ્થિત (મૂળ ગુજરાતી) વિદ્યાર્થીઓ માટે પણ વેબિનાર યોજ્યા છે. આમ, એમનું કાર્ય માત્ર શાળા, જિલ્લા કે રાજ્ય પૂરતું સીમિત ન રહેતા વિશ્વભરમાં વસતા ગુજરાતીઓ સુધી પહોંચ્યું છે. આમ, તેઓ શિક્ષક, લેખક, સંપાદક, વક્તા એમ બહુમુખી પ્રતિભા ધરાવે છે. એમનાં અનેકવિધ કાર્યોની નોંધ લઈને અનેક સંસ્થાઓએ એમને બિરદાવ્યા છે. મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ. પૂ. આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના વરદ હસ્તે "સાહિત્ય સુધાકર ઍવૉર્ડ", વિશ્વ વંદનીય સંત શ્રી મોરારિબાપુના વરદ હસ્તે "શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ પારિતોષિક", મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે "રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક" પ્રાપ્ત થયાં છે. આ ઉપરાંત 'ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ', 'માતૃભાષાના શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ', 'સિસ્ટર નિવેદિતા શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ', 'વિશિષ્ટ સેવા ઍવૉર્ડ', 'સુરત જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ', 'શિક્ષક સજ્જતા ઍવૉર્ડ', 'અચલા શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ', 'સેવા સન્માન ઍવૉર્ડ', 'ગુરુકુલ જ્ઞાનજ્યોતિ ઍવૉર્ડ', 'માતૃભાષા સંવર્ધન પારિતોષિક' વગેરે ઍવૉર્ડથી વિવિધ સંસ્થાઓએ એમને સંમાનિત કર્યા છે.

### ગ્રામ્ય વિસ્તારોના
પેજ-૨ પાનાનું ચાલુ

ધરાશેકે કેમ ? એ બાબતે પ્રશ્નો ઉપસ્થિત થઈ રહ્યા છે. વધુમાં ટેન્ડર મુજબ ફરજિયાત GPS ટ્રેકિંગ, CCTV મોનિટરિંગ અને વેઈબ્રિજ એન્ટ્રી કરવાની હોય છે. છતાં GPS / CCTV / વેઈબ્રિજ અને મેદાની હકીકત વચ્ચે સ્પષ્ટ વિસંગતિ જણાય છે, જે systemic failure સૂચવે છે. જેથી છેલ્લા ૩ વર્ષના GPS / RFID trail, CCTV footage, weigh-bridge logs, GST / financial trail તથા trip recrods નું સ્વતંત્ર froensic audit કરી સત્યતાની તપાસ થવી જોઈએ.

### શ્રી પુરષોતમ
પેજ-૨ પાનાનું ચાલુ

તાલીમ, બાહ્યપરીક્ષાના ચાલતા એક્સ્ટ્રા વર્ગો વગેરે વિષે ખુબજ આકર્ષક રીતે જાણકારી આપી હતી. વાલીશ્રી તથા મહેમાનો દ્વારા દરેક કૃતિને દાન આપીને બાળકોને ખુબ જ પ્રોત્સાહિત કર્યા હતા. રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટરો, દાતાઓ, શિક્ષણસમિતિના સભ્યો, સામાજિક આગેવાન, શિક્ષકસંઘના હોદ્દેદારો, પેતાશાળાનાં આચાર્યશ્રીઓ, નિરીક્ષકો અને વિશાળ સંખ્યામાં સ્થાનિકોએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા. સમગ્ર શાળાપરીવારનાં મિત્રો તથા આચાર્યશ્રીનાં સાથ સહકારથી કાર્યક્રમને ખુબ જ આકર્ષક અને સુંદર બનાવ્યો હતો. અંતમાં રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમ પૂર્ણ કર્યો.

### ૧૫ જેટલી
પેજ-૨ પાનાનું ચાલુ

ગેરંટી સ્કીમ: આ હાઈબ્રિડ મોડલ છે. રિપેનો સમયગાળો ફ્લેક્સિબલ છે અને ૨ વર્ષનો મોરેટોરિયમ ગાળો છે. ત્રીજી છે સ્ટાર્ટ અપ સ્કીમ. ઘણાં સ્ટાર્ટ અપ્સ પાસે ફિઝિકલ એસેટ્સ નથી હોતી. તેમાં બેંકોની સાથે એઆઈએફ (ઓલ્ટર્નેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ) પણ લોન આપી શકે છે. તેમણે આ ત્રણેય યોજનાઓ વિશે સરળ શબ્દોમાં સમજ આપીને બેંકોને પણ કોલેટરલ પર વધુ ભાર ન મૂકવા ટકોર કરી હતી.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે બેંક ઓફ બરોડાના કોર્પોરેટ ઓફિસના ગવર્મેન્ટ પ્રોડક્ટ્સ MSME હેડ શ્રી રાજકુમાર ગોયલે કહ્યું કે સરકારની વિવિધ યોજનાઓને જાહેર ક્ષેત્રની બેંકો સુપેરે આગળ વધારી રહી છે. એમએસએમઈ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. તેમણે બેંકિંગ સેક્ટર દ્વારા MSMEs ને આપવામાં આવતા પ્રોત્સાહન-સુવિધા અને બેંક ઓફ બરોડાની ભૂમિકા-ડિજિટલ જર્ની અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે પરોક્ષ નિકાસકારોને પણ આ સ્કીમનો લાભ લેવા આગળ આવવા હાકલ કરી હતી.

બેંક ઓફ બરોડાના શ્રી ચક્રપાણીએ બેંકની MSME પ્રોડક્ટ વિશે પ્રેઝન્ટેશન આપ્યું હતું. આ પ્રસંગે ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની બેન્કીંગ (કો—ઓપરેટિવ સેક્ટર્સ) કમિટીના ચેરપર્સન ડો. જયના ભકતા, બેન્ક ઓફ બરોડાના સુરત ઝોનના ડીજીએમ બીડી શ્રી નિર્મલ પટેલ, બેન્ક ઓફ બરોડાના સુરત સિટીના ડીજીએમ એન્ડ રિજીયોનલ હેડ શ્રી મુકેશ નવલ, બેન્ક ઓફ બરોડાના સુરત ઝોનના એજીએમ ક્રેડિટ શ્રી વિવેક કુમાર સિંઘ, ઉદ્યોગકારો અને નિકાસકારો ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની બેંકિંગ (નેશનલાઈઝ, પ્રાઈવેટ) કમિટીના કો-ચેરમેન સીએ રાજીવ કપાસિયાવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી વક્તાઓનો પરિચય આપ્યો હતો. સત્ર દરમિયાન 'ઓપન હાઉસ' રાખવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત વક્તાઓએ ૨૦ મિનિટ સુધી નિકાસકારો, ઉદ્યોગસાહસિકોના વિવિધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

### વહેલી સવારે
પેજ-૨ પાનાનું ચાલુ

વર્ષથી નિયમિત રીતે કરવામાં આવી રહ્યું છે, જે આરોગ્ય જાગૃતિ અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રશંસનીય પહેલ છે.

કાર્યક્રમમાં સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા તેમજ અમરેલી જિલ્લાના પોલીસ વડા એસ.પી. શ્રી સંજયભાઈની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મહાનુભાવોએ સાયકલિંગને દૈનિક જીવનનો ભાગ બનાવવાની અપીલ કરી હતી. આ સાયકલોથોન દ્વારા સ્વસ્થ જીવનશૈલી, ફિટનેસ અને સ્વચ્છ પર્યાવરણ અંગે જનજાગૃતિનો સંદેશ લોકો સુધી પહોંચ્યો હતો આ સાયકલોથોનમાં નગરપાલિકા પ્રમુખશ્રી મેહુલભાઈ ત્રિવેદી,શહેર ભાજપ પ્રમુખશ્રી અનિરુધસિંહ રાઠોડ,એ.પી.એમ.સી.ચેરમેનદીપકભાઈ માલાણી,

### કચ્છ જિલ્લાના
પેજ-૨ પાનાનું ચાલુ

સહયોગ વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ પાંચ દિવસીય કાર્યક્રમમાં વિવિધ સંવાદ સત્રો, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને વ્યક્તિત્વ વિકાસને લગતી વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે. જે યુવાનોમાં રાષ્ટ્રીય ભાવનાને વધુ સુદ્રઢ બનાવશે.

આ કાર્યક્રમમાં એસડીઆરએફ-૧૧ (વાવ) ના ડીવાયએસપી શ્રી અનિલ પટેલ તથા માય ભારત ના ઉપનિદેશક શ્રી સચિન શર્મા સહિત દેવીપુજક મનોજ, નિમેષ ગઢમ, સોલંકી કમલ, ઉજ્જવલ પરમાર,જૈવિક રયાની,વૈષ્ણવી રાજપૂત, સંજના પ્રજાપતિ અને ગૌરવ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

### મરીન ટાસ્ક
પેજ-૨ પાનાનું ચાલુ

પેટ્રોલીંગ દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ વ્યકિત, વાહનો, બોટો, અવાવરૂ જગ્યાઓની તપાસ હાથ ધરવામાં આવી હતી.

### છેલ્લા પાનાનું ચાલુ
### સુરત કોર્ટ બિલ્ડિંગ

કરવામાં આવી રહી છે.કોર્ટ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર ગઈકાલે રાત્રિના ૨ વાગ્યાની આસપાસ સુરત જિલ્લા ન્યાયાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઈ-મેઈલ પર આવેલા મેસેજમાં અંગ્રેજીમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હોય આજે સવારે કોર્ટ ઉઘડતા સમયે જ કોર્ટ સ્ટાફને આ ઈ-મેઈલ ધ્યાને આવતા પીડીજે આર.એ.ત્રિવેદીને જાણ કરવામાં આવી હતી. જજ સાહેબે તાત્કાલિક આ અંગે પોલીસને જાણ કરતા ક્રાઈમ બ્રાંચ, એસઓજી સહિતની ટીમો ડોગ સ્કોડ અને બોમ્બ સ્કોડ સાથે કોર્ટ પર પહોંચી ગઈ હતી. પોલીસ દ્વારા કોર્ટ બિલ્ડીંગના અલગ-અલગ ફ્લોર અલગ-અલગ કોર્ટમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. કોર્ટના મેઈન ગેટનો પીડીજે આર.એ.ત્રિવેદીની સુચનાથી બંધ કરી દેવાયો હતો. કોર્ટ સ્ટાફ, વકીલ, સરકારી વકીલ, જજીસ સહિત કોઈપણ ને સુરક્ષાના કારણોસર અંદર પ્રવેશ કરવા દેવાયો ન હતો.


Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૦૬ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સુરત કોર્ટ બિલ્ડિંગમાં બોમ્બની ધમકી મળતા અફરા તફરી

(તસવીર : હનીફ મલેક)








## કોર્ટ બિલ્ડિંગમાં બોમ્બ મુકવામાં આવ્યો હોવાનો ઈ-મેઈલ મળતા ડોગ સ્કવોર્ડ દ્વારા તપાસ

## સવારથી કોર્ટના પ્રવેશ દ્વાર બંધ કરી વકીલો તથા પક્ષકારોને પ્રવેશવા દેવાયા નહીં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં બોમ્બ મુકવામાં આવ્યો હોવાનો ઈ-મેઈલ મળતા જ સુરતનાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશ આર.એ.ત્રિવેદી દ્વારા તાત્કાલીક અસરથી કોર્ટ પરીસરમાં કોર્ટ સ્ટાફ સહિત તમામ વકીલો અને ન્યાયાધીશોને કોર્ટ પરિસરમાં પ્રવેશ નહીં આપવાનું જણાવ્યું હતું. બોમ્બથી કોર્ટને ઉડાવી દેવાની ધમકી અંગે સુરત શહેર પોલીસને આપવામાં આવતા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ બોમ્બ અને ડોગ સ્કોડ કોર્ટ પર પહોંચી ગઇ હતી. જ્યાં સુધી પીડીજે ત્રિવેદી સાહેબનો હુકમ ન થાય ત્યાં સુધી કોર્ટમાં કોઇને પ્રવેશ આપવામાં આવશે નહીં. સવારે કોર્ટ ઉઘડતા સમયે જ કોર્ટ સ્ટાફે મેઈલ ચેક કરતા તેમા આરડીએક્ષથી કોર્ટ સંકુલને ઉડાવી દેવાની ધમકી ભર્યા લખાણ જોવા મળ્યા હતા. જેની તાત્કાલિક જાણ પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ આર.એ.ત્રિવેદીને કરવામાં આવી હતી. સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલે જણાવ્યું હતું કે, આ ઘટનાને પગલે સુરત પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજ આર.એ.ત્રિવેદીએ સૂચના આપી હતી કે, બપોરે ત્રણ વાગ્યા સુધી વકીલો તેમજ પક્ષકારોને કોર્ટમાં હાજર નહીં રહેવા જણાવ્યું હતું. બપોર પછી આગળની પરિસ્થિતિ જોઈને જજ સાહેબ તરફથી આગળની સૂચના આપવામાં આવશે.

બોમ્બ અને ડોગ સ્કોડ દ્વારા સુરત કોર્ટમાં તપાસ

અનુસંધાન પાના ૭ પર

### ગઈકાલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટને ધમકી મળી હતી

સુરત કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ઈ-મેઈલ મળ્યા પહેલા ગઈકાલે અમદાવાદની ગ્રામ્ય કોર્ટને પણ ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઈ-મેલ મારફતે અમદાવાદ ગ્રામ્ય કોર્ટને ઉડાવી દેવાની ધમકી મળતા ડોગ અને બોમ્બ સ્કોડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસની અલગ-અલગ ટીમોએ ત્રણ કલાક સુધી તપાસ કરી હતી જોકે કોઈ મળી આવ્યું ન હતું.

### બપોર સુધી કોર્ટ કામગીરી બંધ છે : નયન સુખડવાલા



મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયનસુખડવાળાએ માઈકમાં કોર્ટના મેઈન ગેટથી વકીલો તેમજ પક્ષકારોને જણાવ્યું હતું કે, પ્રિન્સીપાલ એન્ડ ડિસ્ટ્રીક્ટ જજના આદેશ મુજબ કોર્ટની કામગીરી હાલ પુરતી બંધ રખાઈ છે. આજે બપોર બાદ ફર્ધર ઈન્સ્ટ્રકશન આવ્યા બાદ કોર્ટમાં પ્રવેશ બાબતે નિર્ણય લેવાશે. ટ્રાફીક તેમજ લોકોની સુરક્ષા જોતા કોર્ટમાં પ્રવેશબંધી રાખવામાં આવી છે. કોર્ટના જે કેસ છે તેને કોઈ નુકશાન થશે નહીં કેસ તેના સ્ટેજ પર રહેશે.

## સુરતના તાપમાનમાં અઢી ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો

### મોડી રાત્રે અને વહેલી સવારે ઠંડીની અસર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

શહેરમાં ઠંડીની અસર આજે સવારે વધુ જોવા મળી હતી. સવારના સમયે લઘુત્તમ તાપમાનનો પારો ૨ ડિગ્રી ગગડી જતા ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ધુમ્મસ છવાયેલું વાતાવરણ રહેવા સાથે શહેરનું લઘુત્તમ તાપમાન ૧૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા જ્યારે દરિયાની સપાટી પર હવાનું દબાણ ૧૦૧૭.૮ મિલીબાર નોંધાયું હતું. ગઈકાલે મહત્તમ તાપમાનનો પારો ૩૦.૮ સેલ્યિસ ડિગ્રી રહ્યો હતો.

મહત્તમ તાપમાન ગત રવિવારથી ૧ ડિગ્રી વધ્યું છે. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં શનિ-રવિ અને સોમવારે ૨-૨ ડિગ્રીની વધઘટ થઇ હોવાનું હવામાન વિભાગ પાસેથી જાણવા મળ્યું છે. શનિવારે સુરત શહેરનું લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી હતું જે રવિવારે એક ડિગ્રી ઘટીને ૧૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. ફરી ગઈકાલે બે ડીગ્રી વધીને લઘુત્તમ તાપમાન ૧૭.૪ સેલ્યિસ ડિગ્રી હતું જે આજે સવારે ૨ ડિગ્રી ગગડીને ૧૫ સેલ્યિસ ડિગ્રી નોંધાતા ઠંડીની અસર સવારના સમયે વધુ જોવા મળી હતી. સ્કુલ-કોલેજ જતા વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ સહિત મોટા ભાગના લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડ્યા હતા.

## ઘરમાં ઘૂસી આવેલા યુવાને મહિલાને પકડી કીસ કરી લીધી

### ઘર પાસે રહેતા યુવકની હરકતથી મહિલા ભયભીત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

કાપોદ્રા વિસ્તારમાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા ૩૦ વર્ષિય યુવાને તેના ઘર નજીક રહેતી એક મહિલા ઘરમાં એકલી હોય તે સમયે ઘરમાં પ્રવેશ કરી મહિલાનો હાથ પકડી લઈ તેને બળજબરીથી કીસ્સ કરી લીધી હતી. આ મામલે મહિલા દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

કાપોદ્રા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ જુનાગઢ જિલ્લાના ભેંસાણ ગામનો વતની અને હાલ કાપોદ્રા ઈશ્વરકૃપા સોસાયટીમાં રહેતા રાકેશ દિપક પાનસુરીયા (ઉ.વ.30)એ કાપોદ્રા વિસ્તારમાં રહેતી એક મહિલા તેના ઘરે એકલી હોય તે જાણી ગઈકાલે રાત્રિના ૮ વાગ્યાની આસપાસ મહિલાના ઘરમાં પ્રવેશ કરી જઈ તેનો હાથ પકડી લઈ બળજબરીથી કિસ્સ કરી લીધી હતી. આ મામલે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

## પાટીદાર કિશોરીને ભગાડી જનાર યુવકને બોટાદથી સુરત લવાયો

### પોલીસે આરોપી અરવિંદ પંચાસરાને સાથે રાખી અપહરણની ઘટનાનું રિકન્સ્ટ્રકશન કર્યુ

(તસવીર : હનીફ મલેક)



**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

પાટીદાર સમાજની તરૂણીનું અપહરણ કરી જનાર આરોપી બોટાદથી પકડાયા બાદ તેને સુરત લવાયો હતો. દરમિયાન આજે સવારે ક્રાઈમ બ્રાંચ એસીપી કિરણ મોદી અને સ્ટાફ દ્વારા આરોપીને ઘટના સ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રકશન કરાયું હતું.

આરોપી અરવિંદ કિશોર પંચાસરા બોટાદના માંડવા ગામના એક તબેલામાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે પુછપરછમાં તેણે કબૂલ્યું હતું કે, પરિણીત હોવા છતાં તેણીને પ્રેમજાળમાં ફસાવી સુરતથી તરૂણીને ભગાડી ભાવનગર, પોરબંદર અને અમરેલીના અલગ અલગ વિસ્તારમાં લઈ ગયો હતો. બોટાદમાં આરોપી પશુઓની રજોવાળી રાખી સરથાણા વિસ્તારમાં લઈ જઈ અપહરણની ઘટનાનું રિકન્સ્ટ્રકશન કર્યુ હતું.

## વ્યાજખોરે રૂા.૭ લાખ પડાવી લેતા પુણા પોલીસમાં ફરિયાદ

### સિક્યુરિટી રૂપે આપેલા ચેક રિટર્ન થતા ધમકી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

પુણા યોગીચોક વિસ્તારમાં રહેતા અને જોબવર્કનું કામ કરતા વેપારીએ મોટા વરાછાના એક વ્યાજ વટાવ પાસેથી લીધેલા રૂ.૨.૫૦ લાખ વ્યાજ સહિત ચુકવી દીધા હોવા છતાં પેમેન્ટ આપતા સમયે સિક્યુરીટી પેટે લેવાયેલા ચેક રિટર્ન કરાવડાવી બળજબરીથી ૭ લાખ રૂપીયા કઢાવી લીધા હોવાની ફરીયાદ પુણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

પુણા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ભાવનગરના તળાજાના વતની અને હાલ યોગીચોક વૈકુંઠ એપાર્ટમેન્ટમાં રહેતા હિતેશ કાંતીભાઈ ગોહિલ ઉ.વ.૪૫ જોબવર્કના કામકાજ સાથે સંકલાયેલા છે. દરમિયાન સને ૨૦૧૪માં તેમણે વ્યાજ વટાવનું કામ કરતા શામજીભાઈ ઉર્ફે યજ્ઞેશભાઈ બાવીસા ઉ.વ.૪૫ રહે. રાધે રેસીડેન્સી, સુદામા ચોક મોટા વરાછા પાસેથી રૂ.૨.૫૦ લાખ માસીક ૨૫ ટકાના વ્યાજ દરે ટુકડે ટુકડે લીધા હતા.

આ રકમ લેતા સમયે સિક્યુરીટી પેટે બળજબરીથી હિતેશ ગોહીલ પાસે ચેક લખાવી લેવાયા હતા. દરમિયાન વ્યાજે લીધેલી રકમ સામે ૭ લાખ બળજબરી કઢાવી લઈ વધુ રૂપીયાની માંગણી કરી ચેક રિટર્નના કેસ કર્યા હતા. આ અંગે ગઈકાલે જોબવર્ક વેપારી હિતેશ ગોહીલ દ્વારા પુણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

## ડબગરવાડના પતંગ બજારમાં ખરીદી કરવા પતંગ બાજોની ભીડ

### ઉત્તરાયણના તહેવાર સંદર્ભે બજારમાં ભારે ખરીદી નિકળી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**



ઉતરાણના તહેવારને એક જ અઠવાડીયું બાકી રહ્યું છે ત્યારે શહેરમાં ભાગળ ખાતે આવેલા પતંગ-માંજાના મુખ્ય બજાર ગણાતા ડબગરવાડ ખાતે પતંગ અને માંજો તૈયાર કરાવવા માટે પતંગ રસીકોની ભીડ ઉમટવાનું શરૂ થઈ ગયું છે. વિવિધ વેરાઈટીઝની દોરી તૈયાર કરવા માટે રીતસરની લાઈનો લાગી રહી છે. વર્ષો જુના ડબગરવાડમાં પતંગ માંજાના ખાસ કારીગરો દ્વારા દોરી તૈયાર કરવામાં આવતી હોય છે ત્યારે ઉતરાણને હવે એક અઠવાડીયાનો જ સમય બાકી રહ્યો હોય સવારથી મોડી રાત્રિ સુધી ડબગરવાડ સહિત એર ઈન્ડીયા રોડ ભાગળ આસપાસના વિસ્તારોમાં પતંગ માંજાની ખરીદી ઉપડી છે.

મકરસંક્રાંતિના તહેવારની શહેરમાં ધામ ધુમ પુવર્ક ઉજવણી કરવામાં આવે છે. મકરસંક્રાંતિના દિવસે વહેલી સવારથી જ પતંગ રસીકો ટેરેસ પર ખુલ્લા ગ્રાઉન્ડ પર પહોંચી જતા હોય છે અને પતંગ ઉડાડવાનો આનંદ માણતા હોય છે. સુરત શહેરમાં દર વર્ષે મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી બે દિવસ સુધી ચાલતી હોય છે. રાત્રિના સમયે કેટલાક લોકો આતાશબાજી પણ કરતા હોય છે. પતંગ માંજાના તહેવારમાં આતાશબાજીનો પણ છેલ્લા થોડા વર્ષોથી ટ્રેન્ડ ચાલી રહ્યો છે.

૧૪ જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિનો તહેવાર હોય સુરત શહેરમાં પતંગ-દોરાના મુખ્ય બજાર ગણાતા ડબગરવાડ ખાતે શહેરીજનોની ભીડ જોવા મળી રહી છે. વિવિધ કલરની દોરી તૈયાર કરાવવા તેમજ પતંગની અલગ-અલગ વેરાઈટીઝ બજારમાં ઉપલબ્ધ હોય પતંગમાં પણ નીત નવા ટ્રેન્ડ જોવા મળે છે.

## ઉત્તરાયણ તહેવાર સંદર્ભે સુરત જિલ્લામાં વિવિધ પ્રતિબંધ લાગુ

### સુરત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

સુરત, તા.૬

આગામી ઉત્તરાયણ તહેવારને ધ્યાને લઈ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વિજય રબારીએ એક જાહેરનામા દ્વારા સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવ્યા છે. જે અનુસાર સુરત ગ્રામ્યમાં કોઇ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ફૂટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર, પતંગ ચગાવવા વપરાતી નાયલોન, સેન્થટીક મટીરીયલ, સેન્થેટીક પદાર્થથી કોટેડ કરેલી કે નોન-બાયોગ્રેડીબલ ચાઈનીઝ દોરી મેળવવા/સંગ્રહ/વેચાણ અને પતંગ ચગાવવા પર કે કપાયેલ પતંગ/દોરી પકડવા પર, લોખંડનો પાઉડર કે કાચનો ભુકો/પાઉડર સહિતના નુકશાનકારક પદાર્થ ચઢાવી બનાવેલા દોરા મેળવવા પર, સેન્થેટીક મટીરીયલ કોટીંગ થ્રેડ ખરીદવા/સંગ્રહ/વેચાણ/ઉપયોગ/ઉત્પાદન કરવા કે તેનાથી પતંગ ચગાવવા/ઉડાવવા પર, ઓનલાઈન વેચાતા ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટિક દોરી/ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન(તુક્કલ) વેચવા/આયાત પર, સવારના ૦૬થી ૦૮ વાગ્યા દરમિયાન પતંગ ઉડાવવા પર, રેલ્વેટ્રેક નજીક તથા ઉપરથી પતંગ ઉડાવવા પર, ચાઈનીઝ તુક્કલ ઉડાવવા/ ખરીદવા,/આયાત/વેચાણ/કબજા કે સંગ્રહ કરવા પર તેમજ લોકોને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર અને લોકોની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ જાહેરનામું પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર સહિતના કુદરતી ઘટકોની મદદથી કોટિંગ કરેલો ઓછી તિક્ષ્ણ-શક્તિ ધરાવતો કોટનનો સંપૂર્ણપણે તૂટી શકે તેવો, પરંપરાગત રીતે બનાવાતા તથા તમામ બાયો-ડિગ્રેડેબલ પદાર્થો વાળો માંજો તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% કે તેથી ઓછો, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે, પરંતુ, તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોય તેવો કોટનનો માંજો/દોરી વાપરવા પર અમલ કરાશે નહીં. આ જાહેરનામાનો તા. ૧૬/૧/૨૦૨૬ સુધી અમલ કરાશે અને તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## મહિલાને છૂટાછેડા લેવડાવી યૌન શોષણ કરી યુવાને તરછોડી દીધી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

અલથાણ ખાતે લગ્નની લાલચ આપી મહિલાના છુટાછેડા કરાવ્યા બાદ તેની સાથે યોન શોષણ કરી કતારગામના યુવકે બાદમાં તરછોડી દેતા મહિલાએ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતીફરિયાદની વિગત એવી છે કે અલથાણ ખાતે રહેતી મહિલાએ અલથાણ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ઓગસ્ટ-૨૦૨૩ થી ગત તા. ૩૧/૧૨/૨૦૨૫ દરમિયાન આરોપી હિરેન રમેશભાઈ આંબલીયા(રહે કતારગામ)એ મને (ભોગ બનનાર, ઉંમર ૨૮) લગ્ન કરવાની લાલચ આપી વિશ્વાસમાં લીધી હતી. આરોપી હિરેને મારા પતિ સાથે મારા છુટાછેડા કરાવી નાખ્યા હતા અને ત્યારબાદ લગ્નનું ખોટું વચન આપી મને સુરત શહેરની અલગ-અલગ હોટલોમાં લઈ ગયો હતો. ત્યાં મારી સાથે અવાર-નવાર શારીરિક સંબંધ બાંધી પર બળાત્કાર ગુજાર્યો હતો.આરોપીએ લગ્નના વાયદા કરી છેતરામણી કરી છે અને મારી લાચારીનો લાભ ઉઠાવી શારીરિક શોષણ કર્યું છે. અલથાણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી

## યુવતીની સગાઈ તોડાવી નાંખવા સોશિયલ મીડિયામાં ખોટી બદનામી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૬**

કતારગામ ખાતે યુવતીની સગાઈ તોડાવી નાખવાના ગર્ભિત ઈરાદાથી એક પરિવારે યુવતીની ખોટી બદનામીવાળી ટિપ્પણી સોશિયલ મીડિયા ઉપર વાયરલ કરતા મામલો કતારગામ પોલીસ સ્ટેશનને પહોંચ્યો હતો. યુવતીના પરિવારે કતારગામ પોલીસ સ્ટેશનમાં બદનામી કરનાર પોતાના સમાજના જ એક પરિવાર સામે બદનક્ષીની ફરિયાદ નોંધાવી હતી.કતારગામ ખાતે રહેતા એક પરિવારની યુવતીની સગાઈ થઈ હતી. આ યુવતીની સગાઈ તોડાવી નાખવા માટે કતારગામમાં જ રહેતા સમાજના જ એક પરિવારે કાવતરું ઘડ્યું હતું. આરોપી પરિવારના દીકરાએ instagram ઉપર બે અલગ અલગ એકાઉન્ટ બનાવ્યા હતા. યુવતી ચારિત્ર્યહિન છે તેવી ખરાબ અને ખોટી માહિતી આ એકાઉન્ટ મારફતે વાઈરલ કરી હતી. ઉપરાંત યુવતીની જે યુવક સાથે સગાઈ થઈ હતી. તેની ઉપર પણ યુવતીની બદનામી થાય અને સગાઈ તૂટી જાય તે માટે યુવતીના મંગેતરના સોશિયલ મીડિયા ઉપર પણ ખોટી પોસ્ટ મૂકવામાં આવી હતી.

**જાહેર નોટીસ**

શહેર સુરતના મોજે મજુરાના રે.સ.નં.૧૬૬ પૈકી (નં.૧૬૭ પૈકી ૧) માં આવેલ શ્રી દ્વારકેશ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસ સોસાયટી લિ. (રજી.નં. ઉ-૧૧૫૬, તા. ૧૨/૩/૧૯૭૩) માં આવેલા શેડો પૈકી શેડ નં. એ-૬ વાળી મિલકત, સોસાયટીના દફતરે શાંતિલાલ ચંપકલાલ ચોરાવાલાના નામે ચાલી આવેલ છે. સોસાયટીએ તેઓને શેર સર્ટીફીકેટ નં. ૨૮૨, સભાસદ નં. ૩૫૨, શેર રજી.નં. ૬૦૦, ખાતા નં. ૮૮, શેર નં. ૨૪૫૬ થી ૨૪૬૫ થી ફાળવી આપેલ હતા. જે ઓરીજીનલ શેર સર્ટીફીકેટ ખોવાઈ ગયેલ /ગેરવલ્લે થયા હોવાનું જણાવી સોસાયટી પાસે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ છે. આથી ઉપરોકત શેર સર્ટીફીકેટો જે કોઈના કબજા-ભોગવટામાં, કોઈપણ કારણોસર ચાલી આવેલ હોય, કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો યા ઈઝમેન્ટ, લીયન, ચાર્જ, બોજો વિગેરેના હકકો હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૫ ની મુદતમાં, પોતાના હકક-દરદાવા સંબંધી લેખિત પુરાવા સહિત સોસાયટીની ઓફિસમાં રજૂ કરવા. નહિતર મુદત વિત્યે, કોઈપણ વ્યકિતને કે સંસ્થાનો કોઈપણ હકક, હિત નથી અને તેવા હકક હોય તે જતા કર્યા છે તેમ સમજી, સોસાયટી શાંતિલાલ ચંપકલાલ ચોરાવાલાને, તેમની માંગણી મુજબના ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરશે. પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તકરારોને અવકાશ રહેશે નહીં. જેની આથી સ્પષ્ટ અને ગંભીર નોંધ લેવી.

હમારી સૂચના અને સહીથી-
૧૬, નિકુંજ સોસાયટી, કદમપલ્લી સામે,
ટીમલીયાવાડ, નાનપુરા, સુરત.
મો.નં.૯૮૨૫૫૬૬૧૫૦

મારી મારફત :
આશિષ એ. શાહ
તે દ્વારકેશ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસ
સોસાયટી લિ.ના એડવોકેટ